સુવિચાર

યુદ્ધ ભલે મેદાનનું હોય કે મનનું... ઘવાયા વિના માણસ ઘડાતો નથી...

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ

RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT

RAJKOT/639/2025-2027 RMS-RJT

POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક

શહેર આવૃત્તિ પાનાઃ ૧૪

તા. ૧૧-૩-૨૦૨૬, બુધવાર

વર્ષઃ ૧૫, અંક : ૩

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia







### આર્થિક વોરમાં ભારતની સર્વોપરિતા સાબિત થઈ

# અમેરિકાના ૫૦ વર્ષના ઈતિહાસમાં પ્રથમવાર 300 બિલિયન ડોલરનું રોકાણ કરશે રિલાયન્સઃ ટ્રમ્પ

## આ પ્રોજેક્ટ ટેક્સાસના બ્રાઉન્સવિલે પોર્ટ પર આકાર લેશે, જે અમેરિકાના ઈતિહાસનું સૌથી મોટું રોકાણ હશે




**અબતક, નવી દિલ્હી**

અત્યારના યુદ્ધ એ આર્થિક મોરચે લડવામાં આવી રહ્યા છે. દુશ્મન દેશ બીજા દેશમાં લોકોને મારવા યુદ્ધ લડતો નથી. તે તેના અર્થતંત્રને નુકસાન પહોંચાડવા યુદ્ધ લડે છે. આવી સ્થિતિમાં ભારતે પોતાની સર્વોપરિતા સાબિત કરી છે. ભારતના દિગ્ગજ ઉદ્યોગપતિ મુકેશ અંબાણીની કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અમેરિકામાં ૫૦ વર્ષ બાદ બનવા જઈ રહેલી પ્રથમ નવી ઓઈલ રિફાઈનરીમાં ભાગીદાર બનશે. આ ૩૦૦ બીલીયન ડોલરનો એક વિશાળ પ્રોજેક્ટ છે, જે અમેરિકાના ટેક્સાસ રાજ્યમાં આવેલા બ્રાઉન્સવિલે પોર્ટ પર આકાર લેશે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ અંગેની સત્તાવાર માહિતી આપી હતી અને તેને અમેરિકાના ઈતિહાસનું સૌથી મોટું રોકાણ ગણાવ્યું હતું.

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર એક પોસ્ટ શેર કરીને આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટની જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે આ નવી રિફાઈનરી 'અમેરિકા ફર્સ્ટ રિફાઈનિંગ' દ્વારા વિકસાવવામાં આવશે, જેમાં ભારતની સૌથી મોટી ખાનગી ક્ષેત્રની કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ તરફથી રોકાણનો સહયોગ પ્રાપ્ત થશે. ટ્રમ્પે પોતાની પોસ્ટમાં ભારતના ભાગીદારો અને રિલાયન્સનો આ જંગી રોકાણ માટે વિશેષ આભાર માન્યો હતો. જોકે, આ અંગે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધ અને વૈશ્વિક ઉર્જા સંકટ વચ્ચે આ ૩૦૦ બીલીયન ડોલરનું રોકાણ ઘણું મહત્વ ધરાવે છે. આ રિફાઈનરી બ્રાઉન્સવિલે પોર્ટ પર બનશે, જે ગલ્ફ કોસ્ટનું એક મુખ્ય શિપિંગ હબ છે. ડોનાલ્ડ ટ્રમ્પના જણાવ્યા અનુસાર, આ પ્રોજેક્ટ અમેરિકાના સ્થાનિક બજારોને ઈંધણ પૂરું પાડશે અને સાથે જ વૈશ્વિક બજારમાં અમેરિકાની ઉર્જા નિકાસને પણ વેગ આપશે. તેનાથી

(અનુ. આઠમા પાને)

### સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં ફસાયેલા ૩૮ ભારતીય જહાજોની સુરક્ષા માટે નેવી તૈનાત કરવા ભારતની વિચારણા

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા તણાવ વચ્ચે ભારત સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી પસાર થતા પોતાના કોમર્શિયલ જહાજોની સુરક્ષા માટે નૌકાદળના જહાજો (એસ્કોર્ટ) મોકલવા પર વિચાર કરી રહ્યું છે. મેરીટાઈમ ઓથોરિટીના વરિષ્ઠ અધિકારી પી.સી. મીનાના જણાવ્યા અનુસાર, ભારતીય શિપમાલિકોની સુરક્ષા અંગેની માંગણી બાદ આ પગલાંની સમીક્ષા થઈ રહી છે. સુરક્ષાના જોખમોને કારણે હાલમાં ૧,૧૦૦થી વધુ ખલાસીઓ સાથેના અંદાજે ૩૮ ભારતીય જહાજો પર્શિયન ગલ્ફ અને ઓમાનના અખાતમાં ફસાયેલા છે. ભારત તેની જરૂરિયાતનું ૫૫ ટકા ક્રૂડ ઓઈલ અને ૮૦ ટકા જેટલો એલપીજી અખાતી દેશોમાંથી આયાત કરે છે, જેનો સીધો આધાર આ જળમાર્ગ પર છે. આ ગંભીર પરિસ્થિતિને પગલે કેન્દ્રીય શિપિંગ મંત્રી સર્બાનંદ સોનોવાલે અધિકારીઓને ભારતીય ખલાસીઓ અને દરિયાઈ સંપત્તિની સુરક્ષા સુનિશ્ચિત કરવા સત્વરે નિર્દેશ આપ્યા છે. નોંધનીય છે કે, પાકિસ્તાને પોતાના કોમર્શિયલ જહાજોના સુરક્ષિત પરિવહન માટે નૌકાદળની સુરક્ષા વ્યવસ્થા શરૂ પણ કરી દીધી છે.

### છેલ્લા ૫૦ વર્ષમાં અમેરિકામાં કોઈ નવી રિફાઈનરી બની નથી

અમેરિકામાં છેલ્લા ૫૦ વર્ષથી કોઈ નવી ઓઈલ રિફાઈનરી બની ન હતી. 'અમેરિકા ફર્સ્ટ રિફાઈનિંગ' અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના સહયોગથી બનનારી આ રિફાઈનરી અમેરિકાના ઉર્જા ક્ષેત્રે એક ઐતિહાસિક કદમ માનવામાં આવે છે.

### ૩૦૦ બિલિયન ડોલરનો ઐતિહાસિક પ્રોજેક્ટ

આ પ્રોજેક્ટમાં ૩૦૦ બીલીયન ડોલરનું માતબર રોકાણ કરવામાં આવશે. ડોનાલ્ડ ટ્રમ્પે તેને અમેરિકાના ઈતિહાસનું સૌથી મોટું રોકાણ ગણાવ્યું છે, જે દક્ષિણ ટેક્સાસ સહિત સમગ્ર અમેરિકાના અર્થતંત્રને નવી દિશા આપવાનો છે.

### વિશ્વની સૌથી સ્વચ્છ રિફાઈનરી હશે

પર્યાવરણના મુદ્દાને ધ્યાનમાં રાખીને આ રિફાઈનરીને અત્યાધુનિક ટેકનોલોજીથી સજ્જ કરવામાં આવશે. ડોનાલ્ડ ટ્રમ્પે આ સુવિધાને 'વિશ્વની સૌથી સ્વચ્છ રિફાઈનરી' ગણાવીને પર્યાવરણને નુકસાન ન થાય તેવો દાવો કર્યો છે.

### દેણું કરીને ઘી પીવાય?

# સોનાના બોન્ડનું ચુકવણું આવતા સરકાર રૂ.૨.૯.લાખ કરોડ રિઝર્વ બેન્ક પાસેથી ઉપાડશે

## ગોલ્ડ બોન્ડની જવાબદારી અને સબસિડીનું ભારણ વધતા સરકારે વધારાના ખર્ચ માટે સંસદમાં પ્રસ્તાવ મૂકીને મંજૂરી માંગી

**અબતક, નવી દિલ્હી**

કેન્દ્ર સરકારે મંગળવારે સંસદમાં ૨.૮ લાખ કરોડ રૂપિયાથી વધુના વધારાના ખર્ચ માટે મંજૂરી માંગી છે. આ કુલ રકમમાંથી વાસ્તવિક રોકડ જાવક ૨ લાખ કરોડ રૂપિયાથી થોડી વધુ રહેશે. આ વધારાના ખર્ચનો મોટો હિસ્સો ગોલ્ડ સોવરિન બોન્ડની જવાબદારી પૂરી કરવા અને વધતા જતા ખાદ્ય તેમજ ખાતર સબસિડીના બિલને પહોંચી વળવા માટે ફાળવવામાં આવશે.

આ પ્રસ્તાવમાં સૌથી મોટી રકમ ૫૯,૦૦૦ કરોડ રૂપિયા ગોલ્ડ રિઝર્વ ફંડ તરફથી સોવરિન ગોલ્ડ બોન્ડ માટે ફાળવવામાં આવી છે. નાણાં મંત્રાલયે આ ખર્ચના ચોક્કસ કારણો અંગે કોઈ સ્પષ્ટતા કરી નથી, પરંતુ બજારમાં સોનાના ભાવમાં થયેલા તીવ્ર વધારાને આ પાછળનું મુખ્ય કારણ માનવામાં આવે છે. આ ઉપરાંત અન્ય મહત્વના ખર્ચાઓ પણ આ પ્રસ્તાવમાં સામેલ કરવામાં આવ્યા છે.




સરકાર દ્વારા અન્ય 30,000 કરોડ રૂપિયા નગરપાલિકાઓ અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને ટ્રાન્સફર કરવા માટે અલગ રાખવામાં આવશે. આ સાથે જ ખાદ્ય અને ખાતર સબસિડી પેટે ૪૨,૦૦૦ કરોડ રૂપિયાનો વધારાનો ખર્ચ સૂચવવામાં આવ્યો છે. આમ, વિવિધ ક્ષેત્રોમાં સરકારની આર્થિક જવાબદારીઓ વધી રહી હોવાનું સ્પષ્ટ થાય છે.

આ બીજી પૂરક માંગણીઓ હેઠળ ચોખ્ખી રોકડ જાવક ૨ લાખ કરોડ રૂપિયા જેટલી મોટી હોવા છતાં, સરકારના વિવિધ મંત્રાલયોમાં થયેલી બચત દ્વારા તેને મોટાભાગે સરભર કરવામાં આવે તેવી શક્યતા છે. ઉદાહરણ તરીકે, નાણાકીય વર્ષ ૨૦૨૬ના સુધારેલા અંદાજોને પહોંચી વળવા માટે ભારત સરકારના મહેસૂલી ખર્ચમાં ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૬ દરમિયાન 30% નો નોંધપાત્ર વધારો કરવો પડશે, જેના માટે ૨.૩ લાખ કરોડ રૂપિયાની વધારાની રકમની જરૂર પડશે.

ઈકરાના પ્રિન્સિપાલ ઈકોનોમિસ્ટ અદિતિ નાયરે જણાવ્યું છે કે આ કારણોસર કોઈ મોટી નાણાકીય ખાધ ઉભી થવાની અપેક્ષા નથી. અગાઉ ગયા ડિસેમ્બરમાં, કેન્દ્ર સરકારે ૧.૩ લાખ કરોડ રૂપિયાના કુલ વધારાના ખર્ચ અને ૪૧,૪૫૫ કરોડ રૂપિયાના ચોખ્ખા વધારાના ખર્ચ માટે સંસદની મંજૂરી માંગતી પ્રથમ પૂરક માંગણીઓ રજૂ કરી હતી.

### મુખ્ય ખર્ચની વિગતો

- ગોલ્ડ સોવરિન બોન્ડઃ ૫૯,000 કરોડ રૂપિયા
- ખાદ્ય અને ખાતર સબસિડીઃ ૪૨,000 કરોડ રૂપિયા
- નગરપાલિકાઓને ફાળવણીઃ 30,000 કરોડ રૂપિયા

# ગરમીનો અસહ્ય ઉછાળો ચોમાસાને વીંખી નાંખશેઃ ડબલ્યુએમઓ

## અલનીનો સામાન્ય રીતે ભારતના દક્ષિણ-પશ્ચિમ મોન્સૂનને નબળો પાડે છે, મે થી જુલાઈ માસ દરમિયાન અલનીનો અસર ૪૦ ટકા સુધી વધશે તેવી આગાહી

**અબતક, રાજકોટ**

આ વર્ષે ચોમાસા દરમિયાન અલ-નિનોના ઉભરવાની સંભાવનાએ હવામાન વૈજ્ઞાનિકોની ચિંતા વધારી દીધી છે. શરૂઆતના પૂર્વાનુમાનો અનુસાર જુલાઈ-ઓગસ્ટ-સપ્ટેમ્બર દરમિયાન અલ-નિનોની સ્થિતિ સર્જાઈ શકે છે. જેની સીધી અસર ભારતના મોન્સૂન, તાપમાન અને કૃષિ પર પડી શકે છે. અમેરિકાની નેશનલ ઓશિયાનિક એન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશન ઈશ્યુ કરેલા અલ-નિનો સદર્ન ઓસ્સીલેશનમાં કહેવામાં આવ્યું છે કે મોન્સૂનના બીજા ભાગમાં અલ નિનો બનવાની ૪૮ ટકા સંભાવના નથી. તેમજ-ન્યુટ્રલ સ્થિતિની ૪૫ ટકા સંભાવના વ્યક્ત કરવામાં આવી છે, જ્યારે લા-નીનાની સંભાવના ૧૦ ટકાથી પણ ઓછી વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વૈજ્ઞાનિકોના પૂર્વાનુમાન પર વિશ્વાસ કરી શકાય કે આ વર્ષે ચોમાસુ નબળું રહી શકે છે. બીજી તરફ ઉનાળામાં પણ તાપમાન વધી રહેવાની આશા છે, ત્યારે દેશના વિવિધ ભાગોમાં પાણીની કમી રહી શકે છે. તેમજ અકાળ પડવા જેવી સંભાવનાઓ પણ લાગી રહી છે.ત્યારે ગરમીનો અસહ્ય ઉછાળો ચોમાસાને વીંખી નાંખશે?ભારતીય હવામાન વિભાગે કહ્યું છે કે જૂન-જુલાઈ-ઓગસ્ટ દરમિયાન અલ-નિનો ઉભરવાની આશંકા વધુ છે. મહાનિદેશક એમ. મોહોપાત્રાએ કહ્યું કે, ''એવું કહેવું હાલ ઉતાવળ હશે કે અલ-નિનો કયા મહિનામાં સંપૂર્ણ રીતે વિકસિત હશે. આ ખૂબ જ શરૂઆતી અનુમાન છે અને આવનારા મહિનાઓમાં તસ્વીર વધુ સ્પષ્ટ થશે.જોકે, એ સંભાવનાએ પણ ચિંતા વધારી છે, કારણ કે અલ-નિનો વર્ષોમાં ભારતમાં સામાન્ય રીતે નબળું ચોમાસુ અને વધુ પડતી ગરમી જોવા મળે છે. ચોમાસા દરમિયાન અલ નિનોનું ઉભરવું એટલા માટે ચિંતાજનક છે કે ભારતીય ઈકોનોમી માટે ચોમાસુ જીવનરેખા સમાન છે. દેશની લગભગ ૫૧ ટકા કૃષિ ભૂમિ વરસાદ પર નિર્ભર છે, કે કુલ કૃષિ ઉત્પાદનના લગભગ ૪૦ ટકા જેટલું ઉત્પાદન આપે છે. આ ઉપરાંત દેશની ૪૭ ટકા વસ્તીની આજીવિકા સીધી રીતે કૃષિ સાથે સંબંધિત છે.

પાછલા અલ-નિનો અનુભવ પણ ચેતવણી આપે છે. ૨૦૨૩-૨૪નું અલ-નિનો ગ્લોબલ લેવલે રેકોર્ડ હાઈ ગરમીનું કારણ બન્યું હતું. યુરોપિયન સંઘની કોપર્નિક્સ ક્લાઈમેટ ચેન્જ સર્વિસ અનુસાર, જુલાઈ ૨૦૨૩થી જૂન ૨૦૨૪ વચ્ચે ગ્લોબલ એવરેજ ટેમ્પરેચર ૧૯૯૧-૨૦૨૦ની એવરેજથી ૦.૭૬ ડિગ્રી સેલ્સિયસ અને ઈન્ડસ્ટ્રીયલ યુગથી પહેલાં (૧૮૫૦-૧૯૦૦)ના સ્તરથી ૧.૬૪ ડિગ્રી સેલ્સિયસ વધુ રહ્યું હતું, જે અત્યાર સુધીનો રેકોર્ડ છે. ૨૦૨૩માં અલ-નિનો જુલાઈ-ઓગસ્ટ દરમિયાન ઝડપથી વિકસ્યું હતું અને સપ્ટેમ્બર સુધીમાં મધ્યમ સ્તર સુધી પહોંચ્યું હતું. નવેમ્બર ૨૦૨૩થી જાન્યુઆરી ૨૦૨૪ વચ્ચે તે પોતાના પીક પર હતું. જો વર્ષ ૨૦૨૬માં ફરીથી અલ-નિનો ઉભરે છે, તો તેનાથી તાપમાનના નવા રેકોર્ડ બનવાની આશંકા છે, કારણ કે તે માનવ જનિત જળવાયુ પરિવર્તનથી થઈ રહેલી વૈશ્વિક ગરમીને વધારે છે. વર્લ્ડ મેટરોલોજીકલ ઓર્ગેનાઈઝેશનએ પણ ચેતવણી આપી છે કે અલ-નિનો અને લા-નીના જેવા પ્રાકૃતિક જળવાયુ ઘટનાક્રમ હવે માનવ ગતિવિધિઓથી પેદા થઈ રહેલા ક્લાઈમેટ ચેન્જના પરિવર્તનના વ્યાપક સંદર્ભમાં થઈ રહ્યા છે. જેનાથી પીક એટમોસ્ફિયર, તાપમાન અને ચોમાસાની પેટર્ન પર ઊંડી અસર થઈ રહી છે.

### ચોમાસાને કેવી રીતે અસર કરે છે અલનીનો અને લાનીનો?

**૧. અલનીનોઃ**

છેલ્લા કેટલાક સમયથી ઋતુઓમાં ભારે ગરબડ ગોટાળા ચાલી રહ્યા છે. ગ્લોબલ વોર્મિંગના કારણે કમોસમી વરસાદ, હિમવર્ષા અને અસહ્ય ગરમી. જો તકેદારી નહીં રાખવામાં આવે તો માઠાં પરિણામો ભોગવવાં પડશે તેના પડઘા પડવાની શરૂઆત થઈ ચૂકી છે. આ બધી ઘટના પાછળ અલ નીનો નામનું પરિબળ જવાબદાર છે. અલ નીનોનાં સારાં અને ખરાબ પરિણામો તો ગુજરાતની સાથે સમગ્ર ભારત અને સમગ્ર વિશ્વ ભોગવતું આવ્યું છે. જો કે વિજ્ઞાને કરેલી પ્રગતિ એને શોધોને કારણે અલ નીનો વિશે મહિતી મેળવવાનું શક્ય બન્યું છે. અલ નીનો એ એક વૈજ્ઞાનિક ઘટના કે પ્રક્રિયા છે. જે સમુદ્રમાં આકાર લે છે. સમુદ્રના તાપમાનમાં થતો ફેરફાર એ અલ નીનોને અસર કરે છે. પેસિફિક મહાસાગર એ અલ નીનોનું જન્મસ્થાન છે. સમુદ્રના તાપમાનમાં જે ફેરફાર થાય છે તેની અસર વાતાવરણ પર પડે છે અને વાતાવરણમાં બદલાવની અસર પર્યાવરણ પર પડે છે અને અલ નીનોની ભૌગોલિક અસર સમગ્ર વિશ્વ પર પડે છે. એક રીતે અલ નીનોને કુદરતી આફત ગણવામાં આવે છે. અલ નીનો ડિસેમ્બર મહિનાથી એપ્રિલ મહિનાની વચ્ચે આકાર લે છે. નૈઋત્યમાંથી વાતા મોસમી પવનો જ્યારે પેસિફિક સમુદ્ર પરથી પસાર થાય છે ત્યારે સમુદ્રની સપાટી પર એક પ્રકારનું દબાણ ઉત્પન્ન થાય છે જેને કારણે હિંદ મહાસાગરની સપાટી પરનું દબાણ નીચું જતું રહે છે અને આ દબાણ હવામાન પર અસર કરે છે જેની અસર મોસમ અને ઋતુઓમાં બદલાવ સ્વરૂપે જોવા મળે છે. અલ નીનોને કારણે ક્યારેક અતિવૃષ્ટિ તો ક્યારેક અનાવૃષ્ટિનો પણ સામનો કરવો પડતો હોય છે.

**૨. લા નીનોઃ** જ્યારે પૂર્વીય પ્રશાંત મહાસાગર ક્ષેત્રની સપાટી પર હવાનું દબાણ ઓછું હોય છે, ત્યારે એક પરિસ્થિતિનું નિર્માણ થાય છે જેને લા નીના કહેવામાં આવે છે. જ્યારે આ પરિસ્થિતિ થાય છે, ત્યારે દરિયાની સપાટીનું તાપમાન નોંધપાત્ર રીતે ઘટે છે. જે વિશ્વભરના તાપમાનને અસર કરે છે. આ વર્ષે લા નીનાની અસર ભારતમાં જૂનથી જ જોવા મળશે. લા નીનાને કારણે વધુ વરસાદ અને સરેરાશ કરતાં વધુ ઠંડીની શક્યતા પણ વધી જાય છે. લા નીના નવ મહિનાથી એક વર્ષ સુધી ટકી શકે છે.



# ઈંધણની તંગી ઘટાડવા ૧૮ કરોડ બેરલ ક્રૂડ આંતરરાષ્ટ્રીય ઈંધણ એજન્સી છૂટું મૂકશે

## બજારમાં સ્થિરતા લાવવા માટે એજન્સીના વિકસિત સભ્ય દેશોની સંગઠિત કાર્યવાહી

**અબતક, નવી દિલ્હી**

વૈશ્વિક બજારમાં કાચા તેલના વધતા ભાવ અને ઈંધણની સંભવિત તંગીને પહોંચી વળવા માટે આંતરરાષ્ટ્રીય ઉર્જા એજન્સીએ એક મોટો અને ઐતિહાસિક નિર્ણય લીધો છે. એજન્સીએ જાહેરાત કરી છે કે તે બજારમાં તેલનો પુરવઠો જાળવી રાખવા અને કિંમતોને અંકુશમાં લેવા માટે તેના વ્યૂહાત્મક અનામત ભંડારમાંથી ૧૮ કરોડ બેરલ ક્રૂડ ઓઈલ છૂટું મૂકશે.

વર્તમાન આંતરરાષ્ટ્રીય તણાવ, ખાસ કરીને મધ્ય પૂર્વમાં અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના





સંઘર્ષને કારણે વૈશ્વિક તેલ પુરવઠા શૃંખલા ખોરવાઈ જવાની ભીતિ સેવાઈ રહી છે. આ ભયના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડના ભાવમાં સતત ઉછાળો જોવા મળી રહ્યો છે, જેની સીધી અસર સામાન્ય જનતાના ખિસ્સા પર પડી રહી છે.

એજન્સી દ્વારા લેવામાં આવેલો આ નિર્ણય અત્યાર સુધીનો સૌથી મોટો 'ઈમરજન્સી ઓઈલ રિલીઝ' માનવામાં આવે છે. આ અગાઉ ૨૦૨૨માં રશિયા-યુક્રેન યુદ્ધ દરમિયાન પણ આટલો જ મોટો જથ્થો તબક્કાવાર મુક્ત કરવામાં આવ્યો હતો. આ વખતે ૧૮ કરોડ બેરલ તેલ બજારમાં આવવાથી સપ્લાય અને ડિમાન્ડ વચ્ચેનું અંતર ઘટશે, જેનાથી સામાન્ય નાગરિકોને મોંઘા પેટ્રોલ-ડીઝલમાંથી રાહત મળવાની આશા છે.

એનર્જી એકસપર્ટ્સના મતે, જો આ તેલ રિલીઝ કરવામાં ન આવે તો વૈશ્વિક અર્થતંત્રમાં ફુગાવો બેકાબૂ બની શકે છે. આંતરરાષ્ટ્રીય ઈંધણ એજન્સીના સભ્ય દેશો સંમત થયા છે કે ઉર્જા સુરક્ષા જાળવવા માટે આ વ્યૂહાત્મક ભંડારનો ઉપયોગ કરવો અત્યંત જરૂરી છે. આગામી દિવસોમાં આ નિર્ણયની અસર આંતરરાષ્ટ્રીય સ્ટોક માર્કેટ અને રિટેલ ઈંધણના ભાવ પર જોવા મળી શકે છે.

### દેશમાં ઈંધણની કોઈ અછત નહીં પડેઃ સરકારની ધરપત

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધના કારણે વૈશ્વિક સ્તરે ઉર્જા સંકટની આશંકા વચ્ચે કેન્દ્ર સરકારે દેશવાસીઓને મોટી રાહત આપી છે. કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે ભારતમાં ઈંધણની કોઈ જ અછત નથી અને સરકાર સ્થિતિ પર સતત નજર રાખી રહી છે. પુરવઠો જાળવી રાખવા માટે સરકારે 'આવશ્યક ચીજવસ્તુ ધારો' લાગુ કરીને રિફાઈનરીઓને રાંધણ ગેસ (LPG) નું ઉત્પાદન વધારવા આદેશ આપ્યો છે.



નવી વ્યવસ્થા હેઠળ, ઘરેલું ગ્રાહકોને પ્રાથમિકતા આપી ડ્ગાત્રહ્ર અને ઈગાત્રહ્ર નો ૧૦૦ ટકા પુરવઠો સુનિશ્ચિત કરવામાં આવ્યો છે, જ્યારે ઉદ્યોગો માટેના સપ્લાયમાં આંશિક કાપ મૂકી સ્થિતિને સંતુલિત કરવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય દરિયાઈ માર્ગો પરના અવરોધોને જોતા સરકાર ઈંધણ આયાત માટે વૈકલ્પિક માર્ગો પર પણ કામ કરી રહી છે, જેથી દેશમાં ઈંધણનો સપ્લાય અવિરત ચાલુ રહે.

સપનાથી શરૂ થાય છે દરેક મહાન સફર


# સપના જોનારાઓ જ દુનિયાને નવી દિશા આપે: તમારા સપના, તમારી દુનિયા

## દરેક માનવી રોજ રાત્રે લગભગ બે કલાક સપના જોવામાં વિતાવે, એક વ્યક્તિને ચારથી છ સપના જ આવે છે: આપણને સપનું બહુ લાંબુ લાગે પણ, તે પાંચથી વીસ મિનિટનાં જ હોય છે

સપના છબીઓ, વિચારો, લાગણીઓ અને સંવેદનાઓની શ્રેણી છે. આધુનિક વિશ્વ એક એવી જગ્યા છે, જ્યાં દરેક માનવીના સપના ખરેખર સાચા પડે છે, શરત માત્ર એટલી કે તેને સાકર કરવા સતત પુરુષાર્થ કરતા રહેવું પડે છે. આપણને આપણા જ સપનાઓ બહુ યાદ પણ રહેતા નથી. પ્રાચિન સંસ્કૃતિમાં સપનાઓને દેવતાનો સંદેશો કહેવાતો હતો. સપના મેરા ટુટ ગયા આ ફિલ્મ ગીતની જેમ આપણા જીવનમાં સપનાઓ તૂટતા જોવા મળે છે. સામાન્ય રીતે આપણી આઠ કલાકની ઉંઘના ચાર તબક્કામાં આંખોનું હલનચલન, અર્ધનિદ્રા, ગાઢ અવસ્થા સાથે નોન-રેપિડ આઈમુવમેન્ટને સ્લીપ કહેવામાઆવે છે, સપના જોવાનું કારણ આપણુ સુખ-દુઃખ અને સારા નરસા પ્રસંગોના અનુભવો છે. આપણા માનસપટ પર રમતી ઈચ્છાઓ કે સવારથી જ સાંજની દિન ચર્યા ના પ્રસંગો સાથે સતત વિચારને કારણે લગભગ દરેકને સ્વપન આવતા હોય છે.

આજે રાષ્ટ્રીય ડ્રીમ ડે છે, ત્યારે સદીઓથી તેની દુનિયા એક રહસ્ય જેવી છે. દરેકના જીવન સાથે સપનાઓને ઉંડો સંબંધ હોય છે. જયોતિષશાસ્ત્રમાં તેને ભવિષ્ય અને ભૂતકાળ સાથે જોડવામાં આવે છે. એક લોકવાયકા મુજબ ભવિષ્યમા બનનારી ઘટના આપણને પહેલા સપનામાં આવતી હોવાનું મનાય છે. આપણા પરિવારજનોમાં જેની સાથે લાગણી વધુ બંધાઈ હોય તેના મૃત્યુબાદ તેના સપના વિશેષ આવતા હોય છે. આપણી હિન્દી ફિલ્મોમાં પણ સપના કે ખ્વાબ શબ્દોથી ઘણા જાણીતા ગીતો જોવા મળે છે.

મૃગજળના અનુભવો સાથે સપનાના અનુભવની સરખામણી કરવાામ આવે છે. કોઈ વાત કે વિચારનું સતત રટણ તેની આસપાસની વિગતોને લઈને સપનાઓ બવધુ આવે છે. સપનાએ કુદરતી અને જટીલ ઘટના છે. આજ સુધી તેનો કોઈ ચોકકસ હેતુ આધુનિક વિજ્ઞાન શોધી શકયો નથી. રાત્રે સુતી વખતે શરીરના મગજ સીવાય બધા અંગોને આરામ મળતો હોય ત્યારે, સતત વિચારો ચાલવાની પ્રક્રિયાને કારણે માણસ જે ઝંખતો હોય તે વિષયક સપનાઓ આવે છે. સપનાઓ સારાઅને ખરાબ બંને આવતા હોવાથી ઘણીવાર તે આપણી ઉંઘ પણ ઉડાડી દે છે. સપનાઓ આપણને રોમાંચિત પણ કરી દે છે, તે હંમેશા અલગ અલગ આવતા હોય છે. સપનાઓ આપણા આત્માને અભિવ્યકત કરે છે. તે આપણાં વ્યવહારો વિશે પણ ઘણીવાર વાતો કહી જાય છે. ઘણાની ઈચ્છાઓ અધુરી રહેવાથી તે તમારી પાસે સપનાના માધ્યમ વડે મદદ માંગે છે, એવું પણ મનાય છે. સપનાઓ આવે તે કોઈ ચિંતાની વાત જ નથી. ઘણા સપનાઓ શુભ-અશુભ પણ માનવામાં આવે છે. આપણું સપના ઉપર કોઈ નિંયંત્રણ ન હોવાથી તે ગમે તેવા આવી શકે છે, એક વાત છેકે તેને આપણાં વિચારો સાથે સંબંધ છે. ઘણા લોકોને ભગવાનના સપના આવતા હોય છે. તો નદી-તળાવ, જંગલો, પ્રાણીઓ વિગેરેના સપનાઓ આવે છે. એક વાયકા મુજબ ફુલના સપનાઓ આવે તો ભવિષ્યમાં સંપતિ મળવાનો શુભસંકેત આપે છે. ગમે તે સપનાઓ હોય તેનો તમારા ભૂતકાળ સાથે સીધો સંબંધ જોવા મળે છે. સપના હંમેશા રાત્રે ઉંઘમાંજ આવે છે, અને વહેલી સવારે આવેલા સપનાઓ સાચા પડે તેવું પણ માનવામાં આવે છે. ઘણીવાર એવા સપનાઓ પણ આવે છે કે જેનો આપણા જીવન સાથે કોઈ સંબંધ હોતો નથી. આપણી પરંપરાઓમાં તેને શુભ અશુભ સાથે જોડીને ઘણી લોકવાયકા છે, જેમાં દરિયાના પાણીના સપનાને અશુભ ગણાય છે. મોટાભાગના લોકો પોતાના સપનાઓ બીજા સાથે શેર કરતા નથી, પણ જયારે કોઈ ઘટના નિર્માણ થાય તો તે વ્યકિત તેની વાત કરતી હોય છે. સપનાઓની ઉંચાઈ વ્યકિત તરીકે અને સામુહિક તરીકે આગલા સ્તર સુધી લઈ જવા ધ્યાન કેન્દ્રીત કરે છે. આજના દિવસે દરેકને સકારાત્મક સપનાઓ જોવા અનુરોધ કરાયો છે. વિશ્વના વિખ્યાત ફિલ્મ નિર્માતા જેમ્સ કેમરોન બીમાર પડતા તેને આરામ કરવો પડયો, જેમાં તેને સતત વિચારો આવતા તેથી ફિલ્મ ધ ટર્મિનેટર બનાવી હતી. સપનાઓને સાચા પાડવા હોય તો તેને અનુસરવાની હિંમત કેળવવી પડે છે. બાળથી મોટેરા બધાએ સપનાતો આવે છે. આ દિવસની સ્થાપના ૨૦૧૨માં શિક્ષક અને પરિવર્તનશીલ વ્યૂહરચના એઝીઓમાં એગ્વુનવુ દ્વારા કરવામા આવી હતી. દરેક સ્વપનની શરૂઆત સ્વપન દ્રષ્ટાથી થાય છે. દરેક વ્યકિતમાં દુનિયાને બદલવાની તાકાત ધૈર્ય, જુસ્સો આપેલો છે. તેથી સપના જોવાનો તમામને હકક છે. ગરીબ હોય કે શ્રીમંત દુનિયામાં દરેકમા કોમન વાત એ છે કે દરેકને સપનાઓ આવે છે. દરરોજ રાત્રે વિશ્વનિંદ્રામાં હોય ત્યારે એક અતિ વાસ્તવ વિશ્વ આપણા મગજમાં પ્રગટ થાય છે. ભેદી રાત્રીના પ્રદર્શનની વાત, વિચારો સદીઓથી માનવને આકર્ષે છે. સાવ નાનાકડું બાળક ભર ઉંઘમાં પણ ક્યારેક તમને હસતુ જોવા મળે છે, ત્યારે આપણને અચરજ થાય છે, પણ તે પણ વિચારતું હોવાથી આ ઘટના નિર્માણ થાય છે. સપનાની દુનિયાને જાણવા સમજવા ઉંડાણનું અધ્યયન જરૂરી છે. આપણા મનને તે પ્રતિબિંબત કરે છે, લાગણીઓ અને ડર ને પ્રગટ કરે છે. ઉંઘની ગુણવતા સપનાને યાદ અને ભાવનાત્મક સુખાકારીને અસર કરે છે. સપનાઓ આપણા માનસીક અનુભવો છે, જે ઉંઘ દરમ્યાન જ થાય છે. જયારે આપણે સપના જોતા હોઈએ ત્યારે આપણું મગજ અત્યંત સક્રિય હોય છે. બંધ આંખોએ જોવાતા સપનાઓની મીઠાસ પણ કંઈક ઔર રોમાચ પેદા કરે છે. આપણા અજાગૃત વિચારો અને લાગણીઓને કારણે તે પ્રભાવિત થાય છે. સપનાઓનું અર્થઘટન દરેક વ્યકિતએ અલગજોવા મળે છે. સપનાઓ આપણા મનનો અરીસો છે. આપણી લાગણી અને માનસીક સ્વાસ્થ્ય તેની સાથે ગુંથાયેલું જોવા મળે છે. ઘણીવાર આપણાો તણાવ ચિંતા અને વણઉકે લાઈ લાગણીઓ સ્વપન સ્વરૂપે પ્રગટ થાય છે. તમારા સપનાને અધુરા રહેવા દેવા માટે જીવન ખુબ નાનું છે, તેને સાકાર કરવા પ્રારંભ કરવા કયારેયમોડુ ન કરશો. આપણા બધાની સારી આવતીકાલ માટે આકાંક્ષાઓ અનેલક્ષ્યો છે. સપના સાકાર કરવા ઘણી બધી અડચણોનો સામનો કરવો પડે છે.આ ગ્રહ પર રહેતો કોઈપણ માનવી સ્વપનથી બાકાત નથી દરેક સ્વપનમાં રહેલા ભવિષ્ય એક આશા છે. દરેક સ્વપન દ્રષ્ટાની અંદર રહેલી સંભવિત સંપત્તિ છે.સપનાઓ માનવ ક્ષમતાને બહાર લાવવાનો પ્રયાસ કરે છે. એક નાનકડા સપના કે વિચારમાં દુનિયાને બદલી નાંખવાની તાકાત હોય છે. સપનામાં તમે આ ગ્રહ ઉપર ગમે ત્યાં વગર ખર્ચે જઈ શકો છો.






**નોલેજ કોર્નર**



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

**આધુનિક મનોવૈજ્ઞાનિકના મતે સુતી વખતે થતા ચેતનાના અનુભવને સ્વપન કહે છે: સ્વપનાની દુનિયા વિશે હંમેશા રહસ્ય રહ્યું છે, પણ આપના જીવન સાથે તેનો ઊંડો સંબંધ છે**

**વિશ્વના મુખ્ય ધર્મમાં સપનાને સ્થાન અપાયું છે : માંડુક્ય ઉપનિષદમાં, ભારતીય હિન્દુ ધર્મના વેદ ગ્રંથોના ભાગમાં સપનાને ત્રણ અવસ્થા ગણાવી છે: સપના એ માત્ર આંતરિક ઈચ્છાઓની અભિવ્યક્તિ, આત્મા તેના જીવનકાળ દરમિયાન અનુભવે, તે જાગવાની અવસ્થા અને ઊંઘની અવસ્થા જેવા સપનાના ત્રણ ભાગ પડે છે**

# પીર યોગી ત્રિલોકનાથજી બાપુની ૩૪મી પુણ્યતિથિ નિમિતે ભક્તિમય કાર્યક્રમો યોજાશે

**અબતક, રાજકોટ**

યોગાચાર્ય સિદ્ધસમ્રાટ ગુરુ ગોરખાનાથજીની તપસ્થસલી જૂનાગઢ નજીક ગિરનારની ગોદમાં આવેલ શ્રી ગોરક્ષનાથ આશ્રમ ખાતે ગુરુ પીર યોગી પરમ પૂજ્ય ગુરુ મહારાજ પીર યોગી શ્રી ત્રિલોકનાથજી બાપુની ૩૪મી પુણ્યતિથિ નિમિત્તે આજે અને આવતીકાલે ભક્તિમય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે તા.૧૨ ના વહેલી સવારે સમાધિ પૂજન સવારે ૬૩૦ કલાકે યોજાશે તેમજ બપોરે ૧૦૩૦ કલાકે ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભક્તો અને શ્રદ્ધાળુઓ માટે આધ્યાત્મિક વાતાવરણમાં સેવા અને સત્સંગનો લાભ મળશે.

પુણ્યતિથિ નિમિત્તે બે દિવસીય ભવ્ય સંતવાણી કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે.આજે બુધવારની રાત્રે બીરજુ બારોટ, જયદિપ સોની, મયુર દવે અને રાજ ગઢવી દ્વારા સંતવાણી રજૂ કરવામાં આવશે. ત્યારબાદ કાલે ગુરુવારના દિવસે સુરેન્દ્ર રાવળ અને રામદાસ દૂધરેજીયા દ્વારા ભજન અને સંતવાણીનો કાર્યક્રમ યોજાશે. તેમજ તા. ૧૨ માર્ચની રાત્રે પરશોતમપરિબાપુ, શૈલેષ મહારાજ, બીરજુ બારોટ અને પિયુષ મિસ્ત્રી સહિતના કલાકારો દ્વારા ભક્તિમય સંતવાણી રજૂ થશે. આ સમગ્ર કાર્યક્રમ શ્રી ગોરક્ષનાથજી આશ્રમ, ભવનાથ તળેટી, જૂનાગઢ ખાતે યોજાશે. આ પાવન અવસરે મહંત પીરયોગી શ્રી શેરનાથજી, ગુરુશ્રી ત્રિલોકનાથજી તથા આશ્રમ પરિવાર દ્વારા સર્વ ભક્તજનોને ઉપસ્થિત રહી ધર્મલાભ લેવા માટે હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ગામડું આત્મનિર્ભર બનશે તો જ ભારત સમૃદ્ધ બનશે : જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી

## પ્રવિણાબેન રંગાણીના નેતૃત્વમાં રાજકોટ જિલ્લા પંચાયતના વિકાસના અઢી વર્ષ, સીએમ અને ડેશબોર્ડ પર પ્રથમ ક્રમે

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણીએ અઢી વર્ષનો કાર્યકાળ પૂર્ણ થતા જણાવ્યું છે કે, ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા પંચાયતી રાજ વ્યવસ્થાને મજબૂત બનાવવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝન અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજકોટ જિલ્લામાં આત્મનિર્ભર ગામથી આત્મનિર્ભર ભારતનું નિર્માણ થઈ રહ્યું છે. છેલ્લા અઢી વર્ષમાં જિલ્લા પંચાયત દ્વારા ૧૧ સામાન્ય સભાઓ અને ૩ બજેટ રજૂ કરવામાં આવ્યા છે, જેમાં શિક્ષણ, આરોગ્ય અને કૃષિ જેવા પાયાના ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે.



ગ્રામીણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વેગ આપવા માટે જિલ્લા પંચાયતના સ્વભંડોળમાંથી રૂ. ૨૭ કરોડના ખર્ચે ભૂગર્ભ ગટર, પેવર બ્લોક અને ચેકડેમ જેવા કામો કરવામાં આવ્યા છે. ૧૫માં નાણાપંચ હેઠળ રૂ. ૧૮ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે, જ્યારે ૫૯૫ ગ્રામ પંચાયતોમાં સોલાર રૂફટોપની મંજૂરી આપવામાં આવી છે. રાજ્ય સરકારના સહયોગથી રૂ. ૩૬ કરોડના ખર્ચે અત્યાધુનિક જિલ્લા પંચાયત ભવનનું નિર્માણ કાર્ય પ્રગતિમાં છે અને ૧૧૦ નવા પંચાયત ઘર-તલાટી આવાસ માટે પણ રૂ. ૨૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. કૃષિ અને પશુપાલન ક્ષેત્રે થયેલી કામગીરીની વિગતો આપતા જણાવ્યું હતું કે, જિલ્લાના ૪૬,૩૫૧ ખેડૂતોને રૂ. ૨૭૨ કરોડની સબસિડી અને ૧.૮૮ લાખ ખેડૂતોને રૂ. ૩૭.૬૦ કરોડ પીએમ કિસાન સન્માન નિધિનો લાભ મળ્યો છે. પશુ આરોગ્ય માટે યોજાયેલા ૫૫૮ મેળામાં ૩.૩૦ લાખથી વધુ પશુઓની સારવાર કરવામાં આવી છે. વહીવટી સુધારાના ભાગરૂપે ગ્રામ પંચાયત વેરા વસૂલાતમાં ૧૦% નો વધારો થયો છે અને રાજકોટ જિલ્લો સીએમ ડેશબોર્ડ પર પ્રથમ ક્રમે રહ્યો છે, જે જિલ્લાના કુશળ વહીવટની સાક્ષી પૂરે છે.

આરોગ્ય અને લોકકલ્યાણની સેવાઓમાં પણ રાજકોટ જિલ્લો અગ્રેસર રહ્યો છે. પીએમજેએવાય યોજના હેઠળ ૪.૬૨ લાખ લાભાર્થીઓને રૂ. ૧૨૦૮ કરોડની નિશુલ્ક સારવાર પૂરી પાડવામાં આવી છે. શિક્ષણ અને મહિલા-બાળ કલ્યાણ અંતર્ગત રૂ. ૨૦૨.૮૦ કરોડના ખર્ચે ૧૬૯ નવી આંગણવાડીઓ મંજૂર કરવામાં આવી છે. આ ઉપરાંત કુંવરબાઈનું મામેરું, ડો. આંબેડકર આવાસ યોજના અને રાજા હરિશ્ચંદ્ર મરણોત્તર સહાય જેવી કલ્યાણકારી યોજનાઓ દ્વારા હજારો જરૂરિયાતમંદ પરિવારોને સીધો આર્થિક લાભ પહોંચાડવામાં આવ્યો છે.

અંતમાં પ્રવિણાબેન રંગાણીએ આ તમામ સિદ્ધિઓનો શ્રેય ટીમ વર્કને આપતા જણાવ્યું હતું કે, જિલ્લા પ્રભારી મંત્રી, સંસદસભ્યો, ધારાસભ્યો, જિલ્લા વિકાસ અધિકારી, વિવિધ સમિતિના ચેરમેન અને તમામ સરપંચોના સહયોગથી જ આ વિકાસયાત્રા શક્ય બની છે. સ્વચ્છ ભારત મિશન હેઠળ ૫૦૮ શૌચાલયોના નિર્માણથી લઈને પાયાની જરૂરિયાતો પૂરી કરવા સુધીની તમામ કામગીરીમાં જનપ્રતિનિધિઓ અને વહીવટી તંત્રનો સાથ મળ્યો છે. આગામી સમયમાં પણ 'ગામ સમૃદ્ધ, દેશ સમૃદ્ધ' ના મંત્ર સાથે જિલ્લાના છેવાડાના માનવી સુધી વિકાસના ફળ પહોંચાડવાની નેમ વ્યક્ત કરી હતી.

## જનકલ્યાણ ટ્રસ્ટના જાગૃતિ અભિયાનમાં ૮૨૧મું ચક્ષુદાન

**અબતક, રાજકોટ**

કમલાબેન રામભાઈ પટેલનું અવસાન થતા તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ચક્ષુદાન કરાવેલ છે. તે ખુબ જ અનુકરણીય ઉદામરણ પુરુ પાડયું છે. જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન જાગૃતિ અભિયાનમાં કુલ ૮૨૧મું ચક્ષુદાન થયેલ છે. સમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાનની વધુ માહીતી માટે જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન ઉમેશભાઈ મહેતાના મો. નં. ૯૪૨૮૫ ૦૬૦૧૧ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

## શહેર ભાજપના સહકાર્યાલય મંત્રી તરીકે શૈલેષ દવેને કરાયા રિપીટ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે દ્વારા તાજેતરમાં કારોબારીની જાહેરાત કરવામાં આવી હતી. સાથો સાથ કાર્યાલય સહ મંત્રીની પણ ઘોષણા કરાઈ હતી. જેમાં સારી કામગીરીને ધ્યાનમાં રાખી શૈલેષભાઈ દવેની કાર્યાલય સહમંત્રી તરીકે વરણી કરવામાં આવી છે. તેઓએ ટૂંકા ગાળામાં પક્ષની તમામ પ્રકારની કામગીરીનું વહન ખૂબ જ જવાબદારી પૂર્વક કર્યું છે. જેને ધ્યાનમાં રાખી તેઓને ફરી એક વખત આ મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી હોવાનું મનાય રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, કાર્યાલય મંત્રી તરીકે હિતેશભાઈ ઢોલરીયાને પણ રીપીટ કરવામાં આવ્યા છે. અભિનંદન વર્ષા થઈ રહી છે.



## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૧-૦૩-૨૦૨૬ બુધવાર**
૧૨:૦૦ થી ૦૨:૧૦ ગુજરાતી મુવી (હાહાકાર)
૦૨:૧૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (ચીઝ વડાપાઉં)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો તન્વી ચોટાઈ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (કેરી ઓન લાલુ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલ જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૨-૦૩-૨૦૨૬ ગુરુવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા (પૂ.ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૧૨-૩-૨૦૨૬ ગુરૂવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ફાગણ વદ નોમ
**નક્ષત્ર** મૂળ
**યોગ** સિધ્ધિ **કરણ:** તૈનિલ
**સુર્યોદય** ૭.૦૧ **સુર્યાસ્ત:** ૬.૫૪
**ચંદ્ર રાશી** ધન
**રાશિ અક્ષર** ભ.ફ.ધ
**દિશાશૂળ** દક્ષિણ દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૧.૩૦ થી ૩.૦૦
**દિવસનાચોઘડીયા** શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ
**રાત્રીનાચોઘડીયા** અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૪ થી ૧.૨૨

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૭૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | ૮ | ૧ | | | | | |
| ૯ | ૧ | | | | ૪ | ૩ | | ૭ |
| | ૨ | ૬ | | | | ૯ | | ૮ |
| | ૬ | | ૪ | ૩ | | ૧ | | ૫ |
| ૫ | | ૯ | | ૧ | ૭ | | ૬ | |
| | | | | | | | | |
| | ૪ | | | | ૧ | | | |
| | | ૩ | ૭ | ૬ | ૯ | | ૮ | |
| | ૯ | | | | | | ૭ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૭૮ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૮ | ૨ | ૫ | ૧ | ૭ | ૬ | ૪ | ૩ |
| ૪ | ૭ | ૧ | ૬ | ૮ | ૩ | ૫ | ૯ | ૨ |
| ૫ | ૩ | ૬ | ૪ | ૨ | ૯ | ૮ | ૧ | ૭ |
| ૨ | ૫ | ૮ | ૭ | ૪ | ૧ | ૩ | ૬ | ૯ |
| ૩ | ૪ | ૯ | ૨ | ૬ | ૫ | ૧ | ૭ | ૮ |
| ૬ | ૧ | ૭ | ૩ | ૯ | ૮ | ૨ | ૫ | ૪ |
| ૮ | ૬ | ૩ | ૧ | ૭ | ૪ | ૯ | ૨ | ૫ |
| ૧ | ૯ | ૪ | ૮ | ૫ | ૨ | ૭ | ૩ | ૬ |
| ૭ | ૨ | ૫ | ૯ | ૩ | ૬ | ૪ | ૮ | ૧ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૨.૩.૨૦૨૬ ગુરુવાર, સંવંત ૨૦૮૨, ફાગણ વદ નોમ, મૂળ નક્ષત્ર, સિદ્ધિ યોગ, તૈતિલ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ ધન (ધ,ભ,ફ,ઢ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે, મહત્વના કાર્ય સ્વર બાજુ કરવા.

**વૃષભ (બ,વ,ઉ) :** ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, દિવસ મધ્યમ રહે.

**મિથુન (ક,છ,ઘ) :** ભાગીદારીમાં કામ હોય તો લાભ મેળવી શકો, દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો.

**કર્ક (ડ,હ) :** શત્રુઓથી સાવધાન રહેવું, વધુ વિશ્વાસે ના ચાલવા સલાહ છે, અંગત લોકોમાં મતભેદ રહી શકે.

**સિંહ (મ,ટ) :** સંતાન અંગે સારું રહે, અંગત સંબંધો સુધારી શકો, મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.

**કન્યા (પ,ઠ,ણ) :** જમીન મકાન વાહન સુખ સારું રહે, પ્રોપર્ટી બાબતે નિર્ણય કરી શકો, આગળ વધવાની તક મળે.

**તુલા (ર,ત) :** નોકરિયાતવર્ગને સારું રહે, સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, નવા કાર્યમાં લાભ મેળવી શકો.

**વૃશ્ચિક (ન,ય) :** આર્થિક બાબતોમાં સારું રહે, બેન્ક બેલેન્સ વધારી શકો, ધાર્યા કામ પાર પાડી શકો.


**ધન (ધ,ભ,ફ,ઢ) :** મિત્રોની મદદ મળી રહે, કામકાજમાં સફળતા મળે, દિવસ પ્રગતિકારક રહે.

**મકર (ખ,જ) :** ખર્ચ પર અંકુશ રાખવો જરૂરી, બજાર બાબતનું ગણિત સંભાળી ને કરવું, વધુ વિશ્વાસે ના ચાલવું.

**કુંભ (ગ,સ,શ) :** સગા સ્નેહી મિત્રોથી સારું રહે, કાર્યમાં પ્રગતિ કરી શકો, નવી દિશા ખુલતી જણાય.

**મીન (દ,ચ,ઝ,થ) :** નવા કાર્ય અંગે ઠોસ કદમ ઉઠાવી શકો, આશાનું કિરણ જોવા મળે, પ્રગતિકારક દિવસ.

# વિશ્વ કિડની દિવસઃ ''સ્વસ્થ કિડની સર્વ માટે''ના સંકલ્પ સાથે વૈશ્વિક જનજાગૃતિનું અભિયાન




## વરિષ્ઠ નેફ્રોલોજીસ્ટ ડો.સંજય પંડ્યા પ્રેરિત 'કિડની એજ્યુકેશન ફાઉન્ડેશન' દ્વારા ૪૦ ભાષાઓમાં નિઃશુલ્ક માર્ગદર્શન અને જલારામ હોસ્પિટલને ડાયાલિસિસ મશીનોનું અર્પણ



જલારામ હોસ્પિટલને હિમોડાયાલિસિસ મશીનો અર્પણ કરતા ડોક્ટર સંજય પંડયા

:રિપોર્ટરઃ
અંજલી સોરઠીયા
કેમેરામેનઃ હર્ષ ઝીંઝુવાડીયા
અંબતક, રાજકોટ

વિશ્વભરમાં કિડનીના રોગોના વધતા વ્યાપને ધ્યાને રાખીને ૧૨ માર્ચ, ૨૦૨૬, ગુરુવારના રોજ 'વિશ્વ કિડની દિવસ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. આ વર્ષનું સૂત્ર ''સ્વસ્થ કિડની સર્વ માટે - લોકોની સંભાળ, પૃથ્વીની સુરક્ષા'' રાખવામાં આવ્યું છે. આ અવસરે રાજકોટના જાણીતા કિડની રોગ નિષ્ણાત ડો. સંજય પંડ્યા અને તેમના 'કિડની એજ્યુકેશન ફાઉન્ડેશન' દ્વારા કિડની બચાવવા માટે વૈશ્વિક સ્તરે જનજાગૃતિની એક નવી મિશાલ કાયમ કરવામાં આવી છે.

વિશ્વભરમાં વધતા કિડની રોગો અંગે જનજાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે ઉજવાતા વિશ્વ કિડની દિવસની ઉજવણી આ વર્ષે ૧૨ માર્ચ, ૨૦૨૬ના ગુરુવારે સ્વસ્થ કિડની સર્વ માટે - લોકોની સંભાળ, પૃથ્વીની સુરક્ષા સ્લોગન સાથે કરવામાં આવી રહી છે. કિડનીના રોગો અંગે લોકોમાં જાગૃતિ લાવવા માટે વિશ્વના ૧૦૦થી વધુ દેશોમાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. રાજકોટના વરિષ્ઠ નેફ્રોલોજીસ્ટ ડો. સંજય પંડયાએ જણાવ્યું હતું કે વિશ્વભરમાં કિડનીના રોગોનું પ્રમાણ ઝડપથી વધી રહ્યું છે અને આ એક ગંભીર જાહેર આરોગ્ય સમસ્યા બની રહી છે.

ડો. પંડયાના જણાવ્યા મુજબ વિશ્વમાં અંદાજે ૮૫ કરોડથી વધુ લોકો કોઈને કોઈ પ્રકારના કિડની રોગથી પીડાઈ રહ્યા છે. દર દસમાંથી એક વ્યક્તિને કિડનીની સમસ્યા થવાનો ભય રહે છે, પરંતુ ચિંતાજનક બાબત એ છે કે લગભગ ૯૦ ટકા લોકોને પોતાના રોગ અંગે જાણ જ નથી હોતી. કિડનીના ઘણા રોગો શરૂઆતમાં કોઈ ખાસ લક્ષણ આપતા નથી અને મોટાભાગે ત્યારે જ જાણવા મળે છે જ્યારે કિડની ૮૦ થી ૯૦ ટકા સુધી બગડી ગઈ હોય. તેથી કિડનીના રોગોને 'સાયલન્ટ કિલર' તરીકે ઓળખવામાં આવે છે.

તેમણે જણાવ્યું હતું કે સમયસર જાગૃતિ અને નિયમિત તપાસ દ્વારા કિડનીના રોગોનું વહેલું નિદાન શક્ય છે. જો સમયસર તપાસ કરવામાં આવે તો કિડનીને ગંભીર નુકસાન થવાથી બચાવી શકાય છે અને ડાયાલિસિસ અથવા કિડની ટ્રાન્સપ્લાન્ટ જેવી ખર્ચાળ અને કઠિન સારવારની જરૂરિયાત પણ ટાળી શકાય છે.

કિડનીના રોગોથી બચવા માટે ડો. પંડયાએ કેટલીક સરળ પરંતુ મહત્વપૂર્ણ સલાહ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે દરેક વ્યક્તિએ વર્ષમાં ઓછામાં ઓછું એક વખત બ્લડ પ્રેશર ચેક કરાવવું, લોહીમાં ક્રીએટીનિનની તપાસ કરાવવી અને પેશાબમાં પ્રોટીનની તપાસ કરાવવી જોઈએ. આ ત્રણ સામાન્ય તપાસ કિડનીના રોગના વહેલા નિદાન માટે ખૂબ જ ઉપયોગી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે તંદુરસ્ત જીવનશૈલી કિડનીને સુરક્ષિત રાખવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. નિયમિત કસરત કરવી, પોષણયુક્ત આહાર લેવો, યોગ્ય વજન જાળવવું અને ખોરાકમાં મીઠું, ખાંડ, ઘી-તેલ અને ફાસ્ટફૂડનું પ્રમાણ ઓછું રાખવું જરૂરી છે. સાથે સાથે ડાયાબિટીસ અને બ્લડપ્રેશરને નિયંત્રણમાં રાખવું કિડનીને નુકસાનથી બચાવવા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. તંદુરસ્ત વ્યક્તિએ પૂરતું પાણી પીવું, તમાકુ, ગુટકા, માવા અને દારૂ જેવી આદતોનો ત્યાગ કરવો અને ડોક્ટરની સલાહ વગર દવાઓ ખાસ કરીને દુખાવાની દવાઓ લેવી ટાળવી જોઈએ.

### કિડનીના રોગોના લક્ષણો

**પેશાબ ઓછો થવો અને શરીરમાં પાણી ભેગું થવાથી સોજા આવવા. સવારે આંખની નીચે સોજા હોવા એ કિડની રોગની સૌપ્રથમ નિશાની હોઈ શકે. શરીરમાં કચરો (યુરિયા, ક્રિએટીનીન) વધે એટલે ભૂખ ઓછી લાગવી, ઉલટી અને ઉબકા આવવા. શરીરમાં પાણી વધવાને કારણે શ્વાસ ચડવો. સામાન્ય રીતે બ્લડ પ્રેશર ૩૫-૪૦ વર્ષે જોવા મળે છે. પરંતુ જો નાની ઉંમરે હાઈ બ્લડ પ્રેશર આવે, નિદાન વખતે જ પ્રેશર ૨૦૦/૧૨૦ જેટલું ઊંચું હોય, અથવા ઘણી દવાઓ લેવા છતાં પ્રેશર કાબુમાં ન આવે, તો તે કિડનીની તકલીફની નિશાની હોઈ શકે છે.**




### ડો. સંજય પંડ્યાના મતે કિડની બચાવવા માટેના ઉપાયો

**નિયમિત કસરત કરો, પૌષ્ટિક આહાર અને વજન પર નિયંત્રણ કરવો જોઈએ, દિવસનું ૨ થી ૩ લીટર પાણી પીવું જોઈએ. ધૂમ્રપાન અને તમાકુનો ત્યાગ કરવો. ડોક્ટરની સલાહ વગર દવા ન લેવી. ૪૦ વર્ષ પછી દર વર્ષે રૂટીન ચેકઅપ કરાવવો જોઈએ. પેશાબમાં ફેરફાર કે સોજા જણાય તો તુરંત જ તપાસ કરવી લેવી.**

વિશ્વભરમાં કિડની અંગે જાગૃતિ ફેલાવવા માટે કિડની એજયુકેશન ફાઉન્ડેશન દ્વારા www. Kidney Education. com નામની વેબસાઈટ શરૂ કરવામાં આવી છે, જેમાં કિડનીના રોગો અંગે સંપૂર્ણ માહિતી ૪૦ ભાષાઓમાં ઉપલબ્ધ છે. રાજકોટના ડો. સંજય પંડયા તથા વિશ્વના ૨૪ દેશોના ૧૦૦થી વધુ કિડની નિષ્ણાતોની ટીમ દ્વારા તૈયાર કરવામાં આવેલી આ વેબસાઈટ વિશ્વભરના લોકો માટે ખૂબ ઉપયોગી બની રહી છે.

આ વેબસાઈટ પર તમારી કિડની બચાવો નામનું લગભગ ૨૦૦ પાનાનું પુસ્તક પણ ૪૦ ભાષાઓમાં નિઃશુલ્ક ઉપલબ્ધ છે, જેને કોઈપણ વ્યક્તિ ડાઉનલોડ કરી શકે છે અથવા વ્હોટસએપ દ્વારા પણ મેળવી શકે છે. અત્યાર સુધી આ વેબસાઈટને ૧૦ કરોડથી વધુ હિટ્સ મળી ચૂક્યા છે અને લાખો લોકોએ પુસ્તક ડાઉનલોડ કરીને તેનો લાભ લીધો છે. વિશ્વમાં એક જ વેબસાઈટ પર સૌથી વધુ ભાષાઓમાં કિડની અંગે માહિતી ઉપલબ્ધ કરાવવાના યોગદાન બદલ આ વેબસાઈટને વર્લ્ડ રેકોર્ડ એવોર્ડથી પણ સન્માનિત કરવામાં આવી છે.

વિશ્વ કિડની દિવસ નિમિત્તે રાજકોટની જલારામ હોસ્પિટલ ખાતે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડો. સંજય પંડયાએ દર્દીઓ અને નાગરિકોને કિડનીના રોગોથી બચવા માટેની કાળજી, વહેલી તપાસ અને યોગ્ય સારવાર અંગે માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન જલારામ હોસ્પિટલમાં કિડનીના દર્દીઓની સારવાર વધુ સુવિધાજનક બને તે માટે નવ હિમોડાયાલિસિસ મશીનો દાનમાં આપનાર દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ મશીનો સ્વ. વિમલાબેન દિનેશભાઈ કોઠારી, સ્વ. ભાનુમતીબેન રમેશચંદ્ર રાચ્છ, સ્વ. નરેશભાઈ કરસનદાસ પાબારીના સ્મરણાર્થે તેમજ અજયભાઈ કારિયા (ઈ.પી.પી. કોમ્પોસાઈટ્સ પ્રા. લિ.) અને જી.ટી. રોઠ મેડિકલ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા આપવામાં આવ્યા હતા.

વિશ્વભરમાં કિડની અંગે જ્ઞાન ફેલાવવાની સાથે ડો. સંજય પંડયાએ પોતે પણ ત્રણ ડાયાલિસિસ મશીનો જલારામ હોસ્પિટલને અર્પણ કરીને દર્દીઓની સેવા માટે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. તેમનું આ યોગદાન તબીબી ક્ષેત્ર માટે પ્રેરણારૂપ અને અનુકરણીય ગણવામાં આવી રહ્યું છે.

લોહીમાં ફિકાશ આવવી (એનિમિયા), લાલ પેશાબ આવવો, વારંવાર પેશાબ જવું

(અનુ. આઠમા પાને)

# સમયસર તપાસથી કિડનીના ગંભીર રોગથી બચી શકાયઃ ડૉ. જીતેન્દ્ર અમલાણી

## અબતકની શુભેચ્છા મુલાકાતમાં ડો. પ્રતીક અમલાણીએ વિશ્વ કિડની દિવસ નિમિત્તે જનજાગૃતિ અને માર્ગદર્શન ખૂબ જ જરૂરી હોવાનું જણાવ્યુ



કાલે યુરોકેર હોસ્પિટલ ખાતે કિડની રોગોની રાહત દરે સારવાર અને રક્તદાન કેમ્પનું આયોજન

**અબતક, રાજકોટ**

વિશ્વ કિડની દિવસ નિમિત્તે રાજકોટ ખાતે કિડનીના આરોગ્ય અંગે જનજાગૃતિ માટે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમનો મુખ્ય હેતુ લોકોને કિડનીના આરોગ્ય અંગે જાગૃતિ ફેલાવવાનો તથા કિડનીના રોગોની વહેલી તકે ઓળખ અને સમયસર સારવાર અંગે માર્ગદર્શન આપવાનો રહ્યો હતો.

આ વર્ષની વિશ્વ કિડની દિવસની થીમ ''તમારી કિડની સ્વસ્થ છે? વહેલી તકે તપાસ કરો'' રાખવામાં આવી છે. આ થીમ દ્વારા લોકોને સંદેશ આપવામાં આવ્યો કે સમયસર આરોગ્ય તપાસ અને યોગ્ય સારવાર દ્વારા કિડનીના ઘણા ગંભીર રોગોથી બચી શકાય છે.

કાર્યક્રમ દરમિયાન નિષ્ણાત તબીબોએ જણાવ્યું હતું કે આજકાલ ડાયાબિટીસ અને બ્લડ પ્રેશર જેવા રોગોના કારણે કિડનીને નુકસાન થવાની શક્યતા વધી રહી છે. ઘણી વખત કિડનીના રોગો શરૂઆતમાં કોઈ ખાસ લક્ષણો દર્શાવતા નથી, તેથી નિયમિત આરોગ્ય તપાસ કરાવવી અત્યંત જરૂરી છે.કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર-કચ્છના નિષ્ણાત યુરોલોજિસ્ટ ડૉ. જીતેન્દ્ર અમલાણી, ડૉ. જીમેન ગોહેલ, ડૉ. પ્રતીક અઠવાણી અને ડૉ. વૃતિ કવસરિયા અમવાણી દ્વારા કિડનીના આરોગ્ય અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

તબીબોએ ખાસ કરીને બાળકોમાં વધતા જંક ફૂડના ઉપયોગ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. જંક ફૂડમાં મીઠું, ચરબી અને પ્રિઝર્વેટિવ્સનું પ્રમાણ વધુ હોવાથી લાંબા ગાળે કિડની સહિત શરીરના અન્ય અંગો પર નકારાત્મક અસર પડી શકે છે. તેથી સંતુલિત અને પૌષ્ટિક આહાર અપનાવવો જરૂરી હોવાનું જણાવ્યું હતું.તેમજ રાજકોટ ખાતે અદ્યતન રોબોટિક સર્જરીની સુવિધા ઉપલબ્ધ હોવાથી હવે અનેક જટિલ યુરોલોજીકલ સર્જરી વધુ ચોકસાઈ અને સલામતી સાથે કરવામાં આવી રહી હોવાનું પણ તબીબોએ જણાવ્યું હતું.

વિશ્વ કિડની દિવસ નિમિત્તે તા. ૧૨ માર્ચે યુરોકેર હોસ્પિટલ ખાતે સવારે ૯૦૦ વાગ્યાથી કિડની સંબંધિત રોગોની રાહત દરે સારવાર સાથે રક્તદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં લોકો વધુમાં વધુ સંખ્યામાં લાભ લેવા માટે અપીલ કરવામાં આવી છે.

### ડોક્ટરની સલાહ વગર લેવાતી દવાઓ પણ કિડનીને ગંભીર અસર પહોંચાડેઃ પ્રતીક અમલાણી

**કિડનીના આરોગ્યને જાળવવા માટે તબીબો દ્વારા કેટલાક મહત્વપૂર્ણ સૂચનો આપવામાં આવ્યા છે. સ્વસ્થ શરીર વજન જાળવવું અને નિયમિત વ્યાયામ કરવાની આદત વિકસાવવી જરૂરી છે. બ્લડ પ્રેશર તેમજ બ્લડ શુગર (ડાયાબિટીસ) નિયંત્રણમાં રાખવું, દરરોજ પૂરતું પાણી પીવું અને મીઠું તથા તેલવાળો ખોરાક ઓછો લેવો પણ કિડનીના આરોગ્ય માટે લાભદાયક છે. ઉપરાંત ધૂમ્રપાન અને નશીલા પદાર્થોથી દૂર રહેવું પણ અત્યંત જરૂરી ગણાય છે.**

**અબતક સાથેની વાતચીતમાં ડૉ. પ્રતિક અમલાણીએ જણાવ્યું હતું કે ખાસ કરીને સૌરાષ્ટ્ર વિસ્તારમાં કિડનીના રોગોમાં વધારો જોવા મળી રહ્યો છે. તેમાં ડાયાબિટીસ મુખ્ય કારણ છે. ઉપરાંત કોઈપણ નાના-મોટા રોગ માટે ડોક્ટરની સલાહ વગર લેવાતી દવાઓ પણ કિડનીને ગંભીર અસર પહોંચાડે છે. તેથી કોઈપણ દવા લેતા પહેલા તબીબી સલાહ લેવી અત્યંત જરૂરી છે.**

# ભાજપમાં કોઇ જુથવાદ નથી રાજકોટમાં 'કમળ' ફરી ખીલશેઃ અનિરૂદ્ધ દવે

## પ્રભારી બન્યાં પ્રથમ વખત રાજકોટ પધારેલા પ્રદેશ મહામંત્રી અનિરૂદ્ધ દવેનું શાનદાર સ્વાગતઃ યુવા ભાજપે બાઇક રેલી સાથે આવકાર્યા

### કોર્પોરેશનના પદાધિકારીઓ - કોર્પોરિટરો સાથે પરિચય બેઠકઃ વોર્ડ પ્રભારી, પ્રમુખ અને મહામંત્રીઓને સંગઠનલક્ષી માર્ગદર્શન આપ્યું







**અબતક, રાજકોટ**

ગુજરાત પ્રદેશ ભાજપ મહામંત્રી અને રાજકોટ શહેરના સંગઠનના પ્રભારી અનિરૂદધભાઈ દવે આજે રાજકોટના મહેમાન બન્યા હતા. તેઓનું પક્ષના કાર્યકર્તાઓ અને હોદેદારો દ્વારા શાનદાર સ્વાગત કરવામાં આવ્યું હતું. યુવા ભાજપ દ્વારા બાઈક રેલી સાથે તેઓને આવકારવામાં આવ્યા હતા. કોર્પોરેશનના પદાધિકારીઓ અને કોર્પોરેટરો સાથે તેઓએ પરિચય બેઠક યોજી હતી. વોર્ડના પ્રભારી પ્રમુખ અને મહામંત્રીઓને સંગઠન લક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

પ્રદેશ મહામંત્રી અને સૌરાષ્ટ્ર ઝોનના ઈન્ચાર્જ અનિરૂદ્ધભાઈ દવેની રાજકોટ મહાનગરના પ્રભારી તરીકે નિયુકિત કરવામાં આવી છે. નિયુક્તિ બાદ આજે તેઓ પ્રથમવાર રાજકોટ આવ્યા હતા. યુવા ભાજપ દ્વારા શિતલ પાર્કથી કલમમ સુધી બાઈક રેલી કાઢી પ્રભારીને આવકાર આપવામાં આવ્યો હતો. દરમિયાન પત્રકારો સાથેની વાતચીત દરમિયાન પ્રદેશ ભાજપ મહામંત્રી અનિરુધ્ધભાઈ દવેએ જણાવ્યું હતું કે, ભાજપમાં કોઈ પણ પ્રકારનો જુથવાદ નથી અને બધા એક જ છીએ. રાજકોટ મહાપાલિકાની આગામી ચુંટણીમાં પણ ભાજપનું કમલ સોળે કલાએ ખીલશે.

તેઓ 'કમલમ' ખાતે કોર્પોરેશનના પદાધિકારીઓ અને કોર્પોરેટરો સાથે બેઠક યોજી હતી. ત્યારબાદ તમામ ૧૮ વોર્ડના વોર્ડ પ્રભારી, વોર્ડ પ્રમુખ અને વોર્ડ મહામંત્રી સાથે બેઠક યોજી તમામને ચુંટણી માટે તૈયાર થઇ જવા હાંકલ કરી હતી.

હું તો આઠે સમા કેરી ઝાંખી રે કરૂં

# મોઢ વણિક મહાજન દ્વારા રવિવારે અલૌકિક ધર્મોત્સવ “શ્રીનાથજીની ઝાંખી”

## યુવીએમસી પાર્ટી લોન્સના તૃતીય વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે ભક્તિ સભર આયોજન; ખ્યાતનામ સિંગર આસીફ જેરિયા સાથે ૪૬ સભ્યોનું કલાવૃંદ મોઢ વણિક જ્ઞાતિને શ્રીજી ભક્તિમાં કરશે રસ તરબોળ

## મોઢ વણિક મહાજનના પ્રમુખ ભાગ્યેશ વોરા, કિરેન છાપિયા, કેતન પારેખ સહિતનાં ટ્રસ્ટીઓ દ્વારા જ્ઞાતિજનોને ઉમટી પડવા હાંકલ; મોઢ મહોદયના પૂર્વ રાષ્ટ્રીય પ્રમુખ હર્ષદભાઈ શાહ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારશે


મોઢ વણિક મહાજન આયોજીત ધર્મોત્સવ અબતક પર લાઈવ નિહાળો

અબ તક CHANNEL

| ઈન કેબલ | ડેન નેટવર્ક | રિયલ જીટીપીએલ-સુરત | સહયોગ નેટવર્ક |
|---|---|---|---|
| ૫૬૧ | ૫૭૩ | ૩૫૦ | ૧૦૫ |

YouTube Live f LIVE @abtakmedia

શ્રી નાથજીની ઝાંખી લાઈવ નિહાળો અબતક પર ૧૫ માર્ચે રવિવારે




**અબતક, રાજકોટ**

શ્રી મોઢવણિક મહાજન રાજકોટ દ્વારા યુવીએમસી પાર્ટી લોન્સના તૃતીય વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે આગામી ૧૫ માર્ચને રવિવારના રોજ ‘‘શ્રીનાથજી ની ઝાંખી‘‘ તથા વિરાટ જ્ઞાતિ ભોજન મહાપ્રસાદનું ભકિત સભર આયોજન કરવામાં આવ્યું છે.જેમાં ગુજરાતના ખ્યાતનામ ગાયક આસીફ જેરીયા અને તેમની ટીમના ૪૬ કલાકારો જ્ઞાતિજનોને શ્રીજીના અષ્ટસમાની ઝાંખીના દર્શન સુમધુર સંગીત સાથે કરાવશે.

આ અંગે વધુ માહિતી આપતા મોઢ વણિક મહાજન રાજકોટના યુવા પ્રમુખ ભાગ્યેશ વોરા, મેનેજિંગ ટ્રસ્ટી કિરેન છાપિયા, ઉપપ્રમુખ સુનિલ વોરા, મંત્રી અશ્વિન વડોદરિયા, સહમંત્રી કેતન પારેખ અને ખજાનચી નીતિન વોરાએ જણાવ્યું હતું કે, શ્રી મોઢવણીક મહાજનની સ્થાપના વર્ષ ૧૮૭૨માં શેઠશ્રી ઉજમશીભાઈ વીરચંદભાઈ વોરા દ્વારા કરવામાં આવી હતી. તેઓ શ્રીના મુખ્ય અનુદાનથી શહેરના હાથીખાના મેઈન રોડ પર વર્ષ ઈ.સ. ૧૮૯૮ માં મોઢવણિક જ્ઞાતિની ૨૦૦૦ ચોરસ વારની જગ્યામાં વાડીની સ્થાપના કરવામાં આવી હતી. પરિવર્તનએ સંસારનો નિયમ છે. તે મુજબ વર્તમાન ટ્રસ્ટી મંડળ દ્વારા ૧૨૫ વર્ષ જૂની હાથી ખાના સ્થિત વાડીનું ૩૧ માર્ચ ૨૦૨૩ ના રોજ નવા આધુનિક રાજકોટ પર સ્થળાંતર કરવામાં આવ્યું અને અહીં ૪૦૦૦ ચોરસ વા માં એક વિશાળ અને અધતન સુવિધાઓથી સજ્જ પાર્ટી પ્લોટનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ યુવીએમસી પાર્ટી લોન્સને ખુલ્લો મુકાયાની ક્ષણને બે વર્ષ પૂરા થઈ રહ્યા છે. અને તૃતીય વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે માત્રને માત્ર મોઢવણિક જ્ઞાતિ માટે શ્રીનાથજીની ઝાંખીનું આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમ અંગે વધુ માહિતી આપતા મહાજન ટ્રસ્ટીઓ જગદીશ વડોદરિયા, સંજય મણિયાર, ઈલેશ પારેખ અને ધર્મેશ વોરા જણાવે છે કે ગુજરાતના અગ્રીમ હરોળના કલાકાર આસિફ જેરિયા અને હાર્મની ઈવેન્ટ ની ટીમના ૪૬ સભ્યો દ્વારા જ્ઞાતિજનોને શ્રીજીના આઠ સમા મંગળા, શૃંગાર, ગ્વાલ, રાજભોગ, ઉથાપન, ભોગ, આરતી અને શયનના અલૌકિક દર્શન સુમધુર સંગીત સાથે કરાવવામાં આવશે. યોગાનુયોગ ૧૫ મી માર્ચ ‘‘એકાદશી‘‘ ની તિથિ હોય વિરાટ જ્ઞાતિ ભોજન મહાપ્રસાદમાં જ્ઞાતિજનોને ફરાળ પીરસવામાં આવશે. આ ધર્મોત્સવમાં મોઢ મહોદયના પૂર્વ રાષ્ટ્રીય પ્રમુખ અને જ્ઞાતિ અગ્રણી દાતાશ હર્ષદભાઈ શાહ સવિશેષ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારશે.

શ્રીનાથજીની ઝાંખી અને જ્ઞાતિ મહાપ્રસાદના મનોરથી બનવાનું સદભાગ્ય અંજલિબેન વોરા, રીપલબેન છાપીયા, પ્રીતિબેન વોરા, કલ્પનાબેન વડોદરિયા, હર્ષાબેન પારેખ, મીતાબેન વોરા, મીતાબેન મણીયાર, અંજનાબેન વડોદરિયા, આશાબેન પારેખ અને વેજલ્સબેન વોરાને પ્રાપ્ત થયું છે. આ અલૌકિક ધર્મોત્સવમાં સહભાગી થવા જ્ઞાતિજનોને શ્રી મોઢ વણિક મહાજન રાજકોટના સર્વ ટ્રસ્ટી

(અનુ. આઠમા પાને)

# ઓલ ઈન્ડિયા વુડબોલ સ્પર્ધામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની યશ્વી ઉનડકટે બ્રોન્ઝ જીત્યો



**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટની વીરબાઈ મહિલા કોલેજની એફવાય બીકોમમાં અભ્યાસ કરતી ખેલાડી યશ્વી ધર્મેશભાઈ ઉનડકટે ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સીટી વૂડબોલ ચેમ્પિયનશિપમાં સિંગલ સ્ટ્રોક ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને ગૌરવ અપાવ્યું છે.

મહિલા દિવસની ઉજવણીના પાવન અવસરે પ્રાપ્ત થયેલી આ સિદ્ધિ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના રમતગમત ક્ષેત્રે વધતા પ્રભાવનું એક ઉત્તમ ઉદાહરણ બની છે. ઓલ ઈન્ડિયા સ્તરે મેડલ મેળવવો કોઈપણ ખેલાડી માટે ગૌરવપૂર્ણ અને મહેનતનું પરિણામ ગણાય છે.ઉત્તમ સિદ્ધિ બદલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડો. ઉત્પલ જોશી, રજિસ્ટ્રારશ્રી, તથા ઈન્ચાર્જ શારીરિક શિક્ષણ નિયામક ડો. હરીશ રાબા દ્વારા ખેલાડી યશ્વી ઉનડકટને હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.


ટીમ સાથે જનાર મેનેજર જોષી ક્રિષ્ન તેમજ કોલેજના પ્રિન્સિપાલ તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના શારીરિક શિક્ષણના આચાર્ય-અધ્યાપકો દ્વારા પણ ખેલાડીની આ ઝળહળતી સિદ્ધિ બદલ અભિનંદન વ્યક્ત કરવામાં આવ્યા હતા.

ઓલ ઈન્ડિયા સ્તરે બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત થવાથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ રમતગમત ક્ષેત્રે એક નવી સિદ્ધિ ઉમેરતા ફરી એકવાર સાબિત કર્યું છે કે યુનિવર્સિટી એઆઈયુ સ્તરે રમતગમત અને સ્પર્ધાના આયોજનમાં સતત ઉત્તમ કાર્ય કરી રહી છે.

# ભગવતીપરા મેઈન રોડ એલઈડી લાઈટથી ઝળહળ્યો

## શહેર ભાજપ મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રાના હસ્તે ઉદઘાટનઃ સ્થાનિક નાગરીકોને સુરક્ષીત અને સુવિધાજનક વાહન વ્યવહારનો લાભ મળશે





**અબતક, રાજકોટ**

વિધાનસભા-૬૮ ના વોર્ડ નં. ૪ ખાતે ભગવતીપરા મેઈન રોડ પર સેન્ટ્રલ ડિવાઈડરમાં આધુનિક એલ.ઈ.ડી. લાઈટીંગ સુવિધાનું ઉદ્ઘાટન શહેર ભાજપ મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ લાઈટીંગ વ્યવસ્થા શરૂ થતાં વિસ્તારમાં રાત્રિના સમયે માર્ગ વધુ પ્રકાશિત બનશે અને વાહનચાલકો તથા સ્થાનિક નાગરિકોને સુરક્ષિત અને સુવિધાજનક વાહન

(અનુ. આઠમા પાને)

# સરકારના ઐતિહાસિક કામોને કારણે વિપક્ષ નિરૂતરઃ ભાજપ પ્રભારી ભરત આર્ય

## જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે નવનિયુકત પ્રભારી ભરતભાઈ આર્યની અધ્યક્ષતામાં પરિચય બેઠક યોજાઈ



**અબતક, રાજકોટ**

ગુજરાત ભાજપ દ્વારા તાજેતરમાં તમામ જીલ્લાઓમાં સંગઠન પ્રભારીની નિમણુક કરવામાં આવી છે, ત્યારે પાટણના ભરતભાઈ આર્યની રાજકોટ જીલ્લાના સંગઠન પ્રભારી તરીકે નિમણુક કરવામાં આવી છે. ત્યારે રાજકોટ જીલ્લા ‘‘કમલમ ‘‘ ખાતે જિલ્લા ભાજપ સંગઠનની પ્રથમ પરિચય બેઠકનું આયોજન કરવામાં આવેલ, જેમાં જીલ્લાના તમામ મંડલના પ્રમુખ-મહામંત્રી,વિવિધ મોરચાના હોદ્દેદારો તેમજ જીલ્લા સંગઠનના હોદ્દેદારો સાથે પરિચય બેઠકમાં ભરતભાઈ આર્યએ જણાવેલ કે, તમે બધા અહીં જૂના અને ખૂબ સિનિયર કાર્યકર્તાઓ છો. આપણું સંગઠન અને રાજ્ય અને કેન્દ્ર સરકારે કરેલા ઐતિહાસિક વિકાસના કામોને કારણે આપણી સામે કોઈને બોલવાની હિંમત નથી.

જિલ્લાના નવનિયુકત પ્રભારી ભરતભાઈ આર્યએ જિલ્લાના હોદેદારો, મીડીયા, સોશિયલ મીડીયા, આઈ.ટી.ના કન્વીનરઓ, કાર્યાલય મંત્રી, વિવિધ મંડળના પ્રમુખઓ, મહામંત્રીઓ,વિવિધ મોરચાના પ્રમુખ, મહામંત્રીઓ, હોદ્દેદારો સાથે પ્રથમ વખત વિધિવત પરિચય કેળવ્યો હતો. ભરતભાઈ આર્યએ સંગઠન વિશે શીખ સાથે

(અનુ. આઠમા પાને)

# વોર્ડ નં.૯ અને ૧૧ માં ઉમિયા રથનું ભવ્ય સ્વાગતઃ જનમેદની ઉમટી






## ઈશ્વરીયા ગામે ૨૧મીથી ત્રિવેણી સમારોહ પાટીદાર પરિવારોને સમુહ ભોજનમાં જોડાવા પ્રમુખ મૌલેશભાઈ ઉકાણીનું આહવાન

### આતશબાજી-રંગોળીનું સુશોભન બહેનોના તલવાર રાસે પાટીદારોને કર્યા મંત્રમુગ્ધ



**અબતક, રાજકોટ**

ઉમિયાધામ સિદસર દ્વારા રાજકોટની ભાગોળે કાલાવડ રોડ ઉપર ઈશ્વરીયા ગામ ખાતે તા. ૨૧ થી ૨૫ માર્ચ દરમ્યાન યોઃનાર ‘ત્રિવેણી સમારોહ’ ના ભાગરૂપે આજ સુધી કુળદેવી મા ઉમિયાનો રથ સમગ્ર રાજકોટમાં વિવિધ વોર્ડ વાઈઝ વિસ્તારોમાં પરિભ્રમણ કરી રહયો છે. તમામ કડવા પાટીદાર પરિવારોને આમંત્રણ મળી રહે તે નેમ સાથે ફરતી રથયાત્રાનું વિવિધ વિસ્તારોમાં ભવ્યાતિ ભવ્ય સ્વાગત થઈ રહયુ છે. પાટીદારોએ માતાજીના રથની વધામણી કરી ઉત્સાહભેર ઉજવણી કરી હતી.

તા.૨૧ થી ૨૫ દરમ્યાન યોજાનાર ‘ત્રિવેણી સમારોહ’ માં ઈશ્વરીયા ખાતે ૩૨ વિઘા જમીનમાં અધતન સુવિધાઓથી સભર શૈક્ષણિક સંકુલ ‘જીવન વિદ્યાપીઠ રાજકોટ’ નું ભૂમી પૂજન, ૨૫ કુંડી પાંચ દિવસીયા મહાયજ્ઞ, રાજકોટમાં વસતા તમામ કડવા પાટીદારનું સમૂહ જ્ઞાતીભોજન યોજાનાર છે. જગત જનની જગદંબા મા ઉમિયાની કૃપાથી રાજકોટના આંગણે આ અનેરા અમૂયો અવસરને વધાવવા સમગ્ર કડવા પાટીદાર

(અનુ. આઠમા પાને)

# ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા અઢી વર્ષમાં ‘જન નાયક’ તરીકે ઉભરી આવ્યા

## પ્રજાના પ્રતિનિધિ તરીકે સતત નાગરિકોની સાથે ઉભા રહી તેઓના વિશ્વાસને વધુને વધુ મજબૂત બનાવવાની ફરજ સફળતાપૂર્વક બજાવ્યાનો આત્મસંતોષઃ ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના ૩૪માં ડેપ્યુટી મેયર અને વોર્ડ નં.૩ના કોર્પોરેટર નરેન્દ્રસિંહ જાડેજાએ ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૩થી કાર્યભાર સંભાવ્યો હતો. અઢી વર્ષના આ કાર્યકાળમાં પોતાના વોર્ડ ઉપરાંત સમગ્ર રાજકોટને વિકાસ પથ પર તેજ રફતારથી આગળ ધપાવનાર જુદાજુદા ક્ષેત્રોના વિકાસલક્ષી પ્રોજેક્ટ અને જનજાગૃતિના અભિયાનમાં પણ તેઓએ એક પદાધિકારી તરીકે સક્રિય ભૂમિકા નિભાવી હતી. પોતાના આ કાર્યકાળમાં શહેરની વિકાસયાત્રાને વણથંભી રાખવાના પ્રયાસોમાં મળેલી સફળતા બદલ ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજાએ ખુશી વ્યક્ત કરી હતી. સાથો સાથ જનપ્રતિનિધિ તરીકે આ સમયગાળામાં નાગરિકોને તેઓના પ્રશ્નો કે જાહેર સમસ્યાઓના નિરાકરણ લાવવામાં કોઈને કોઈ પ્રકારે સહયોગી બનવા બદલ પણ ડેપ્યુટી મેયરે આત્મસંતોષની લાગણી અનુભવી છે. તેઓ એમ માને છે કે, પ્રજાના પ્રતિનિધિ તરીકે પોતે નાગરિકોની સાથે ઉભા રહી તેઓએ મુકેલા વિશ્વાસને વધુ ને વધુ મજબૂત બનાવવાની ફરજ સફળતાપૂર્વક બજાવી છે તેનો પણ આનંદ છે.

ડેપ્યુટી મેયરના અથાક પ્રયત્નો થકી અનેક લોકઉપયોગી વિકાસ કામો સાકાર થયેલ છે. લોકોને સીધા જ સ્પર્શતા જુદા-જુદા પ્રાથમિક સુવિધાના પ્રશ્નો જેવા કે, પાણી, રસ્તા, ગટર, સ્ટ્રીટ લાઈટ, નાના બાળકો માટે આંગણવાડી, બગીચા, વૃક્ષારોપણ, લોકોની નાની મોટી સમસ્યાઓ તેમજ લોક ઉપયોગી જુદા જુદા પ્રશ્નોના હકારાત્માક નિરાકરણ માટે સતત લોકોની વચ્ચે રહી, લોકોના પ્રશ્નો હલ કરવા સતત પ્રયત્નશીલ રહેલ. શહેરના સર્વાંગી વિકાસ ઉપરાંત નવા ભળેલ વિસ્તારોમાં વિકાસને લગત તેઓના (અઢી)વર્ષ જેટલા કાર્યકાળ દરમ્યાન જુદા જુદા અનેક પ્રોજેક્ટ સાકાર થયેલ છે.

મહા પાલિકાના માધાપર સહિતના નવા ભળેલ વિસ્તારોમાં અમૃત મિશન ૨.૦ યોજના અંતર્ગત ડ્રેનેજ લાઈન કામગીરી, રૈયાધાર ઈ.એસ.આર.થી ડી.આઈ.પાઈપ લાઈન તથા રીસ્ટોરેશન કરવાનું કામ, મનહરપુરમાં વિધાર્થીઓ માટે નવી લાયબ્રેરી, હોસ્પિટલ ચોક, શાળા નં.૧૦ કેમ્પસમાં વિધાર્થી વાંચનાલય, રેલનગરમાં નવું ગાર્ડન, આરોગ્ય કેન્દ્ર, ડ્રેનેજ પાઈપ લાઈન, હાઉસ કનેકશન ચેમ્બર તથા રોડ રીસ્ટોરેશનનું કામ, પરસાણાનગરમાં પાઈપ ગટર નાખવાનું કામ તેમજ નવા ભળેલા માધાપર વિસ્તારમાં આવેલ સ્મશાનમાં જવા માટે રસ્તા પર જુનું પાઈપ કલવર્ટ દુર કરી નવું બનાવવાનું કામ, નવી વોર્ડ ઓફિસ બનાવેલ, બેડીનાકા ખાતે ડ્રેનેજ મીકેનીકલની નવી વોર્ડ ઓફિસ તથા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટની નવી વોર્ડ ઓફિસ, ઘંટેશ્વર - વર્ધમાન નગર વિસ્તારની વી-૮૮ સોસાયટીમાં ‘જનભાગીદારી યોજના’ હેઠળ ૧૫૦ એમ.એમ.તથા ૧૦૦ એમ.એમ.ડાયા.ની ડી.આઈ.પાઈપલાઈન નાખવાનું કામ, રેલનગર અંડરબ્રીજ રીનોવેશનનું કામ, પોપટપરા સ્મશાનની નવી કમ્પાઉન્ડ વોલ કામ, ટી.પી. સ્કીમના જુદા જુદા પ્લોટમાં કંમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ, ગાર્ડન કંમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ, રેલનગર વિસ્તારમાં નવી સ્ટ્રીટ લાઈટ નાખવાનુ કામ, રેલનગર ઈ.એસ.આર.થી સાધુવાસવાણી કુંજ રોડ સુધી રોડની બને બાજુ ફૂટપાથ તથા ફલાવર બેડ ટાઈપ ડિવાઈડર તથા સેન્ટ્રલ લાઈટીંગ નાખવાનું કામ, સી.સી. કામ તેમજ રેલનગરમાં જુદી જુદી સોસાયટીમાં રસ્તાઓને મેટલીંગ કરવાનુ કામ, રેલનગર અને માધાપર વિસ્તારમાં જુદી જુદી સોસાયટીઓની શેરીઓમાં ટી.પી.રોડ મેટલીંગ કરવાનું કામ, મહાદેવ પાર્ક તથા સનરાઈઝ સ્કૂલની પાછળનો રોડ વિગેરે વિસ્તારમાં ડામર પેવર કરવાનું કામ, રેલનગર વિસ્તાતરમાં સુન્દરમ સીટી ફ્લેટ્સ પાસે ડામર રોડનુ કામ, જુદી જુદી સોસાયટીઓની શેરીઓ તેમજ કોમન પ્લોટમાં પેવીંગ બ્લોકનું કામ, એઈમ્સ હોસ્પિટલ રોડ સેન્ટ્રલ લાઈટીંગ નાખવાનુ કામ, તથા જામનગર રોડ પર વરસાદી નિકાલ માટે પાઈપ ગટર નાખવાનું કામ સહિતના લોકોપયોગી પ્રોજેક્ટ્સ અને અનેકવિધ વિકાસ કામો સાકાર થયા હતા.

વોર્ડ નં.૩ તથા શહેરમાં આસપાસનો નવા ભણેલા વિસ્તાર વિકાસશીલ છે, જેમાં આગામી સમયમાં રેલનગર વિસ્તારમાં નવો કોમ્યુનિટી હોલ, નવી વોર્ડ ઓફિસ, નવું આરોગ્ય કેન્દ્ર તથા સ્વીમીંગ પુલ, ગાર્ડન તથા વિદ્યાર્થીઓના અભ્યાસ માટે નવી લાયબ્રેરીની જરૂરીયાત મુજબની સુવિધા આપવાનું આયોજન છે. સમગ્ર રાજકોટ તેમજ આસપાસના વિસ્તારરનું

(અનુ. આઠમા પાને)

# વૃંદાવન સહકારી બેંકમાંથી લોન મેળવી રૂ. ૧.૧૮ કરોડની બોગસ જમા પહોંચ બનાવી ઠગાઈ

## બાંધકામ કોન્ટ્રાકટરની જામીનદાર સાથે મળી કારીગરી : એક કરોડની લોન નહિ ભરવા ખોટી રસીદ બનાવી કોર્ટમાં જમાવી કરી દીધી

## ગુલામ હુસેન અંસારી અને દિપક વસાણી સામે એ.ડિવિઝન પોલીસ મથકમાં ગુનો

**અબતક, રાજકોટ**

શહેરના આનંદ બંગલા ચોક નજીક આવેલી વૃંદાવન સહકારી કો.ઓપ. બેંક સાથે બાંધકામ કોન્ટ્રકટરોએ ઠગાઈ આચરી હતી. એક કરોડની લોન મેળવી હપ્તા નહિ ભરતા મંડળી દ્વારા કોર્ટમાં દાવો કરાયો હતો. જેની સામે ભેજાબાજોએ કોર્ટમાં ૧.૧૮ કરોડની બોગસ જમા પહોંચ મૂકી ઠગાઈ આચરતાં એ.ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે અમીન માર્ગ પર ગોવર્ધન સોસાયટી કોર્નર પર રહેતાં બંટી રામકરણ યાદવ (ઉ.વ.૩૩) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ગુલામ હુસેન અન્સારી (રહે. મનહરપુર ધાર, જામનગર રોડ) અને દિપક જયંતિ વસાણી (રહે.ગાંધીગ્રામ શેરી નં.૨) નું નામ આપતાં એ.ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ છેલ્લા બારેક વર્ષથી મવડી પ્લોટમાં આવેલ વૃંદાવન સહકારી કો.ઓપ. સોસાયટીમા નોકરી કરે છે. શરૂઆતના આઠેક વર્ષ રીકવરી ઓફીસર તરીકે કામ કરતાં હતાં. વૃંદાવન સહકારી કો.ઓપ. સોસાયટીના પ્રમુખ તરીકે ભાવનાબેન ઠક્કર અને ઉપપ્રમુખ તરીકે કીશોરભાઈ દવે છે. આ મંડળીમા રૂપીયાની લેવડદેવડ તે અને તેના પિતા રામકરણભાઈ યાદવ કરે છે. મંડળીમાથી જો કોઈ લોન લઈ લોનના હપ્તા ના ભરે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવાની તમામ ઓથોરીટી તેમને આપવામા આવેલ છે.

દશેક વર્ષ પહેલા અમારી આ વૃંદાવન સહકારી મંડળીના સભ્ય ગુલામહુશેન મોહીયુદ્દીન અંસારી મંડળીમાંથી લોન લેવા આવેલ અને તેઓએ ફોર્મ તથા જરૂરી દસ્તાવેજો જમા કરાવેલ હતા. લોનના ફોર્મમા આ ગુલામહુશેન અંસારીએ રૂ.૧ કરોડની લોન લેવા અરજી કરેલ હતી,

જે મોર્ગેજ લોન ફોર્મમાં જામીનદાર તરીકે કુલ ત્રણ વ્યક્તિઓ જામીનદાર તરીકે હતા. આ ત્રણેય જામીનદારોએ રૂબરૂમા મોર્ગેજ લોનના ફોર્મમા પોતાની સહીઓ કરેલ હતી.

બાદ આ ગુલામહુશેન અંસારીને મંડળી દ્વારા રૂ.૧ કરોડની લોન તા ૦૪/૦૧/૨૦૧૬ ના રોજ મંજુર કરી તા. ૩૦/૦૧/૨૦૧૬ ના ૧ કરોડનો ચેક આપવામાં આવેલ હતો. આ મોરગેજ લોન લીધા બાદ આ ગુલામહુસેન અંસારીએ શરુઆતના સમયમા રૂ. ૧.૬૦ લાખનો એક હપ્તો તેમ ૬-૭ હપ્તા ભરેલ હતા. બાદ તેના દ્વારા હપ્તા ભરવામાં ના આવતા તેને અવારનવાર જાણ કરતા તેઓએ એકવાર રૂ.૨૨.૧૧ લાખ પોતાની લોન અંગે જમા કરાવેલ હતા. બાદ મોર્ગેજ લોનના હપ્તા ના ભરતા જામીનદારી આપનાર દિપકભાઈ જયંતીભાઈ વસાણી, રીપેંદ્રસીંહ અજીતસીંહ જાડેજા અને

મંજુલાબેન જયંતીભાઈ વસાણી વિરુધ્ધમાં લવાદ કોર્ટમા કેશ દાખલ કરેલ હતો.

બાદ આ ગુલામહુસેન તથા જામીનદાર વિરુધ્ધમા સિવીલ કોર્ટમા દાવો કરેલ જે દરમિયાન કોર્ટમાં આ દિપકભાઈ વસાણી અને ગુલામહુસેનેએ મંડળીની બાકી રહેતી લોનની રકમ તા.૧૭/૧૧/૨૦૧૭ ના રોજ રૂ.૭૦ લાખ તથા રૂ.૪૮,૪૮,૩૮૮ જમા કરાવિ દિધેલ છે તે અંગેની પહોંચ કોર્ટમા તા.૩૧/૧૨/૨૦૨૧ ના રોજ સાથેના દસ્તાવેજમા રજુ કરેલ હતી, જેની નકલ મંડળી તરફથી કેસ લડતા વકીલને મળતા તેઓએ આ અંગે જાણ કરતા તેઓને જણાવેલ કે, આ રૂપિયા જમા કરાવ્યા અંગેની પહોંચો ખોટી છે અને આ ગુલામહુસેન કે દિપકભાઈ જયંતીભાઈએ અમારી મંડળીમા મોર્ગેજ લોનની બાકી રહેતી રકમ જમા કરાવેલ નથી.

જેથી વકીલ દ્વારા કોર્ટમા જાણ કરતા કોર્ટ દ્વારા આ અંગે પોલીસ ફરીયાદ કરવાનું જણાવતા ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી એ.ડિવિઝન પોલીસે તપાસ આદરી હતી.

# કરણસિંહજી રોડ પર પાનના ધંધાર્થી પર ચશ્માના વેપારી બંધુ સહિતનાનો હુમલો

## દુકાન બહાર સામાન અને કચરો નહિ રાખવા અંગે સમજાવવા ગયેલા પ્રૌઢ પર ત્રિપુટી તૂટી પડી : ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

કરણસિંહજી મેઈન રોડ પર પાનની દુકાન ધરાવતા પ્રૌઢને પાડોશમાં દુકાન ધરાવતા શખ્સોએ માર માર્યો હતો. પ્રૌઢની દુકાન બહાર સામાન નહિ રાખવા તેમજ કચરો નહિ ફેંકવા અંગે સમજાવવા ગયેલા પ્રૌઢ પર ત્રિપુટી તૂટી પડી હતી. જે મામલે એ ડિવિઝન પોલિસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે ગોંડલ રોડ પર માલવિયા કોલેજ પાછળ શિવનગર શેરી નં -૯ માં રહેતા ૫૫ વર્ષીય પાનના ધંધાર્થી ચેતનભાઈ પ્રવિણભાઈ કેશરીયાએ આરોપી તરીકે રાજનગરમાં રહેતા ધનશ્યામ મહેશભાઈ રાવલ, અમિત મહેશભાઈ રાવલ અને બકુલભાઈનું નામ આપતાં જણાવ્યું હતું કે, મારે કરણસિંહજી મેઈન રોડ ઉપર કેશુભાઈના દવાખાનાની સામે સી.પી.પાન મસાલાની દુકાન આવેલ છે.

પ્રૌઢએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા-૦૮/૦૩/૨૦૨૬ ના બપોરના સવા એક વાગ્યે હું મારી દુકાન બંધ કરીને પરાબજારમા મારુ મોટર સાઈકલ લઈને દુકાનનો માલ ખરીદવા માટે ગયેલ હતો. બાદ બપોરના બે વાગ્યે પરત આવતા મારી દુકાનની બાજુમાં દિપક ઓપ્ટીકલ નામે દુકાન ધરાવતા ઘનશ્યામભાઈ મહેશભાઈ રાવલે મારી દુકાનના ઓટા પાસે તેઓનો સામાન રાખેલ હતો. તેમજ એ.સી. સાફ કરી તેનો કચરો પણ ત્યાં જ નાખેલ હતો જેનું પાણી અમારી દુકાનમા જતુ હતું. જેથી હું ઘનશ્યામભાઈને સમજાવવા જતા તેણે મને કહેલ કે, આ તમામ વસ્તુ ત્યાં જ રહેશે. બાદમાં તેણે તેની દુકાનમાંથી તેના ભાઈ અમિત રાવલ અને તેના માસીના દિકરા બકુલભાઈને બોલાવેલ હતા. બાદ ત્રણેય શખ્સો મને ગાળો આપવા લાગેલ હતા. ત્યારબાદ ધનશ્યામએ દુકાનમાંથી લાકડી કાઢી મને જમણા પગમા માર મારેલ હતો. અમિત તથા બકુલએ મને શરીરે ઢીકાપાટુનો માર મારેલ હતો. ત્યારે ધનશ્યામએ કહેલ કે, આજ તો તને પતાવી જ દેવો છે. જેથી મે રાડારાડી કરતા ત્યાં હાજર લોકો ભેગા થઈ જતા ત્રણેય જણા સામેની શેરીમા જતા રહેલ હતા. ત્યારબાદ પ્રૌઢ સારવાર અર્થે સરકારી હોસ્પિટલ ખાતે દાખલ થયેલ હતા. મામલામાં એ ડિવિઝન પોલિસે પ્રૌઢની ફરિયાદ પરથી ગુનો નોંધી ત્રણેય હુમલાખોરોની ધરપકડ કરવા તજવીજ આદરી હતી.

# લફરાબાઝ પતિએ માર મારી ઘરમાંથી કાઢી મુકતા પત્નીનો આપઘાતનો પ્રયાસ

## સંતાનોને ઘરે ટ્યુશન આપવા આવતી યુવતી સાથે આંખ મળી જતાં પતિ બેફામ બન્યો : પરિણીતાને ખૂનની ધમકી પણ આપી

**અબતક, રાજકોટ**

સત્યમ પાર્કમાં રહેતી પરિણીતાના બાળકોને ઘરે ટ્યુશન કરાવવા આવતી યુવતી સાથે પતિને આંખ મળી ગયા બાદ પરિણીતાએ તેને યુવતી સાથે સંબંધ ન રાખવાનું કહેતા તારે મને કંઇ કહેવાનું નહીં તેમ કહી ઢોર માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પતિએ ઘરમાંથી નીકળી જવાનું કહેતા પરિણીતાએ ફિનાઈલ ગટગટાવી લીધુ હતું. જે અંગે થોરાળા પોલીસ સ્ટેશનમાં પતિ વિરુદ્ધ ગુનો નોંધાયો છે.

જાણવા મળતી વિગતો મુજબ, ૮૦ ફૂટ રોડ, સત્યમ પાર્ક શેરી નંબર ૦૧,બ્લોક નંબર ૧૪ માં રહેતા જયશ્રીબેન ચાંડપા(ઉંમર ૪૨)એ થોરાળા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે તેના પતિ નવીન ચકુભાઈ ચાંડપાનું નામ આપ્યું હતું. પરિણીતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેના લગ્નને ૨૩ વર્ષ થયા છે.સંતાનમાં બે દીકરા અને બે દીકરી છે.

પરિણીતાએ ફરિયાદમાં વધુમાં જણાવ્યું હતું કે, આજથી બે ત્રણ વર્ષ પહેલા એક યુવતી તેના બાળકોના ક્લાસ લેવા ઘરે આવતા હતા. ક્લાસ પૂરા થયા બાદ પતિ યુવતીને ઘરે મૂકવા જતા હતા.તે દરમિયાન બન્ને વચ્ચે મિત્રતા બંધાઈ હતી.બન્ને ફોનમાં વાતચીત કરતા હતા અને ફરવા પણ જતા હતા.જેની પરિણીતાને જાણ આ સંબંધ ન રાખવાનું કહેતા પતિએ ઝઘડો કરી ''તારે રહેવું હોય તો રહેજે બાકી જતી રહેજે, હું ગમે એ કરું તારે મને કંઈ કહેવાનું નહીં'' તેમ કહી માનસિક ત્રાસ આપવા લાગ્યો હતો.

ગઈકાલ સવારે અગિયાર વાગ્યા આસપાસ પતિને'' ક્યાં જતા રહ્યા હતા'' તેમ પૂછતા પતિ ગાળો આપવા લાગ્યો હતો.પરિણીતાએ ગાળો આપવાની ના પાડતા પતિએ ''તારે મને કંઇ નહીં કહેવાનું''એમ કહી ઉશ્કેરાઈને પરિણીતાને ઢીકાપાટુનો મારમાર્યો તેમજ કમર અને મોઢાના ભાગે માર માર્યો હતો અને ધમકી આપી હતી કે''જો હવે પછી કંઇ પણ મને કહ્યું છે તો હું તને છરીના ઘા મારી જાનથી મારી નાખીશ'' ઘરમાંથી નીકળી જવાનું કહેતા પરિણીતાને એ વાતનું લાગી આવતા ફિનાઈલ ગટગટાવી લીધુ હતુ. બાદમાં પતિ વિરૂધ્ધ આ ફરિયાદ નોંધાવતા થોરાળ પોલીસે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.


# નકલી પોલિસમેન મિહિર કુગશિયા બીજી વાર પાસામાં ધકેલાયો

## પોલિસની ઓળખ આપી બસ સ્ટેન્ડ નજીક રાહદારીઓને લૂંટી લેતો પોપટપરાનો શખ્સ વડોદરા જેલ હવાલે : પીસીબીની કાર્યવાહી

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં નકલી પોલિસ બનીને ફરતો અને રાહદારીઓને લૂંટી લેતો પોપટપરાનો મીહિર કૂંગશીયા બીજી વખત પાસાના પાંજરે પુરાયો છે. પીસીબીની ટીમે વોરંટની બજવણી કરી મિહિરને વડોદરા જેલ હવાલે કર્યો હતો.

શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા દ્વારા શહેર વિસ્તારના લોકોની જાનમાલનુ રક્ષણ થાય અને ગુન્હાખોરી ઉપર અંકુશ રહે તે હેતુસર ગુન્હાહીત પ્રવૃતિ કરતા શખ્સો વિરૂધ્ધ અસરકાર અટકાયતી પગલા લેવાની આપેલ સુચનાથી શહેર વિસ્તારમાં પોલીસ હોવાની ખોટી ઓળખ આપી બળજબરીથી પૈસા પડાવવાના ગુન્હાઓમાં પકડાયેલ



મીહીર ભાનુ કુગશિયાની ગુન્હાહીત પ્રવૃતિ અટકાવવા માટે તેના ઉપર અસરકારક અટકાયતી પગલા લેવા જરૂરી હોય જેથી પીસીબી પીઆઈ એમ.આર.ગોંડલીયાએ મીહીર ભાનુ કુગશિયા (ઉ.વ.૨૧, રહે.પોપટપરા શેરી નં.૫ રામજી મંદીર પાસે) સામે પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલતા પોલીસ કમિશ્નર દ્વારા આરોપીની ગુન્હાહીત પ્રવૃતિ તથા ગુન્હા ધ્યાને લઈ પાસા અધિનીયમ હેઠળ વડોદરા જેલ ખાતે મોકલી આપવા હુકમ કરતાં આરોપીની અટકાયત કરી જેલ હવાલે કરવાં તજવીજ કરવામાં આવેલ છે.

ઉલ્લેખનીય છે કે, આરોપી મિહિર કુંગસિયા અવારનવાર બસપોર્ટ નજીક પડ્યો પાથર્યો રહેતો અને બસપોર્ટમાંથી નીકળતા અજાણ્યા લોકોને તે ટાર્ગેટ કરી રસ્તામાં તેને આંતરી પોતે પોલીસ હોવાની ઓળખ આપી ધાક ધમકી આપી લૂંટી લેવાની મોડસ ઓપરેન્ડી ધરાવતો હતો. અગાઉ તે એક વખત પાસામાં પણ ધકેલાયો છે, જે બાદ પણ તેને પોલીસની ઓળખ આપી ગુના આચરવાનું શરૂ જ રાખતા તેને ડેન્જર ઝોનમાં મૂકવામાં આવ્યો હતો.

# બસ સ્ટેન્ડ ખાતેથી મુસાફરોના ખિસ્સા હળવા કરતી બેલડી પાસામાં પુરાઈ


## એ ડિવિઝન પોલિસેં વોરંટની બજવણી કરી અમીન તરૈયાને સુરત જેલ અને મુકેશ વાળાને વડોદરા જેલમાં ધકેલ્યા

**અબતક, રાજકોટ**

એસટી બસમાં મુસાફરી કરતાં મુસાફરોના ખિસ્સા હળવા કરતી ગેંગના બે મુખ્ય સૂત્રધારો પાસાના પાંજરે પુરાયા છે. એ ડિવિઝન પોલિસેં એસટી બસપોર્ટ અને માધાપર ચોકડી પરથી ચડેલ લોકોના ખિસ્સા હળવા કરી રોકડ સેરવી લેતા અમીન તરૈયાને સુરત જેલ અને મુકેશ વાળાને વડોદરા જેલ ખાતે ધકેલી દીધા હતા.

બનાવની વિગતો પર નજર કરવામાં આવે તો વાણીયાવાડી ૩/૬ ના ખુણે રહેતાં

મનોજભાઈ તુલસીદાસ જાદવ (ઉ.વ.૫૭)નું બસ સ્ટેન્ડ ખાતેથી રૂ. ૧૧ હજારની રોકડ ભરેલું પાકીટ, રૈયાધાર સ્લમ કવાર્ટર શાંતિનગર ગેટની સામે પ્લોટ નં ૨૦ માં રહેતા જેન્તીભાઈ લાખાભાઈ મુછડીયા (ઉવ.૫૩) ના ખિસ્સામાંથી માધાપર બસ સ્ટેન્ડ ખાતેથી રૂ. ૬૦ હજાર મળી





ત્રણ લોકોને નિશાન બનાવનાર ટોળકીના ચાર સભ્યો તેમજ બસપોર્ટના બે ચોકીદારની એ ડિવિઝન પોલિસેં ધરપકડ કરી હતી.

શહેરમાં અવારનવાર મિલકત સંબંધી ગુના આચરતા શખ્સો ભવિષ્યમાં ગુના કરતા અટકાય તેવા ઉદ્દેશ્ય સાથે પાસાની કાર્યવાહી કરવાની ઉચ્ચ અધિકારીઓની સૂચનાને પગલે એ ડિવિઝન પોલીસ મથકના પીઆઈ બી વી બોરીસાગર દ્વારા અમીન અબ્દુલભાઈ તરૈયા (ઉવ ૫૫ રહે. શરૂ સેક્સા રોડ, જામનગર) અને મુકેશ જશુભાઈ વાળા (ઉવ ૬૨ રહે. ગાંધીનગર રેલ્વે સ્ટેશનની પાછળ, જામનગર) ની પાસા દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. જે દરખાસ્તને પોલીસ કમિશનરે મંજૂર કરતા એ ડિવિઝન પોલીસે અમીન અબ્દુલ તરૈયા અને મુકેશ જશુભાઈ વાળાના પાસા વોરંટની બજવણી કરી અમીન તરૈયાને સુરત સેન્ટ્રલ જેલ અને મુકેશ વાળાને વડોદરા સેન્ટ્રલ જેલ ખાતે ધકેલી દીધા હતા.

આ કામગીરી એ ડીવીઝન પોલીસ મથકના પીઆઈ બી વી બોરીસાગર, પીએસઆઈ એસ એમ રાણા, એએસઆઈ બી વી ગોહિલ, એમ એસ મકવાણા, બી બી પરમાર, હેડ કોન્સ્ટેબલ પ્રવીણભાઈ સોનારા, કલ્પેશભાઈ બોરીચા, સાગરભાઈ માવદીયા, કનુભાઈ બસીયા, મહેશભાઈ ચાવડા, કરણભાઈ વિરસોડિયા, કોન્સ્ટેબલ ધર્મેશભાઈ ખાંડેખા અને તેજસભાઈ ડેર દ્વારા કરવામાં આવી હતી.


**નામ બદલાવેલ છે**

હું નીચે સહી કરનાર વિનોદકુમાર ભીખાભાઈ ગોહિલ રહે.રાજકોટ આથી જાહેર કરૂં છું કે મારૂં જુનું નામ વિરેન્દ્રકુમાર બી. ગોહિલ હતું અને મેં મારૂ નવું નામ વિનોદકુમાર ભીખાભાઈ ગોહિલ રાખ્યું છે. હવેથી મને વિનોદકુમાર ભીખાભાઈ ગોહિલ તરીકે ઓળખવામાં આવશે.

**નામ બદલાવેલ છે**

હું નીચે સહી કરનાર **કુલદીપ હરેશભાઈ પીપળીયા** આથી જાહેર કરું છું કે મારું જૂનું નામ **કુલદીપ હરેશકુમાર પીપળીયા** હતું અને મેં મારું નવું નામ **કુલદીપ હરેશભાઈ પીપળીયા** રાખ્યું છે. હવેથી મને **કુલદીપ હરેશભાઈ પીપળીયા** તરીકે ઓળખવામાં આવશે.

**સરનામું:કુલદીપ હરેશભાઈ પીપળીયા શ્રીજી કૃપા, શેરી નં. ૧, રાધાનગર, ફિલ્ડ માર્શલ વાડી, નાના મવા મેઈન રોડ, રાજકોટ**

**:: જાહેર નોટીસ ::**

નં.એમ.એ.જી./જન્મ-મરણ/રજી.કેસ નં.૪૦/૨૦૨૬

શ્રી હસનભાઈ મામદભાઈ ચોટીયારા,
રહે.હડમતીયા, તા.તાલાલા, જિ.ગીર સોમનાથ
મો.નં. ૯૯૦૪૧૪૪૮૦૩ ..........અરજદાર

વિરૂધ્ધ

જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી,
જાવંત્રી તા. તાલાલા, જિ.ગીર સોમનાથ ..........સામાવાળા

**વિષયઃ- જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળ જન્મ-મરણ નોંધ કરવા બાબત.**

આથી, લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, આ કામના ઉપર લખેલા અરજદારે અત્રેની કોર્ટમાં જન્મ / મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) હેઠળ અરજી લાવી. અરજદારશ્રી હસનભાઈ મામદભાઈ ચોટીયારાનો જન્મ તા.૧૨/૦૫/૧૯૭૫ ના રોજ તાલાલા તાલુકાના મોજેઃ જાવંત્રી મુકામે થયેલ હોય. જેની જન્મની નોંધણી ગ્રામ પંચાયત કચેરી, જાવંત્રીના જન્મ-મરણ રજીસ્ટરમાં શરતચૂકથી કરવાની રહી ગયેલ હોય. જન્મ નોંધણી કરાવવા અરજદારશ્રીએ અત્રેની કોર્ટમાં રજૂઆત કરેલ છે. આ કામના સામાવાળા જન્મ અંગેની નોંધ દફ્તરે ચઢાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો, તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારકત અત્રેની કોર્ટમાં મુદત તા.૨/૪/૨૦૨૬ ના રોજ સમય ૧૨ કલાકે વાંધા / તકરાર તથા આધાર-પરાવા સાથે હાજર રહેવું.

મથાળે લખ્યા અરજદારશ્રીએ મુદતે સદરહુ જાહેર નોટીસ સમાચાર પત્રમાં પ્રસિધ્ધ કરી. સમાચાર પત્ર રજૂ કરવું. જે રજુ કરવામાં અરજદારશ્રી નિષ્ફળ ગયેથી તેમની અરજી અન્વયે ધોરણસરનો હુકમ કરવામાં આવશે.

અરજદારશ્રીએ સદરહુ જાહેર નોટીસ સમાચાર પત્રમાં પ્રસિધ્ધ કર્યાથી સદરહુ બાબતે કોઈને પણ કોઈપણ પ્રકારના વાંધા / તકરાર હોય તો, પ્રસિધ્ધિની તારીખથી દિન-૩૦ માં અત્રેને લેખિતમાં જરૂરી આધારો સાથે રજૂ કરી શકશે. જેની પણ લાગતા વળગતાઓએ નોંધ લેવી. આજ તા.૨૬/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિકકો કરીને નોટીસ ઈસ્યુ કરવામાં આવી.

કોર્ટનો સીકકો

એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
તાલાલા


# કાલાવડ રોડ પરથી બ્રોકરને કારમાં ઉઠાવી ગરાસિયા બોર્ડિંગ નજીક લઈ જઈ માર મરાયો

## આપણે પૂજા અંગે વાતચીત કરવી છે કહી બોલાવ્યો, તેણી સાથે સંબંધ નહિ રાખતો, તેં મારી મિત્ર છે કહી ધોકા વડે ફટકાર્યો : ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

શહેરના જિલ્લા ગાર્ડન ચોક પાસે કુંભારવાડામાં રહેતા અને સ્ટોક માર્કેટમાં બ્રોકર તરીકે કામ કરતા યુવાનને કાલાવડ રોડ પરથી કારમાં લઈ જઈ તું પૂજા રાબડીયા સાથે સંબંધ ન રાખતો તે મારી મિત્ર છે કહી ગરાસીયા બોર્ડિંગ પાસે યુવાનને પી.ટી.જાડેજા સહિત બે શખસોએ ધોકા વડે માર માર્યો હતો. જે અંગે માલવિયાનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. શહેરમાં જિલ્લા ગાર્ડન ચોક પાસે કુંભારવાડા શેરી નંબર ૧૨ કેનાલ રોડ પર રહેતા ઉદયભાઈ જગદીશભાઈ પરમાર (ઉ.વ.૨૧) દ્વારા માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે પૂર્વદિપસિંહ જાડેજા ઉર્ફે પી.ટી. જાડેજા તથા તેની સાથે આવેલ અજાણ્યા શખસનું નામ આપ્યું છે. યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે સ્ટોક માર્કેટમાં બ્રોકર તરીકે લીમડા ચોકમાં આવેલ એસ.કે.એસ.ઈ નામની ઓફિસમાં નોકરી કરે છે.

ગઈ તા. ૯/૩ ના સાંજના ચારેક વાગ્યે આસપાસ તેના મોબાઈલ પર અજાણ્યા નંબર પરથી કોલ આવ્યો હતો અને કહ્યું હતું કે, હું પી.ટી. જાડેજા બોલું છું તમે ક્યાં છો? જેથી યુવાને કહ્યું હતું કે હું કાલાવડ રોડ પર અક્ષર માર્ગ પર આવેલ યસ બેન્કમાં પૈસા ઉપાડવા માટે આવ્યો છું. જેથી પી.ટી. જાડેજાએ કહ્યું હતું કે, હું ત્યાં આવું છું આપણે માત્ર તારી મિત્ર પૂજા રાબડીયા બાબતે વાતચીત કરવી છે. પૂજા રાબડીયા દોઢેક વર્ષ પહેલા કોલેજમાં યુવાનની મિત્ર હતી.

થોડીવારમાં પી.ટી. જાડેજાનો ફરી ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે, અમે યસ બેન્કની સામે વાઈટ કલરની આઈ- ૨૦ કાર પડી છે ત્યાં ઉભા છીએ તું અહીં આવ જેથી યુવાન કાર પાસે ગયો હતો ત્યારે પી.ટી. જાડેજાએ કહ્યું હતું કે, મારું નામ પૂર્વદીપ સિંહ જાડેજા છે તું કારમાં પાછળની સીટ પર બેસી જા આપણે પૂજા રાબડીયા બાબતે વાતચીત કરવી છે. જેથી યુવાન કારમાં બેસી ગયો હતો કારમાં એક અજાણ્યો શખસ પણ બેઠો હતો. બાદમાં પીટી જાડેજાએ યુવાનને કહ્યું હતું કે તું પૂજા રાબડીયા સાથે સંબંધ ન રાખતો તે મારી મિત્ર છે. યુવાને કહ્યું હતું કે પૂજા તો દોઢેક વર્ષ પહેલાં મારી કોલેજમાં મિત્ર છે તમને એમાં શું વાંધો છે. આ દરમિયાન કારમાં વાતો કરતા કરતા કાર એસટી બસ સ્ટેન્ડ સામે આવેલ ગરાસિયા બોર્ડિંગ પાસે પહોંચતા બોર્ડિંગના ગેટ પાસે કાર પાર્ક કરીને યુવાનને નીચે ઉતરવા કહ્યું હતું. જેથી તે નીચે ઉતરી જતા પી.ટી. જાડેજાએ કારમાં બેસેલ અજાણ્યા વ્યક્તિને કહ્યું હતું કે તું કારમાં રહેલ લોકો લઈ લે અને આને માર. જેથી આ શખસે ધોકો લઈ યુવાનને બેઠકના ભાગે અને સાથળના ભાગે ઘા ફટકાર્યા હતા અને પીટી જાડેજા યુવાનને ફડાકા માર્યા હતા.

બાદમાં પી.ટી. જાડેજા કાર લઈ યુવાને બેસાડી કાલાવડ રોડ પર સ્વામિનારાયણ મંદિર સામે આવેલ નકળંગ ટી સ્ટોલ પાસે ઉતારીને ચાલ્યા ગયા હતા અને જતા જતા કહ્યું હતું કે, મારી મિત્ર પૂજા રાબડીયા સાથે ફરી પાછો સંબંધ રાખીશ તો હું તને પાછો મારીશ એવી ધમકી આપી તે જતા રહ્યા હતા. યુવાને કારના નંબર જોતા જીજે ૧૨ સીપી ૭૬૧૨ હતા ત્યારબાદ તેણે તેના પિતાને ફોન કર્યો હતો અને બાદમાં સરકારી હોસ્પિટલ સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો બાદમાં તેણે આ અંગે માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.


**પશ્ચિમ રેલવે - રાજકોટ મંડળ**

વિવિધ એન્જિનિયરિંગ કાર્યો

ઈ-ટેન્ડર સૂચના નં. 48 વર્ષ 2025-26 તારીખ 09.03.2026

| ક્ર. સં. | ઈ-ટેન્ડર નં | કામનું નામ | અંદાજિત NIT કિંમત (રૂ.માં) | અર્નેસ્ટ મની (રૂ.માં) |
|---|---|---|---|---|
| 1 | DRM-RJT-2025-26-E-96 | રાજકોટ મંડળ - સિનિયર DEN (પૂર્વ) આરજેટીના અધિકારક્ષેત્ર હેઠળ રીલીઝડ સ્લીપર બાઉન્ડ્રી મટ્ટમ પૂરું પાડવું (5000 નંગ) | ₹. 13061471.61 | ₹. 215300.00 |
| 2 | DRM-RJT-2025-26-E-97 | રાજકોટ મંડળ:- SSE(W)MVI હેઠળ MVI ખાતે TWS નું બેલેન્સ કાર્ય | ₹. 6283936.61 | ₹. 125700.00 |

**ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 31/03/2026 @ 15.00 કલાકે **કાર્યાલયનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જિનિયરિંગ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત - 360001 **વેબસાઈટ: www.ireps.gov.in** RJT 210

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**-: જાહેર નોટીસ :-**

જન્મ-મરણ કેસ નં.૨૯/૨૦૨૬

શ્રી સલીમભાઈ તૈયબભાઈ પતાણી ..........અરજદાર

-: વિરૂધ્ધ :-

રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીશ્રી, હડમતાળા, તા.ગોડલ. જી.રાજકોટ ..........સામાવાળા

**વિષય :- જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની નોટીસ**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારના દાદી-સ્વ.ખતીજાબેન મુસાભાઈ પતાણીનું તા.૧૧/૦૫/૨૦૧૨ ના રોજ હડમતાળા મુકામે અવસાન થયેલ છે. તેમના અવસાનની નોંધ જે-તે વખતે સામાવાળાના રજીસ્ટરે અવસાન નોંધ થઈ શકેલ ન હોય, જેથી તેની નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજી કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો-તકરાર હોય, તેઓએ અત્રેની કોર્ટ સમક્ષ જરૂરી આધાર-પુરાવા સાથે તા.૧૯/૦૩/૨૦૨૬ ના રોજ ૧૨/૦૦ કલાકે, મામલતદાર કચેરી, ''તાલુકા સેવા સદન'', ૨૧-સ્ટેશન પ્લોટ, ગોંડલ (તાલુકા) ખાતે હાજર રહેવા મુદત મુકરર કરવામાં આવેલ છે. આ મુદતે અરજદાર / સામાવાળા જે કોઈ આધાર-પુરાવાઓ રજુ કરવા માંગતા હોય તો તે જાતે અથવા કાયદેસરના મુખત્યાર મારફત રજુ કરવા હાજર રહેશો. મુદતે હાજર રહેવામાં કસુર કરશો તો તમારે આ બાબતે કાંઈ કહેવાનું નથી. તેમ માની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આજ તા.૦૩/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટની મહોર સાથે નોટીસ બહાર પાડવામાં આવેલ.

કોર્ટનો સિક્કો

એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગોંડલ (તાલુકા)

**ગોંડલ નગરપાલિકા**

**નગર સેવા સદન, સ્ટેશન પ્લોટ, ગોંડલ**

**બીજો પ્રયત્ન**

આથી રસ ધરાવતા તમામ ટ્રસ્ટ/સંસ્થા/એજન્સીને જાણ કારવામાં આવે છે કે ગોંડલ **NULM** શાખા દ્વારા કાયમી નાઈટ શેલ્ટરરનું સંચાલન કરાવવાની જરૂરિયાત હોઈ, જે અન્વયે રસ ધરાવતા ટ્રસ્ટ/સંસ્થા/એજન્સીઓ પાસેથી સંસ્થાનું રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર સાથે ભાવો મંગાવવામાં આવે છે.

ઉક્ત કામના ભાવો જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિવસ-૧૫ માં (રજાના દિવસો સિવાય) રજીસ્ટર પોસ્ટ એડી. (બંધ કવર) દ્વારા મોકલાવી આપવાના રહેશે. અધૂરી વિગતો કે છેકછાક વાળા કે શરતી ભાવો રદ્દ ગણવામાં આવશે. આવેલ ભાવો માન્ય રાખવા કે ફરી મંગાવવા તેની નગરપાલિકા અબાધિત સત્તા ધરાવે છે.

(એ.જે.વ્યાસ)
ચીફ ઓફિસર
ગોંડલ નગરપાલિકા

(અશ્વિનભાઈ એમ રૈયાણી)
પ્રમુખ
ગોંડલ નગરપાલિકા

માહિતી -રાજ-૧૯૩૯-૨૫-૨૬

તંત્રી લેખ

# અમેરિકામાં રિલાયન્સની ભાગીદારીની રિફાઈનરી ભારત માટે ગૌરવની ક્ષણ

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં એક ઐતિહાસિક જાહેરાત કરી છે, જેણે સમગ્ર વિશ્વના ઔદ્યોગિક અને આર્થિક જગતનું ધ્યાન ખેંચ્યું છે. અમેરિકામાં છેલ્લા ૫૦ વર્ષમાં પહેલીવાર એક નવી ઓઈલ રિફાઈનરી બનવા જઈ રહી છે. આટલા દાયકાઓ બાદ સ્થપાવા જઈ રહેલી આ રિફાઈનરીમાં ભારતની સૌથી મોટી ખાનગી કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ભાગીદાર બની છે, જે સમગ્ર દેશ માટે ગૌરવના સમાચાર છે.

અહેવાલો અનુસાર, આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ ટેક્સાસ રાજ્યના બ્રાઉન્સવિલે પોર્ટ પર આકાર લેશે. 'અમેરિકા ફર્સ્ટ રિફાઈનિંગ' નામ હેઠળ સ્થપાનારી આ રિફાઈનરી માટે ૩૦૦ અબજ ડોલરના જંગી રોકાણની રૂપરેખા તૈયાર કરવામાં આવી છે. ડોનાલ્ડ ટ્રમ્પની આ જાહેરાત અમેરિકાના ઈતિહાસની અત્યાર સુધીની સૌથી મોટી ઔદ્યોગિક ડીલ પૈકીની એક માનવામાં આવે છે.

આ પ્રોજેક્ટમાં મુકેશ અંબાણીની આગેવાની હેઠળની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની ભૂમિકા અત્યંત મહત્વની છે. રિલાયન્સ માત્ર આર્થિક રોકાણ જ નથી કરી રહી, પરંતુ રિફાઈનરીના નિર્માણ અને સંચાલન માટે પોતાની વિશ્વકક્ષાની ટેકનોલોજી અને માર્ગદર્શન પણ પૂરું પાડશે. રિલાયન્સ પાસે જામનગરમાં વિશ્વની સૌથી મોટી રિફાઈનરી ચલાવવાનો બહોળો અનુભવ છે, જેનો સીધો લાભ હવે અમેરિકા જેવા વિકસિત દેશને મળશે.આ ઘટના સમગ્ર ભારત દેશ માટે એક ગૌરવશાળી ક્ષણ છે કારણ કે તેણે વૈશ્વિક વ્યાપારના પ્રવાહોની દિશા બદલી નાખી છે. સામાન્ય રીતે આપણે વિદેશી કંપનીઓ દ્વારા ભારતમાં રોકાણ અને ટેકનોલોજી લાવવાની વાતો સાંભળવા ટેવાયેલા છીએ. પરંતુ હવે વિશ્વની મહાસત્તા ગણાતા અમેરિકાને પોતાની ઉર્જા સુરક્ષા માટે ૫૦ વર્ષ બાદ જ્યારે નવી રિફાઈનરી બનાવવી પડી, ત્યારે તેને એક ભારતીય કંપનીના સાથની જરૂર પડી છે.

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ખુલ્લા મંચ પરથી આ જંગી રોકાણ માટે ભારતના ભાગીદારો અને રિલાયન્સનો વિશેષ આભાર માન્યો હતો. જ્યારે કોઈ અમેરિકન રાષ્ટ્રપતિ ભારતીય કંપનીના આટલા મોટા યોગદાનની જાહેરમાં પ્રશંસા કરે, ત્યારે તે દરેક ભારતીયની છાતી ગજગજ ફુલાવે તેવી ઘટના બની જાય છે. આ ડીલ સાબિત કરે છે કે ભારત હવે માત્ર એક મોટું બજાર નથી, પરંતુ વિશ્વને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડવા સક્ષમ આર્થિક મહાસત્તા બની ગયું છે.વૈશ્વિક ભૌગોલિક અને રાજકીય સ્થિતિને જોતા પણ આ પ્રોજેક્ટનું ઘણું મહત્વ છે. હાલમાં મધ્ય પૂર્વના દેશોમાં ખાસ કરીને ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા તણાવને કારણે વૈશ્વિક ઉર્જા સપ્લાય ચેઈન પ્રભાવિત થઈ છે અને ક્રૂડ ઓઈલ તેમજ ગેસના બજારમાં અસ્થિરતા છે. આવા સમયે અમેરિકા અને ભારતની આ ઉર્જા ભાગીદારી વૈશ્વિક ઓઈલ માર્કેટમાં એક નવું સંતુલન ઊભું કરશે અને ભારતનું કૂટનીતિક વજન પણ અનેકગણું વધારશે.

પર્યાવરણ અને રોજગારીના મોરચે પણ આ પ્રોજેક્ટ અમેરિકા માટે ગેમ ચેન્જર સાબિત થશે. આ રિફાઈનરીને આધુનિક ટેકનોલોજીથી સજ્જ વિશ્વની સૌથી 'ક્લીન રિફાઈનરી' બનાવવાનો દાવો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, દક્ષિણ ટેક્સાસ વિસ્તારમાં હજારો નવી રોજગારીની તકો ઉભી થશે, જે અમેરિકન અર્થતંત્રને વેગ આપવાની સાથે બંને દેશો વચ્ચેના વ્યાપારી સંબંધોને વધુ મજબૂત બનાવશે.

## જીલ્લા ભાજપ સહ કાર્યાલય મંત્રી વિવેક સાતાનો આજે જન્મદિવસ



રાજકોટ જીલ્લા ભાજપ સહ-કાર્યાલયમંત્રી તેમજ મુ. પડધરીના વિવેકભાઈ સાતાનો આજે જન્મ દિવસ છે. જેઓ છેલ્લા ૧૨ વર્ષથી જીલ્લા ભાજપ કાર્યાલય રાજકોટમાં સેવા આપી રહ્યા છે. જેઓ પડધરી ગામના વતની છે. તેઓને તેમના જન્મ દિવસે તેમના મિત્રો, સ્નેહીજનો, શુભેચ્છકો તરફથી તેમના મો. નં. ૯૦૩૩૭ ૯૯૮૮૮, ૮૧૪૧૦૪૦૪૦૧ પર શુભેચ્છાઓ મળી રહી છે.

## બાલભવનમાં સભ્યપદ ભરવાના સોમવારથી શરૂ

**અબતક, રાજકોટ**

બાલભવન રાજકોટની વર્ષ ૨૦૨૬-૨૦૨૭ ની વાર્ષિક રિન્યુઅલ તથા નવી મેમ્બરશીપનાં ફોર્મ તા. ૧૬-૦૩-૨૦૨૬ થી ભરવાનાં શરૂ થશે. આ સભ્યપદ ૫ થી ૧૬ વર્ષનાં તમામ બાળકો લઈ શકે છે. સભ્યપદ મેળવનાર બાલસભ્યો રંગપૂરણી, ડ્રોઈંગ, હેન્ડીકાફ્ટ, સંગીત (તબલા - હારમોનિયમ), લાયબ્રેરી, નાટય વિભાગ તેમજ ચેસ - કેરમ જેવી પ્રવૃતિઓ તદ્દન નિઃશુલ્ક શીખી શકે છે. તેમજ ડાન્સ, કરાટે, સ્કેટીંગ, બાસ્કેટબોલ, લોન ટેનિશ, જીમ્નાસ્ટીક અને ક્રિકેટ ઉપરાંત કથકનાં વર્ગો પણ નજીવી ફી ભરીને કરી શકે છે. તેમજ બહેનો માટે એરોબીક્સનાં ઉચ્ચત્તમ ક્લાસ તથા (સરકાર માન્ય) કોમ્પ્યુટર કે જેમાં બેઝિક થી લઈને ઈન્ટરનેટ તથા ટેલી, ફોટોશોપ અને સીસીસી વગેરેનાં વર્ગો માં બાળકો થી લઈને બહેનો - ભાઈઓ પણ લાભલઈ કંઈક નવું શીખી શકશે. ને આ વર્ષે બોક્ષ ક્રિકેટ તથા બેડમીન્ટન કોટ માં એક વધુ રમત ઉમેરાશે જે હશે 'પિકલ બોલ તો આ બધી વિવિધ અને વિશિષ્ટ પ્રવૃતિઓનો લાભ લેવા માટે બાલભવનનું સભ્યપદ અચૂક મેળવી લેવું. ફોર્મ મેળવવા ભરવા માટે સાંજે ૫:૦૦ થી ૭:૩૦ દરમ્યાન તેમજ વધુ માહિતી માટે બાલભવન કાર્યાલયનો રૂબરૂ સંપર્ક સાધવા જણાવાયું છે.

## બેંક ઓફ ઈન્ડિયા દ્વારા લોનના હપ્તા ચુકી જનારા માટે ૧૬મીથી સમજોતા અભિયાન શરૂ કરાશે

**અબતક, રાજકોટઃ** રાજકોટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા દરેક ઋણ લેનારાઓ માટે મેગા સમજૌતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બેંક ઓફ ઈન્ડિયા તમામ એનપીએ ખાતા ધારકોને આકર્ષક ડિસ્કાઉન્ટની સાથે વન ટાઈમ સેટલમેન્ટનો લાભ લેવાની સુવર્ણ તક આપી રહી છે. સેટલમેન્ટ ડે ખાસ કરીને એવા એનપીએ દેવાદારો માટે આયોજીત કરવામાં આવે છે જેઓ દેવાદારના વ્યવસાય, તબીબી સ્થિતિ અથવા અન્ય કોઈ વાસ્તવિક કારણોસર સમયસર લોન ચુકવી શકતા નથી. તા. ૧૬ માર્ચથી ૨૦ માર્ચ દરમિયાન અથવા તે પહેલા શાખાની મુલાકાત અને વન ટાઈમ સેટલમેન્ટ દ્વારા એનપીએ એકાઉન્ટને તાત્કાલીક બંધ કરી દેવા આ અભિયાનમાં ભાગ લેવા બેંક ઓફ ઈન્ડિયા દ્વારા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. આ સુવર્ણ તકનો લાભ લેવા તાત્કાલીક બેંક ઓફ ઈન્ડિયા શાખાનો સંપર્ક કરવા ગ્રાહકોને જણાવવામાં આવ્યું છે.

# જિલ્લામાં પેટ્રોલ-ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધઃ એ.એસ.ઝાંપડા

## રાજકોટ જિલ્લા પુરવઠા અધિકારી એ. એસ. ઝાંપડાએ આજે પેટ્રોલ-ડીઝલ એસોસિએશન અને ગેસ એસોસિએશનના હોદ્દેદારો સાથે એક બેઠક યોજી

**અબતક, રાજકોટ**

અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે વધી રહેલા યુદ્ધના તણાવની સીધી અસર હવે સ્થાનિક સ્તરે જીવન જરૂરિયાતની વસ્તુઓ પર જોવા મળી રહી છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલ અને ગેસના ભાવમાં ઉથલપાથલની શક્યતાઓને પગલે રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. ખાસ કરીને પેટ્રોલ, ડીઝલ અને ગેસ સિલિન્ડરની કોઈ અછત ન સર્જાય તે માટે જિલ્લા પુરવઠા વિભાગ દ્વારા કલેકટરની સૂચના મુજબ કડક મોનિટરિંગ શરૂ કરવામાં આવ્યું છે.સમગ્ર



પરિસ્થિતિ અંગે રાજકોટ જિલ્લા પુરવઠા અધિકારી એ. એસ. ઝાંપડાએ આજે પેટ્રોલ-ડીઝલ એસોસિએશન અને ગેસ એસોસિએશનના હોદ્દેદારો સાથે એક બેઠક યોજી હતી. આ બેઠકમાં જિલ્લામાં ઉપલબ્ધ સ્ટોક અને વિતરણ વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવી હતી. બેઠક બાદ પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું હતું કે, હાલ રાજકોટ જિલ્લામાં પેટ્રોલ અને ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને નાગરિકોએ ગભરાવાની જરૂર નથી.પુરવઠા વિભાગના જણાવ્યા અનુસાર, સરકાર દ્વારા હાલમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરના વિતરણ પર અમુક અંશે નિયંત્રણો લાદવામાં આવ્યા છે. આ નિર્ણયને કારણે રાજકોટમાં જે વેપારીઓ કે એજન્સીઓ પાસે જેટલો જથ્થો ઉપલબ્ધ છે, તેનાથી જ ચલાવવું પડશે. હાલ પૂરતો નવો જથ્થો મળવાની શક્યતા ઓછી હોવાથી શહેરની અનેક હોટલો અને રેસ્ટોરન્ટ્સ બંધ થવાની સ્થિતિ સર્જાઈ શકે છે. જોકે, ઘરેલુ વપરાશના સિલિન્ડર અને ઈન્ડિયન ગેસનો જથ્થો પૂરતો છે.

# યુવા સેના ટ્રસ્ટ અને સહિયર મહિલા સેવા મંડળ દ્વારા રવિવારથી શ્રીમદ્ ભાગવત સપ્તાહનો પ્રારંભ

## 'અબતક'ની શુભેચ્છા મુલાકાતમાં સહિયર મહિલા સેવા મંડળએ આપી માહિતી

**અબતક, રાજકોટ**

યુવા સેના ટ્રસ્ટ રાજકોટ તથા સહિયર મહિલા સેવા મંડળ ટ્રસ્ટ દ્વારા તા.૧૫-૦૩-૨૦૨૬ થી તા.૨૧-૦૩-૨૦૨૬ સુધી ૧૧ દીકરીઓના સમૂહ લગ્નના લાભાર્થે અને સર્વે પિતૃ મોક્ષાર્થે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું સંગીતમય શૈલીમાં ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. વિશેષમાં વક્તા ડો.કવિતાબેન ઠાકર જોષીના વ્યાસાસને રાજકોટ શહેરના સુભાષનગર શેરી નં. ૪/૫ કોઠારીયા મેઈન રોડ, નંદા હોલની પાછળ, સુખનાથ મહાદેવ મંદિરના ચોકમાં યોજાશે. શ્રીમદ્ ભાગવત સપ્તાહમાં કથા શ્રવણનો



સમય સાંજે ૩:૦૦ થી ૬:૩૦ રાખેલ છે. તેમ યુવા સેના ટ્રસ્ટ તેમજ સહિયર મહિલા સેવા મંડળ ટ્રસ્ટના પ્રમુખએ એક અખબાર યાદીમાં માહિતી આપતા જણાવ્યું છે. કથાના પાવન પ્રસંગો તરફ દ્રષ્ટિપાત કરીએ તો તા.૧૫-૦૩-૨૦૨૬ રવિવારે બપોરે ૩-૦૦ કલાકે પોથીયાત્રા, 'બાંધવ' સુભાષનગર, પટેલ ચોક બંધ શેરી, નંદા હોલ પાછળ, રાજકોટ રસીલાબેન પાંભરને ત્યાંથી પોથીયાત્રા નીકળશે. તા.૧૬-૦૩-૨૦૨૬, સોમવારે કપિલ જન્મ, તા.૧૭-૦૩-૨૦૨૬ના રોજ શ્રીરામ જન્મ તથા શ્રી વામન જન્મ, તા.૧૮-૦૩-૨૦૨૬ ના રોજ શ્રી કૃષ્ણ જન્મ તથા કૃષ્ણ લીલા, તા.૧૯-૦૩-૨૦૨૬ ના રોજ શ્રી ગોવર્ધન લીલા, શ્રી કૃષ્ણ લીલા તથા રામનવમી ઉત્સવ અને તા.૨૦-૦૩-૨૦૨૬ના રોજ રૂક્ષ્મણી વિવાહ તા.૨૧-૦૩-૨૦૨૬ ના રોજ સુદામા ચરિત્ર વક્તાશ્રી પોતાની સુમધુર શૈલીમાં સંગીતમય રીતે કથા શ્રવણપાન ભાવિક ભક્તજનોને રસપાન કરાવશે.

આ સપ્તાહ દરમિયાન જે કાંઈ દાનની રકમ એકત્રિત થશે તે ૧૧ દીકરીઓના સમૂહ લગ્ન પ્રસંગમાં વાપરવામાં આવશે. કથાના મુખ્ય પોથીના યજમાન બનવા તેમજ પોથી પાટલા મૂકવા માટે યુવા સેના ટ્રસ્ટ તેમજ સહિયા મહિલા સેવા મંડળ ટ્રસ્ટના પ્રમુખ મો.૯૯૧૩૩ ૧૦૧૦૦ તથા મો.૯૮૨૫૦ ૨૪૩૩૧નો સંપર્ક કરવા જણાવાયું છે.

# ગુજરાતમાં ડિહાઈડ્રેશન, ડાયાબિટીસ અને વધુ પડતા મીઠાના સેવનથી કિડની પર જોખમ

## વોકહાર્ટ હોસ્પિટલ દ્વારા વિશ્વ કિડની દિવસે કિડનીના જતનની કરી હિમાયત

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં ડિહાઈડ્રેશન, ડાયાબીટીશ અને વધુ પડતા મીઠાના સેવનથી કિડની થર જોખમ અંગે વોક હાર્ટ હોસ્પિટલએ વિશ્વ કિડની દિવસે કિડનીના જતનની હીમાયત કરી હતી.

વધતા તાપમાન, બદલાતી ખાવાની આદતો અને જીવનશૈલીના રોગો સાથે, કિડની સંબંધિત આરોગ્ય સમસ્યાઓમાં વધારો થયો છે. આરોગ્ય નિષ્ણાતોના અંદાજ મુજબ ભારતમાં લગભગ ૧૩ થી ૧૫ ટકા વયસ્કો ક્રોનિક કિડની ડિસીઝ થી પીડાઈ રહ્યા છે. ગુજરાતમાં આ સમસ્યા વધતી ડાયાબિટીસ અને હાઈપરટેન્શનની અસર સાથે વધુ ગંભીર બની રહી છે. અભ્યાસો દર્શાવે છે કે શહેરી વિસ્તારોમાં લગભગ ૧૦ થી ૧૨ ટકા વયસ્કોમાં ડાયાબિટીસ જોવા મળે છે, જે કિડની ફેઈલ થવાનું મુખ્ય કારણ માનવામાં આવે છે. તબીબી અંદાજ મુજબ ગુજરાતમાં હાલમાં ૧૨,૦૦૦થી વધુ દર્દીઓ નિયમિત ડાયાલિસિસ પર આધારિત છે, જે રાજ્યમાં કિડની સારવાર સેવાઓ પર વધતા દબાણને દર્શાવે છે.

વોક હાર્ટ હોસ્પિટલના યુરોલોજિસ્ટ ડો. રાજેશ ગણાત્રાએ જણાવ્યું હતું કે, કિડની સંબંધિત સમસ્યાઓ ઘણીવાર લાંબા સમય સુધી ચાલતી જીવનશૈલીની આદતોના કારણે ધીમે ધીમે વિકસે છે. વધુ મીઠાનું સેવન, પૂરતું પાણી





ન પીવું અને ડાયાબિટીસ અથવા બ્લડ પ્રેશર નિયંત્રણમાં ન હોવાને કારણે કિડનીને ગંભીર નુકસાન પહોંચી શકે છે. ગુજરાતમાં ખાસ કરીને કિડની સ્ટોન, યુરિનરી ઈન્ફેક્શન અને કિડની કાર્યક્ષમતા ઘટવાના કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે.

ડો. મૈત્રેય જોશી લેપ્રોસ્કોપિક સર્જન, વોકહાર્ટ હોસ્પિટલ્સ, રાજકોટ)એજણાવ્યું હતું કે, કિડનીનું આરોગ્ય આપણા દૈનિક જીવનની આદતો સાથે સીધું જોડાયેલું છે. લાંબા સમય સુધી કામ કરવું, પ્રોસેસ્ડ ફૂડનું વધુ સેવન અને પૂરતું પાણી ન પીવાની આદતોને કારણે હવે યુવા વર્ગમાં પણ કિડની સંબંધિત સમસ્યાઓ વધી રહી છે. સંતુલિત આહાર, પૂરતું પાણી પીવું અને લાઈફસ્ટાઈલ રોગોને નિયંત્રણમાં રાખવું કિડનીને સ્વસ્થ રાખવા માટે ખૂબ જરૂરી છે.

ડોક્ટરોના જણાવ્યા મુજબ રાજ્યમાં ઊંચા તાપમાનને કારણે લોકોમાં ડિહાઈડ્રેશનની સમસ્યા સામાન્ય છે. પૂરતું પાણી ન પીવાથી કિડની સ્ટોન અને અન્ય યુરિનરી સમસ્યાઓનું જોખમ વધી શકે છે. આ ઉપરાંત સતત થાક લાગવો, પગમાં સોજો આવવો, મૂત્રના પ્રમાણ અથવા પેટર્નમાં ફેરફાર થવો અથવા વારંવાર યુરિન ઈન્ફેક્શન થવું જેવા લક્ષણોને અવગણવા નહીં જોઈએ, કારણ કે તે કિડની સંબંધિત સમસ્યાઓનાસંકેત હોઈ શકે છે.

વર્લ્ડ કિડની ડેના અવસરે વોકહાર્ટ હોસ્પિટલ્સે લોકોને પૂરતું પાણી પીવાની આદત વિકસાવવા, મીઠાનું પ્રમાણ ઓછું રાખવા, સ્વસ્થ વજન જાળવવા તેમજ ડાયાબિટીસ અને બ્લડ પ્રેશરને નિયંત્રણમાં રાખવા માટે જાગૃત રહેવા અપીલ કરી છે, જેથી લાંબા સમય સુધી કિડનીનું આરોગ્ય સુરક્ષિત રાખી શકાય.

# સરગમ કલબના ત્રિ-દિવસીય જયપૂર ફૂટ કેમ્પમાં ૫૮ દર્દીઓને અપાયો સેવા લાભ

## જરૂરીયાતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ કેલીપર્સ ઘોડી સહિતના સાધનો અપાયા

**અબતક, રાજકોટ**

સાસ્કૃતિક, સામાજિક અને તબીબીક્ષેત્રમાં અગ્રેસર રહેનાર સરગમ કલબ શહેરમાં જયપુર ફૂટકેમ્પના રૂપમાં વધુ એક સેવાકેન્દ્ર ચલાવી રહેલ છે. સરગમ કલબ અને લલિતાબેન મનુભાઈ માંડલિયા સોના જવેલર્સ (દુબઈ)ના સયુંકત ઉપક્રમે તા.૧/૦૩ થી ૩/૦૩ ના રોજ આ જયપુર કેમ્પ યોજાયેલ. આ કેમ્પમાં કુલ ૫૮ દર્દીઓ એ લાભ લીધો જેમાં કેલીપર્સ નાં દર્દી ૨૭ લેગ (પગ) નાં દદી ૨૦ અને રીપેરીંગ ૧૧ દર્દીઓએ વિનામૂલ્યે લાભ લીધો.



આ કેમ્પમાં મુખ્ય સહયોગ દુબઈ નિવાસી સોના જવેલર્સ ના સ્વ. લલીતાબેન, મનુભાઈ માંડલિયા તેમજ તેના પરિવારજનો નિતેશભાઈ માંડલિયા, બંસરીબેન, દેવ અને દિયા માંડલિયા પરિવારનો સહયોગ મળેલ આ કેમ્પ માં બોલબાલા ટ્રસ્ટ ના પ્રમુખ જયેશભાઈ ઉપાધ્યાય ખાસ હાજરી આપેલ.

આ કેમ્પની સફળતા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ નિતેશભાઈ માંડલિયા તથા કમાણી ફાઉન્ડેશનનાં માર્ગદર્શન હેઠળ યોજાયેલ. આ કેમ્પ ને સફળ બનાવવા માટે શ્રી દીપકભાઈ કમાણી, રશ્મિભાઈ કમાણી, કિશોરભાઈ પરમાર, જે.કે. સરાઠે તથા સરગમ કલબના કમિટી મેમ્બર અનવરભાઈ ઢેબા, કનૈયાલાલ ગજેરા, મધુરીકાબેન જાડેજા, કૈલાશબા વાળા, આશાબેન ભૂછડા, સુધાબેન દોશી, જયશ્રીબેન વ્યાસ, હર્ષાબેન પીઠડીયા, હર્ષાબેન કથ્રેચા, મિતલબેન ચગ, વગેરે જહેમત ઉઠાવી હતી.

# હિંગળાજ માતાજી મંદિર ટ્રસ્ટ દ્વારા રવિવારે એક્યુપ્રેસરનો ઉપચાર કેમ્પ

**અબતક, રાજકોટ**

હિંગળાજ માતાજી મંદિર ટ્રસ્ટ દ્વારા આગામી તારીખ ૧૫ અને રવિવારના રોજ છઠ્ઠો કેમ્પ ઈન્દિરા સર્કલ નજીક, રવિરત્ન પાર્ક, શેરી નં ૪, ઈ-૧૧૯, બ્રમહાકુમારી અને સોમેશ્વર મહાદેવ મંદિર વચ્ચે સવારના ૯:૦૦ થી ૧૨:૩૦ અને બપોરે ૩:૦૦ થી ૮:૦૦ વાગ્યા દરમિયાન દાંત-દાઢ અને માથાના દુઃખાવાઓની સારવારના નિઃશુલ્ક એક્યુપ્રેશર સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

આ કેમ્પમાં દાંત દાઢના ૪૦ તથા માથા દુઃખાવાના ૨૦ દર્દીઓને સારવાર આપવામાં આવશે. તો શુક્રવાર અને શનિવારની રાત્રે ૮:૦૦ થી ૧૦:૩૦ વાગ્યા વચ્ચે મો. નં. ૮૪૦૧૦-૩૩૦૧૫ ઉપર અગાઉથી નામ નોંધાવી લેવા જણાવાયું છે.

પાણી પીવાથી થતી કવ અને મીઠાઈ ખાવાથી, દાંત-દાઢમાં ઉપડતા દુઃખાવાઓ તથા કોઈપણ દાંત-દાઢમાં થતાં સતત લવકારાઓ દાઢના મૂળમાં રસી ન હોય તો કોઈ જાતની દવા વગર અને દુઃખતી દાઢને અડયા વગર એક્યુપ્રેશર ઉપચારથી એક જ ધક્કામાં માત્ર ૧૦ મિનિટથી અડધા કલાકમાં મોટા ભાગના દુઃખાવાઓ મટી શકશે. કોઈપણ પ્રકારની સર્જરી વાળા દર્દીઓએ નામ નોંધાવવા નહી. તેમજ દુઃખાવાની ગોળીઓ લીધા વગર દર્દીઓએ આવવાનું રહેશે.

# ટ્રાફિક સમસ્યાના કાયમી ઉકેલ માટે સામાજિક જાગૃતિની પહેલ શુક્રવારે પ્રથમ વિચારણા બેઠક

## પોલીસ, સ્વૈચ્છિક સંસ્થાઓના સંયુક્ત સહકારથી શહેરમાં ટ્રાફિક અંગે પ્રજાને જાગૃત કરવાનું અભિયાન

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં ટ્રાફિક સમસ્યાના કાયમી ઉકેલ માટે લોકજાગૃતિ ની એક આગવી પહેલ કરીને રાજકોટ મેનેજમેન્ટ એસોસિયેશન અને બોલબાલા ટ્રસ્ટ દ્વારા પોલીસના સહયોગથી જનજાગૃતિ અભિયાનના ભાગરૂપે પ્રથમ બેઠક ૧૩ માર્ચ શુક્રવારે ૪૩૦ થી ૬ સુધી અરવિંદભાઈ મણીયાર હોલ જયુબિલી બાગ રાજકોટ ખાતે મળશે.

આ અંગે પ્રાપ્ત વિગત મુજબ રાજકોટમાં ટ્રાફિક સમસ્યા ના કાયમી ઉકેલ માટે સમસ્યાઓની સમજણ અને તેના ઉકેલ માટે લોકજાગૃતિ અને લોકોની પહેલ નિશ્ચિત કરવા મેનેજમેટે શો અને બોલબાલા ટ્રસ્ટ ના ઉપક્રમે સ્થિતિ પોલીસના સહકારથી યોજનારી પ્રથમ બેઠકમાં પ્રબૂધ નાગરિકો, મહિલા આગેવાનો સેવા સંસ્થાઓ, ઉદ્યોગપતિઓ અને કેળવણીકારો, વિદ્યાર્થીઓ, શિક્ષકો અને દરેક વર્ગના લોકો ની સામુહિક ચર્ચા વિચારણા દ્વારા ટ્રાફિક અંગે સામાજિક જાગૃતિનો માહોલ ઉભો કરવામાં આવશે આ કાર્યક્રમને રામકૃષ્ણ આશ્રમ ના સ્વામી વિજયેશાનંદ, નિવૃત્ત રોડ સેફટી અધિક્ષક જે.વી શાહ, લાઈફ અને બિઝનેસ કોચ ,હર્ષલ ભાઈ માકડ ૯૪.૩ એફ ના એનાઉન્સર પાયલ રાઠોડ માર્ગદર્શન આપશે, શહેરના હિત માટેના આ કાર્યમાં જોડાવા અને સહયોગ આપવા વોટ્સ અપ ૬૩૫૯૯૧૦૧૦૧ પર લખી રજીસ્ટ્રેશન કરાવવા રિશીત મહેતા, શ્રેયાંશ મહેતા દ્વારા જણાવવામાં આવ્યું છે.

# રાંધણ ગેસની કટોકટી નિવારણ રિલાયન્સની એલ.પી.જી.નું ઉત્પાદન વધારવા કવાયત

## એલપીજીનું ઉત્પાદન વધારવા ૨૪X૭ની કામગીરી વેગવાન

**અબતક, રાજકોટ**

વૈશ્વિક ઊર્જા બજારોમાં અસ્થિરતા ના સમયે ભારતીય પરિવારો માટે આવશ્યક ઈંધણની અવિરત આપૂર્તી સુનિશ્ચિત કરવી એ રાષ્ટ્રીય પ્રાથમિકતાને ધ્યાને લઇ

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ સરકારની માર્ગદર્શિકા મુજબ જામનગરમાં આવેલા વિશ્વના સૌથી મોટા સંકલિત રિફાઈનિંગ હબ - રિફાઈનિંગ અને પેટ્રોકેમિકલ્સ કોમ્પ્લેક્સમાંથી એલ.પી.જી.નું ઉત્પાદન વધારવા માટે સક્રિય થઈ છે. કંપનીની ટીમો રિફાઈનરીની કામગીરીને વધુ કાર્યક્ષમ બનાવવા અને એલ.પી.જી.ના ઉત્પાદનમાં વધારો કરવા માટે ચોવીસે કલાક કામ કરી રહી છે જેથી સ્થાનિક બજારમાં પુરવઠો સ્થિર અને ભરોસાપાત્ર રહે.

એ સાથે જ રાષ્ટ્રીય ઊર્જાની પ્રાથમિકતા અને સરકારી માર્ગદર્શિકાને અનુરૂપ કે.જી. ડી-૬ બેઝિનમાંથી ઉત્પાદિત કુદરતી ગેસને પ્રાથમિકતા ધરાવતા ક્ષેત્રોનાં જરૂરી પુરવઠાને પહોંચી વળવા માટે આપવામાં આવશે.

રિલાયન્સ માટે ભારતની ઊર્જા સુરક્ષા અને કરોડો ભારતીય પરિવારોનું કલ્યાણ હંમેશા સર્વોપરી રહ્યું છે. ભારત સરકાર સાથે કામ કરવાનું ચાલુ રાખી અને તમામ રાષ્ટ્રીય માર્ગદર્શિકાઓ તથા ફાળવણીની પ્રાથમિકતાઓનું સંપૂર્ણપણે પાલન કરી ઊર્જા પુરવઠો સૌથી વધારે જરૂરીયાત ધરાવતા ક્ષેત્રો અને સમુદાયો સુધી પહોંચે.

હંમેશની જેમ રાષ્ટ્રની જરૂરિયાતના સમયે રિલાયન્સ મજબૂતીથી તેની સાથે ઊભું રહેશે. વૈશ્વિક અનિશ્ચિતતાના સમયમાં અમે ભારતની ઊર્જા સુરક્ષાને સહાયરૂપ બનવા અને દેશ માટે આવશ્યક ઈંધણનો વિશ્વસનીય પુરવઠો સુનિશ્ચિત કરવા માટે તમામ સંભવિત પ્રયાસો કરવા માટે પ્રતિબદ્ધ છીએ.

### અલગ-અલગ ૯ કેડરમાં પગાર ધોરણમાં સુધારો

# કર્મચારીઓને રાજી રાખવા સ્ટેન્ડિંગે મંજૂર કરેલી દરખાસ્તમાં "બોર્ડે" ફેરફાર કર્યા: એરિયર્સ - પેન્શનના લાભ

## ૭૫ કર્મચારીઓના પગાર વધશે: પેન્શન પણ મળશે ૧૦ વર્ષનું એરિયર્સ પણ ચુકવવું પડશે: કોર્પોરેશનની તળીયા જાટક તીજોરી પર કરોડોનો મોટો બોજ

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગર પાલિકાના ઈતિહાસમાં સંભવતઃ પ્રથમ વખત એવું બન્યું હશે કે જેમાં સ્ટેન્ડિંગ કમિટી દ્વારા મંજૂર કરવામાં આવેલી દરખાસ્તમાં જનરલ બોર્ડ દ્વારા સુધારો કરવામાં આવ્યો હોય કોર્પોરેશનની અલગ-અલગ ૯ કેડરની ૭૫ જગ્યાઓ પર કર્મચારીઓ અને અધિકારીઓના પગાર ધોરણમાં સુધારો કરવાની જે દરખાસ્ત ખડી સમિતિ દ્વારા મંજૂર કરવામાં આવી હતી તેમાં ગઈકાલે મળેલા ખાસ બોર્ડમાં કર્મચારીઓને રાજીના રેડ કરી દેવા બોર્ડ દ્વારા સુધારો કરવામાં આવ્યો હતો. કર્મચારીઓને એરિયર્સ અને પેન્શનના લાભ આપવામાં આવ્યા હતા. જેના કારણે કોર્પોરેશનની હાલ તળીયા જાટક તીજોરી પર કરોડો રૂપિયાનો નવો બોજો પડ્યો છે.

મ્યુનિ.કમિશનર દ્વારા સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મંજૂરી અર્થે રજૂ કરવામાં આવેલી દરખાસ્તમાં ચીફ ફાયર ઓફિસર, ઝુ સુપ્રિન્ટેન્ડન્ટ, બે ડેપ્યૂટી ચીફ ફાયર ઓફિસર, લેબર ઓફિસર, લો ઓફિસર, ૬ સેનિટેશન ઓફિસર, ૩૭ સેનિટરી ઈન્સ્પેક્ટર, ત્રણ જન્મ-મરણ વિભાગના સુપ્રિન્ટેન્ડન્ટ અને ૨૩ સફાઈ સુપરવાઈઝર સહિત કુલ ૭૫ કર્મચારીઓના હાલના પે મેટ્રીક્સ લેવલમાં સુધારો કરવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. જેમાં મ્યુનિ.કમિશનર દ્વારા કર્મચારીઓની પેન્શન કે એરિયર્સ ચુકવવા સૂચવવામાં આવ્યું ન હતું. દરમિયાન કર્મચારીઓના વિવિધ યુનિયન દ્વારા નોશનલ અસર મુજબ લાભ આપવા રજૂઆત કરવામાં આવી હતી. ખાસ બોર્ડ પૂર્વે મળેલી ભાજપના કોર્પોરેટરોની સંકલન બેઠકમાં પણ કેટલાક કોર્પોરેટરોએ કર્મચારીઓનો પક્ષ લીધો હતો. પગાર ધોરણ સાથે તેઓને પેન્શન અને એરિયર્સના લાભ આપવા જોઈએ તેવું સૂચન કર્યું હતું. જેના કારણે મહાપાલિકાના ઈતિહાસમાં સંભવતઃ પ્રથમ વખત એવું બન્યું હતું કે ખડી સમિતિ દ્વારા જે દરખાસ્ત મંજૂર કરવામાં આવી હતી તેમાં જનરલ બોર્ડે ખૂબ જ મોટાપાયે ફેરફાર કર્યો હતો. હાલ આમપણ કોર્પોરેશનની સ્થિતિ નાજુક છે. ૨૦૦ કરોડની લોન પણ લેવી પડે છે. ટેકસની આવકમાંથી હવે પગારખર્ચ પણ નીકળે તેમ નથી. આવામાં ચુંટણીમાં કર્મચારીઓ રાજી રહે તે માટે તીજોરી પર મોટો કરોડો રૂપિયાનો બોજ લાદવામાં આવ્યો છે. હવે અલગ-અલગ કેડરના ૭૫ કર્મચારીઓને પગાર વધારા ઉપરાંત ૨૦૧૬થી અત્યાર સુધીનું એરિયર્સ મળશે અને જે કર્મચારી પેન્શન પાત્ર નથી. તેને પેન્શનનો લાભ પણ મળશે.

સ્ટેન્ડિંગે મંજૂર કરેલી દરખાસ્તમાં સુધારો કરવામાં આવતા કોર્પોરેશને તીજોરી પર વાર્ષિક ૧૫ કરોડનો બોજ પડશે.

# શેરબજારમાં સારા વળતરની લાલચે વકીલ સાથે ૧૫ લાખની ઠગાઈ આચરનાર મહિલા ઝડપાઈ

## બ્લુ ફિનકેર કંપનીના નામે ફોન કરી એડવોકેટ પાસે રોકાણ કરાવી ભાઈ-બહેને ચૂનો ચોપડી દીધો'તો : પેરોલ ફર્લો સ્કોડની ટીમે અલ્પના ત્રિવેદીને અમદાવાદથી દબોચી

**અબતક, રાજકોટ**

શેરબજારમાં સારા વળતરની લાલચ આપી એડવોકેટ સાથે રૂ. ૧૫ લાખની છેતરપિંડી આચરનાર મહિલાને પેરોલ ફર્લો સ્કોડની ટીમે અમદાવાદ ખાતેથી ઝડપી લીધી હતી.

બનાવની વિગતો પર નજર કરવામાં આવે તો કેકેવી હોલ પાસે રોયલ પાર્ક શેરી નં.૧૦ માં સેંટ્રોસા રોયલ એપાર્ટમેન્ટમાં રહેતાં અને ટેક્સ કન્સલટન્ટની ઓફીસ ધરાવી એડવોકેટ તરીકેની કામગીરી કરતા સંજયભાઈ ધીરૂભાઈ ભેસાણીયાને બ્લુ ફિનકેર કંપની નામે ફોન કરી શેરબજારમા પૈસા રોકાણ કરવા બાબતે વાત કરી હતી. બાદમાં કલ્પેશ ત્રીવેદી તથા મનિષ ટેવાણી નામના શખ્સો એડવોકેટની ઓફીસે જઈ કલ્પેશ ત્રીવેદીએ કહેલ કે, બ્લુ ફિનકેર કંપનીમા ઓર્નર તરીકે હું તથા મારા બહેન અલ્પાબેન ત્રીવેદી છીએ, તમે અમારી કંપની પેઢીમા પૈસાનુ રોકાણ કરશો તો, તમને અમારી કંપની સારૂ એવુ વળતર આપશે તેવી બાંહેધરી આપેલ હતી. બાદમાં એડવોકેટ પાસેથી રૂ. ૧૦ લાખનું રોકાણ કરાવ્યુ હતું. જેના વળતર પેટે લેવાના નીકળતા છ લાખ પૈકી રૂ.૧.૨૦ લાખ ચૂકવ્યા હતા. ત્યારબાદ રોકાણ કરેલી રૂ ૧૦ લાખની મૂડી અને વળતરના ૧૦ લાખ મળી કુલ રૂ. ૧૪.૮૦ લાખ નહિ ચૂકવી ઠગાઈ આચરી હતી. જે મામલે કલ્પેશ ત્રિવેદી અને અલ્પના ત્રિવેદી સામે આવતા યુનિવર્સીટી પોલિસ મથકમાં વિશ્વાસઘાત તથા જીપીઆઈડીની કલમો હેઠળ ગુનો નોંધાતા આરોપીઓ ભૂગર્ભમાં ઉતરી ગયા હતા. ત્યારે નાસતા ફરતા અને પેરોલ જમ્પ આરોપીઓને પકડી પાડવાની ઉચ્ચ અધિકારીઓની સૂચનાને પગલે પેરોલ ફર્લો સ્કોડના પીઆઈ ભાર્ગવસિંહ ઝણકાટના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ જે જી તેરૈયાની ટીમ સતત પ્રયત્નશીલ હતી. દરમિયાન હ્યુમન સોર્સ અને ટેકનિકલ એનાલિસિસમાંથી માહિતી મેળવી વિશ્વાસઘાત અને જીપીઆઈડીના ગુનામાં ફરાર મહિલા આરોપી અલ્પનાબેન ઉર્ફે અલ્પાબેન અમિતભાઈ ત્રિવેદી (ઉવ ૪૦ રહે હાલ પાર્થભૂમિ સોસાયટી, બંગલા નંબર ૧૦, બોપલ અમદાવાદ મૂળ રહે. શીતલ પાર્ક, બ્લોક નં.-એચ ૧૬, ઉગતાપોરની મેલડી માતાના મંદિર પાસે,રાજકોટ)ને અમદાવાદ ખાતેથી પકડી પાડી યુનિવર્સિટી પોલીસના હવાલે કરવામાં આવી હતી. આ કામગીરી પેરોલ ફર્લો સ્કોડના પીઆઈ ભાર્ગવસિંહ ઝણકાટ, પીએસઆઈ જે જી તેરૈયા, એએસઆઈ જહીરભાઈ ખફીફ, ધર્મેન્દ્રસિંહ ઝાલા, હેડ કોન્સ્ટેબલ રાજદિપસિંહ ચૌહાણ, સિરાજભાઈ ચાનીયા, રોહિતભાઈ કછોટ, અંકિતભાઈ નિમાવત, કોન્સ્ટેબલ અમીનભાઈ ભલુર, કુલદીપસિંહ જાડેજા, શાંતુબેન મુળીયા અને દોલતસિંહ રાઠોડ દ્વારા કરવામાં આવી હતી.

# રણછોડનગરમાં સાસુ અને સાળા સહિતના પરિવારનો જમાઈ પર હુમલો

## પત્ની, સાસુ અને સાળો ઘરમાં ચોરી કરવા આવ્યા હોવાનો જમાઈનો આક્ષેપ

**અબતક રાજકોટ**

મોરબીના રણછોડ નગર વિસ્તારમાં પત્ની રિસામણે ગયા બાદ સાસુ અને સાળા સહિતના શખ્સોએ જમાઈ પર છરી અને પથ્થરો વડે હુમલો કરતા ચકચાર મચી ગઈ છે. ગંભીર રીતે ઘવાયેલા યુવાનને વધુ સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, મોરબીના નવલખી રોડ પર સેન્ટ મેરી સ્કૂલ પાસે રહેતા કાસીમભાઈ બોદુભાઈ શાહમદાર (ઉ.વ. ૩૦) ગત રાત્રિના ૧૨ વાગ્યાની આસપાસ ઘરે પહોંચ્યા હતા. તે સમયે તેમના સાસુ નૂરઝહાબેન, સાળો અનવર અને પત્ની સાહિદા ઘર પાસે ઉભા હતા અને ઘરને તાળું મારેલું હતું. કાસીમભાઈના આક્ષેપ મુજબ, સાસરિયાઓ ઘરનું તાળું તોડી સામાન લઈ જવાની પેરવીમાં હતા. તેમને અટકાવતા બોલાચાલી થઈ હતી, જે બાદ સાસુ-સાળાએ ઉશ્કેરાઈને છરી અને પથ્થર વડે કાસીમ પર હુમલો કર્યો હતો. હુમલામાં કાસીમને માથાના ભાગે છરીનો ગંભીર ઘા વાગ્યો હતો, હુમલાખોરોથી બચવા માટે કાસીમ ત્યાંથી ભાગી છૂટ્યો હતો. તેને હુમલામાં ઈજાઓ પહોચતા અને તાત્કાલિક મોરબી સરકારી હોસ્પિટલ પહોંચ્યો હતો. પ્રાથમિક સારવાર બાદ તેની હાલત ગંભીર જણાતા તેને સિવિલ હોસ્પિટલ રિફર કરવામાં આવ્યો છે.

કાસીમભાઈએ જણાવ્યું હતું કે બે-ત્રણ દિવસ પહેલા પત્ની અને સાળા સાથે બોલાચાલી થઈ હતી. જોકે, માસાજી સહિતના વડીલોએ વચ્ચે પડી સુલેહ કરાવી હતી. ત્યારબાદ પત્નીએ રસોઈ માટે વસ્તુ લેવા મોકલતા કાસીમ બહાર ગયો હતો, જેનો લાભ લઈ તેના માવતર પક્ષના લોકો સાહિદાને તેડી ગયા હતા. ગઈકાલે રાત્રે ફરીથી સાસરિયાઓ ઘરે આવીને હુમલો કર્યો હતો. હાલ પોલીસે ઈજાગ્રસ્ત કાસીમનું નિવેદન નોંધીને હુમલાખોરો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**દેશના ઈતિહાસમાં પ્રથમ કિસ્સો**

# ઈચ્છા મૃત્યુનો ચુકાદો સંભળાવતા જ જસ્ટિસ પારડીવાલા રડી પડ્યા

## સુપ્રીમ કોર્ટે માનવીય અભિગમ અપનાવીને ૧૩ વર્ષથી પથારીવશ યુવક હરીશ રાણા (ઉં. ૩૧)ને ઈચ્છા મૃત્યુની મંજૂરી આપી

**અબતક, રાજકોટ**

સુપ્રીમ કોર્ટે માનવીય અભિગમ અપનાવીને ૧૩ વર્ષથી પથારીવશ યુવક હરીશ રાણા (ઉં. ૩૧)ને 'પેસિવ યુથેનેશિયા' (ઈચ્છા મૃત્યુ)ની મંજૂરી આપી દીધી છે. હરીશ રાણા ૧૩ વર્ષ પહેલા ચંડીગઢની એક હોસ્ટેલમાં ચોથા માળેથી નીચે પટકાઈને પરમેનેન્ટ વેજિટેટિવ સ્ટેટમાં જતો રહ્યો હતો. ત્યાર પછી ગાઝિયાબાદના રહેવાસી હરીશના માતા-પિતાએ જીવતી લાશ બની ગયેલા પુત્રની સ્થિતિ જોઈને તેના ઈચ્છા મૃત્યુ માટે કોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા.

આ અરજી અંગે સુપ્રીમ કોર્ટના જસ્ટિસ જે.બી. પારડીવાલાની બેન્ચે દિલ્હીની એઈમ્સ હોસ્પિટલ પાસે મેડિકલ રિપોર્ટ મંગાવ્યો હતો. તબીબોની ટીમે રિપોર્ટમાં કહ્યુ હતુ કે, હરીશના સ્વાસ્થ્યમાં સુધારાની કોઈ જ શક્યતા નથી. આ રિપોર્ટને આધારે કોર્ટે અવલોકન કર્યું કે, કોઈ વ્યક્તિને આટલી અસહ્ય પીડામાં અનિશ્ચિતકાળ સુધી રાખી શકાય નહીં.

આ સાથે જ સુપ્રીમ કોર્ટે હરીશ માટે 'પેસિવ યુથેનેશિયા'ની મંજૂરી આપી દીધી. આ પ્રક્રિયામાં દર્દીને જીવંત રાખવા માટે અપાતા કૃત્રિમ લાઈફ સપોર્ટ (જેમ કે વેન્ટિલેટર કે ફીડિંગ ટ્યુબ) હટાવી લેવાય છે, જેથી તેનું કુદરતી રીતે મૃત્યુ થઈ શકે. આ ચુકાદો આપતી વખતે જસ્ટિસ પારડીવાલાએ કહ્યુ હતુ કે, 'આવા નિર્ણય મુશ્કેલ છે, પરંતુ દર્દીની સ્થિતિ અત્યંત દુઃખદ છે.'

પરમેનેન્ટ વેજિટેટિવ સ્ટેટ મગજની એવી ગંભીર સ્થિતિ છે, જેમાં વ્યક્તિ જાગૃત હોવા છતાં તેને આસપાસના વાતાવરણનું ભાન હોતું નથી. આ સ્થિતિમાં દર્દીની આંખો ખુલ્લી હોય છે અને તે ક્યારેક ઊંઘે કે જાગે તેવું પણ લાગે છે, પરંતુ તેમનું મગજ કોઈ વિચાર કરી શકતું નથી કે કોઈ સૂચનાનું પાલન કરી શકતું નથી. તે હલનચલન કરી શકતા નથી કે બોલી શકતા નથી. શરીરના મૂળભૂત કાર્યો (જેમ કે શ્વાસ લેવો, હૃદયના ધબકારા અને પાચન) ચાલુ રહે છે કારણ કે મગજનો નીચેનો ભાગ કામ કરતો હોય છે, પણ ઉપરનો ભાગ જે વિચારવાનું કામ કરે છે, તે કામ કરવાનું બંધ કરી દે છે. એટલું જ નહીં, આ પ્રકારના દર્દી ક્યારેક અવાજ તરફ ડોક ફેરવવી કે રડવા/હસવા જેવી પ્રતિક્રિયા આપે છે. એવી જ રીતે, કોમામાં આંખો બંધ હોય છે. દર્દીને ઊંડા નસકોરા પણ બોલતા હોઈ શકે છે, જેથી તે ગાઢ ઉંઘમાં હોય તેવું લાગે છે. આ ઉપરાંત તેઓ કોઈ પણ અવાજ કે સ્પર્શની પ્રતિક્રિયા આપતા નથી.

# ઘરેલુ હિંસાના કેસમાં ૧૨ વર્ષથી ફરાર આરોપી સુરત ખાતેથી ઝડપાયો

## પ્રકાશ વોરાને પકડી મહિલા પોલિસના હવાલે કરતી પેરોલ ફર્લો સ્કોડ

**અબતક, રાજકોટ**

ઘરેલુ હિંસાના ગુનામાં છેલ્લા ૧૨ વર્ષથી ફરાર આરોપીને પેરોલ ફર્લો સ્કોડની ટીમે સુરત ખાતેથી પકડી લીધો હતો.



શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર ચૈતન્ય માંડલીક, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા અને એસીપી ભરત બસિયા દ્વારા નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને પેરોલ ફર્લો સ્કોડના પીઆઈ ભાર્ગવસિંહ ઝણકાટના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ જે જી તેરૈયાની ટીમ પ્રયત્નશીલ હતી.

દરમિયાન હ્યુમન સોર્સ અને ટેકનીકલ એનાલિસિસના આધારે માહિતી મળતા મહિલા પોલીસ મથકમાં નોંધાયેલ ઘરેલુ હિંસાના કેસમાં છેલ્લા ૧૨ વર્ષથી ફરાર આરોપી પ્રકાશ પાંચાભાઈ વોરા (ઉવ ૪૫ રહે. સ્ટાર ધર્મ રેસીડેન્સી, બ્લોક નંબર ડી ૧/૧૦૩, કામરેજ ચાર રસ્તા, સુરત)ને સુરત શહેર ખાતેથી પકડી લઈ મહિલા પોલીસના હવાલે કરવામાં આવ્યો હતો.

આ કામગીરી પેરોલ ફર્લો સ્કોડના પીઆઈ ભાર્ગવસિંહ ઝણકાટ, પીએસઆઈ જે જી તેરૈયા, એએસઆઈ જહીરભાઈ ખફીફ, ધર્મેન્દ્રસિંહ ઝાલા, હેડ કોન્સ્ટેબલ રાજદિપસિંહ ચૌહાણ, સિરાજભાઈ ચાનીયા, રોહિતભાઈ કછોટ, અંકિતભાઈ નિમાવત, કોન્સ્ટેબલ અમીનભાઈ ભલુર, કુલદીપસિંહ જાડેજા, શાંતુબેન મુળીયા અને દોલતસિંહ રાઠોડ દ્વારા કરવામાં આવી હતી.

# હવે મારી ઓફિસે આવ્યો છે તો તને છરીના ઘા મારી દઈશ કહી યુવકને સ્પા માલિકની ધમકી

## પત્નીને બાઈકમાં બેસાડી લઈ જવાં મામલે પૂછવા જતાં મૂળ તાલાળાના યુવાનને સાધુ વાસવાણી રોડ પર આવેલ સ્પાના માલિક - મેનેજરે ધમકાવ્યો

**અબતક, રાજકોટ**

સાધુવાસવાણી રોડ પર સ્પામાં નોકરી કરનાર યુવાનની પત્ની અન્ય સ્પામાં નોકરી કરતી હોય દરમિયાન પત્નીને સ્પાના મેનેજર સાથે બાઈકમાં જોઈ જતા યુવાને આ બાબતે સ્પા સેન્ટરે પહોંચતા સ્પાના માલિક અને મેનેજરે તેને ગાળો ભાંડી હતી.બાદમાં યુવાનની નજર સામે સ્પાનો માલિક તેની પત્નીને લઈ ગયો હતો અને યુવાનને મારી નાખવા ધમકી આપી હતી. જે અંગે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મૂળ ગીર સોમનાથના તાલાળાના વતની અને હાલ રાજકોટમાં સાધુવાસવાણી રોડ પર ગોલ્ડન સુપર માર્કેટની સામે બોડી કેર સ્પામાં રહેતા અને અહીં દોઢ મહિનાથી હાઉસકીપર તરીકે નોકરી કરનાર રમેશ ધનસુખભાઈ ચાવડા (ઉ.વ. ૨૮) નામના યુવાને યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે સાધુવાસવાણી રોડ પર જુલેલાલ કોલ્ડ્રીક્સ ઉપર આવેલ સ્પાના માલિક મનીષભાઈ અને સ્પાના મેનેજર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

રમેશભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેની પત્ની નૂતન (ઉ.વ.૨૭) ત્રણ વર્ષ તેની સાથે રહી હતી. ત્યારબાદ ઝઘડો થતા પત્ની રાજકોટ માવતરના ઘરે ચાલી ગઈ હતી. સંતાનમાં બે વર્ષની દીકરી છે જે પત્ની સાથે રહે છે. બાદમાં પત્નીએ રાજકોટ ખાતે રહેવા બોલાવતા યુવાન અહીં આવ્યો હતો પરંતુ બંને વચ્ચે મનમેળ ન રહેતા હાલ તે અહીં બોડીકેર સ્પામાં રહે છે.ગઈકાલ બપોરના ૧૧:૩૦ વાગ્યા આસપાસ યુવાન અહી સ્પા ખાતે હતો ત્યારે રોડ પર જોતા તેની પત્ની નુતન સ્પાના મેનેજર સાથે બાઈક પર બેસીને જતી હતી જેથી તેણે બૂમ પાડી હતી. પરંતુ તેણે બાઈક રોક્યું ન હતું બાદમાં તેણે પત્નીને ઈન્સ્ટાગ્રામ પર કોલ કર્યો હતો પણ તેણે ફોન ઉપાડ્યો ન હતો. ત્યારબાદ વિડીયો કોલ કરતા તેણે ફોન રીસીવ કર્યો હતો અને તે સમયે તે સ્પામાં બેઠી હતી. જેથી યુવાન અહીં સાધુવાસવાણી રોડ પર આવેલા સ્પા પર ગયો હતો. ત્યારે ત્યાં જ સ્પાના માલીક મનીષભાઈ હાજર હતા અને મેનેજર પણ હાજર હતો તેણે મેનેજરને કહ્યું હતું કે, તે બાઈક કેમ ઉભું રાખ્યું ન હતું. જેથી તેણે કહ્યુ હતું કે મારી ઈચ્છાની વાત છે મારે વાહન ઉભું રાખવું કે ન રાખવું. ત્યારબાદ મેનેજર અને સ્પાના માલિક મનીષ બંને ભેગા મળી યુવાનને ગાળો આપવા લાગ્યા હતા.

બાદમાં યુવાન અહીંથી પોતાની દીકરીને લઈ બોડીકેર સ્પા પર ચાલ્યો ગયો હતો. ત્યારબાદ અહીં યુવાનની પત્ની નુતન આવી હતી અને બંને ઓફિસમાં વાતચીત કરતા હતા. દરમિયાન સ્પાના માલિક મનીષભાઈ અહીં પણ આવ્યા હતા અને યુવાનની પત્નીને કહ્યુ હતું કે, હું તને બીજી જગ્યાએ લઈ જઉં છું ચાલ મારી સાથે જેથી યુવાનની પત્ની તેની સાથે ચાલવા લાગી હતી. આ સમયે મનીષે યુવાનને ધમકી આપી હતી કે, હવે મારી ઓફિસે આવ્યો છે તો તને છરીના ઘા મારી દઈશ તારે જેને કહેવું હોય તેને કહી દેજે. આમ સ્પાના માલિક અને મેનેજરે યુવાનને ગાળો અને જાનથી મારી નાખવાની ધમકી આપતા તેણે યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# દંપતી સહિતે પાંચ કરોડની લોન અપાવી દેવાના નામે ૭૩ લાખની ઠગાઈ આચરી

## પૂર્વ ભાગીદારે ફસાવી ભેજાબાજ સાથે ભેંટો કરાવ્યો : અલગ અલગ પ્રોસેસિંગ ફીના નામે નાણાં ખંખેરી હાથ ઉંચા કરી દીધા

**અબતક, રાજકોટ**

રાજકોટના દંપતી સહીતની ટોળકીએ અમદાવાદના આધેડ પાસે લોન કરાવી આપવાના નામે રૂ.૭૩ લાખ પડાવી લીધા હતા. પોતે રાજકોટમાં મંડળી ચલાવે છે અને લોન કરાવી આપશે કહી અલગ અલગ પ્રોસેસિંગ ફીના નામે નાણાં પડાવી લોન નહિ કરાવી આપી છેતરપિંડી

બનાવ અંગે અમદાવાદના ઈસનપુર નજીક કૃષ્ણ કોર્નર સોસાયટીમાં રહેતા અને ટ્યુશન કલાસ ચલાવતા ૪૬ વર્ષીય પરિણીતા નિશાબેન કમલેશભાઈ સંઘાણીએ આરોપી તરીકે સુનિલગીરી બળવંતગીરી ગોસ્વામી, સંગીતાબેન ગોસ્વામી(બંને રહે ત્રિવેણી સંગમ એપાર્ટમેન્ટ, લક્ષ્મીનગર મેઈન રોડ, ફિલ્ડ માર્શલ વાડી પાસે,રાજકોટ) અબ્દુલ રસીદ મદનીમીયા સૈયદ (રહે ગઢની રાંગ, મોરબી) અને શ્યામ જગદીશભાઈ ચૌહાણનું નામ આપી જણાવ્યું હતું કે, હાલ મારા પતિ કોઈ ધંધો કરતા નથી, હું ટ્યુશન કરાવી પરિવારનું ગુજરાન ચલાવવું છું.

પરિણીતાએ જણાવ્યું હતુ કે, મારા પતિ કમલેશભાઈ સંઘાણી અગાઉ વર્ષ ૨૦૧૫ થી મોરબી ખાતે એ.એ.એ. નેનો મિનરલ પ્રા.લિ. નામની ભાડાની દુકાન ધરાવી સીરામીક ટ્રેડિંગનો વ્યવસાય કરતા હતા અને ટાઈલ્સ કંપનીને રો મટીરીયલ પૂરું પાડતા હતા. વર્ષ ૨૦૨૧ માં અબ્દુલ રસીદ સૈયદનો સંપર્ક થયેલ હતો અને તેણે મારા પતિ સાથે ભાગીદારીમાં એ.કે. ફર્નિશિંગ નામથી ધંધો શરૂ કરેલ હતો. ધંધાના વિકાસ માટે પૈસાની જરૂર પડતા અબ્દુલ સૈયદએ જણાવેલ કે મારા ઓળખીતા સુનિલગીરી ગોસ્વામી રાજકોટ ખાતે ક્રેડિટ સોસાયટી ચલાવે છે અને તે આપણને લોન કરાવી આપશે. બાદ મારા પતિ અમદાવાદ ખાતે આવતા સુનિલગીરી પણ અમારા ઘરે અમદાવાદ ખાતે આવેલ હતો અને તે રાજકોટ ખાતે ક્રિષ્ના ક્રેડિટ કો.ઓ. સોસાયટી ચલાવે છે તેમ જણાવી લોન કરાવી આપવાનો વાયદો આપેલ હતો. જે બાદ મારા પતિએ સુનિલગીરીને રૂપિયા પાંચ કરોડની લોનની જરૂરિયાત હોવાનું જણાવતા તેણે હા પાડેલ હતી. બાદમાં સુનિલગીરીએ કહ્યું હતું કે, તમારી લોનની પ્રોસેસ ચાલુ થઈ ગયેલ છે પરંતુ પ્રોસેસમાં તમારે થોડો ખર્ચ થશે. બાદમાં સુનિલગીરીએ મારા પતિ પાસેથી લોનની પ્રોસેસ, મંડળીના સભાસદ થવા તેમજ ઈન્સ્યોરન્સની પ્રોસેસ સહિત જુદા જુદા બહાના બતાવી નાણાની માંગણી કરતી હતી. જેથી મારા પતિએ અબ્દુલ રસીદ સૈયદ સાથે આ બાબતે વાત કરતા તેણે પણ લોન માટે ખર્ચ કરવો પડશે તેમ જણાવ્યું હતું. બાદ મારા પતિ લોનની પ્રોસેસ ફીના નામે સુનિલગીરીના કહેવાથી તેની પત્ની સંગીતા ગોસ્વામીના તથા સુનિલગીરીના માણસ શ્યામ ચૌહાણના એકાઉન્ટમાં ગૂગલ પે પરથી નાણા મોકલી આપતા હતા.

સુનિલ ગીરીએ લોન પ્રોસેસિંગ ફી તેમજ અલગ અલગ બહાના બતાવી મારા પતિ પાસેથી તા. ૧૯-૦૫-૨૦૨૧ થી ૩૦-૫-૨૦૨૫ સુધીમાં ૩૧ લાખ ગુગલ પેથી, રૂ.૪૨ લાખ એનઈએફટી અને આરટીજીએસ મારફત તેમજ રોકડ મળી રૂ. ૭૩ લાખની રકમ મેળવી લીધેલ હતી તેમ છતાં સુનિલગીરીએ લોન નહીં કરાવી આપી બાદમાં ફોન પણ ઉપાડવાનું બંધ કરી દીધેલ હતો. જેથી પતિ રાજકોટ ખાતે સુનિલગીરીને મળવા જતા તે મળી આવ્યો ન હતો. બાદમાં પતિએ અવારનવાર ફોન કરતા સુનિલ ગીરીએ ફોન ઉપાડી હું રાજકોટમાં કોઈ બચત મંડળી ચલાવતો નથી અને મેં તમારી પાસેથી લોન પ્રોસેસ માટે જે રૂપિયા લીધેલ હતા તે મેં મારા અંગત ખર્ચમાં વાપરી નાખેલ છે, મારી પાસે એક પણ રૂપિયો નથી, તમે તમારા રૂપિયા ભૂલી જજો અને હવે પછી મને તમારા પૈસા બાબતે ફોન કરતા નહીં તેમ કહી હાથ ખંખેરી નાખતા પરિણીતાએ રૂ. ૭૩ લાખની ઠગાઈ અંગે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં ફરીયાદ નોંધાવી હતી.

# ભગવતીપરામાં નદી કાંઠે પતા ટીંચતી બે મહિલા સહિત આઠ ઝબ્બે

## રૈયાધાર મફતિયાપરા સુખદેવસિંહ ટાઉનશીપમાં જુગાર રમતા છ શખસો ઝડપાયા: બી. ડિવિઝન અને ક્રાઈમ બ્રાંચની કાર્યવાહી, ૭૩,૪૦૦ ની રોકડ કબજે

**અબતક, રાજકોટ**

શહેરના ભગવતીપરા વિસ્તારમાં આજી નદીના કાંઠે જુગાર રમતા બે મહિલાઓ સહિત આઠ શખસોને બી ડિવિઝન પોલીસે ઝડપી લઇ રૂ.૧૪,૨૦૦ ની રોકડ કબજે કરી હતી. જયારે ક્રાઈમ બ્રાંચે રૈયાધાર મફતીયાપરા પાસે સુખદેવસિંહ ટાઉનશીપમાં જુગાર રમતા છ શખસોને ઝડપી લઇ રૂ.૫૯,૨૦૦ ની રોકડ કબજે કરી હતી.

જુગારના આ દરોડાની જાણવા મળતી વિગતો મુજબ, બી ડિવિઝન પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ નરેશભાઈ ચાવડા, કોન્સ્ટેબલ જગમાલભાઈ જાદવ, સુખદેવભાઈ દાંતી, રેશમાબેન અબ્દુલભાઈ મોઢિયા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન એવી બાતમી મળી હતી કે, ભગવતીપરા મિયાણાવાસ આજી નદી કાંઠે દશામાના મંદિર પાસે કેટલાક શખસો જાહેરમાં જુગાર રમી રહ્યા છે. આ બાતમીના આધારે બી ડિવિઝન પોલીસે અહીં દરોડો પાડી જાહેરમાં જુગાર રમતા બે મહિલાઓ સહિત આઠ શખસોને ઝડપી લીધા હતા. જુગાર રમતા ઝડપાયેલા શખસોમાં સોહિલ મજીદભાઈ સોરા, રમેશ ગાંડાભાઈ મકવાણા, આકાશ રત્નાભાઈ સભાડ, સરફરાજ હુસેનભાઈ શેખ, કિરણ મેઘજીભાઈ દશઆંગરીયા, યુનુસ અલારખાભાઈ રાઉમા, સમીનાબેન શરીફભાઈ સમા અને રૂક્ષાના શરીફભાઈ સમાનો સમાવેશ થાય છે. પોલીસે પટમાંથી રોકડ રૂપિયા ૧૪,૨૦૦ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

જ્યારે જુગારના અન્ય દરોડામાં ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ.આર.ગોંડલીયાની રાહબરી હેઠળ એએસઆઈ અનિલભાઈ સોનારા, હેડ કોન્સ્ટેબલ કનકસિંહ સોલંકી, કોન્સ્ટેબલ રાજેશભાઈ ચાવડા, હરપાલસિંહ જાડેજા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન રૈયાધાર મફતિયાપરા સુખદેવસિંહ ટાઉનશીપમાં રહેતો અલ્કેશ સોલંકી અહીં પોતાના ઘર પાસે ફળિયામાં માણસો ભેગા કરી જુગાર રમાડતો હોવાની બાતમી મળી હતી. જે બાતમીના આધારે પોલીસે દરોડો પાડી અહીં જુગાર રમતા છ શખસોને ઝડપી લીધા હતા. જુગાર રમતા ઝડપાયેલા શખસોમાં અલ્કેશ અશોકભાઈ સોલંકી, ભીમા અરજણભાઈ લુણાગરિયા, મુનાફ હબીબભાઈ ખત્રી, રાજુ ધીરૂભાઈ વઢવાણિયા, કાના દિલીપભાઈ મકવાણા અને વિનોદ જયંતીભાઈ મકવાણાનો સમાવેશ થાય છે. પોલીસે પટમાંથી રોકડ રૂ.૫૯,૨૦૦ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# રાહુલ ગાંધીના 'પીએમ કોમ્પ્રોમાઈઝ્ડ' નિવેદન પર સંસદમાં હોબાળો

**મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધ અને આર્થિક કટોકટીની અસરો વચ્ચે ભારતીય સંસદનું બજેટ સત્ર અત્યંત તોફાની બન્યું: લોકસભામાં સ્પીકરને હટાવવાના પ્રસ્તાવ પર ચાલી રહેલી ચર્ચા દરમિયાન રાહુલ ગાંધી અને રવિશંકર પ્રસાદ સામસામે આવી ગયા**

**અબતક, રાજકોટ**

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધ અને આર્થિક કટોકટીની અસરો વચ્ચે ભારતીય સંસદનું બજેટ સત્ર અત્યંત તોફાની બની રહ્યું છે. લોકસભામાં સ્પીકરને હટાવવાના પ્રસ્તાવ પર ચાલી રહેલી ચર્ચા દરમિયાન રાહુલ ગાંધી અને રવિશંકર પ્રસાદ સામસામે આવી ગયા હતા.

આઝાદી પછી બીજી વખત સ્પીકર વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા થઈ રહી છે. રવિશંકર પ્રસાદે ચર્ચાની શરૂઆત કરતા ઈમરજન્સીના કાળા દિવસો યાદ કરાવ્યા હતા. તેમણે કહ્યું કે, ''સ્પીકરનું પદ અત્યંત ગરિમામય છે અને તેને રાજકીય હથિયાર ન બનાવવું જોઈએ.'' આજે આ પ્રસ્તાવ પર ગૃહમંત્રી અમિત શાહ પણ સંબોધન કરી શકે છે અને અંતે વોટિંગ થશે.

રાજ્યસભામાં કોંગ્રેસના સાંસદ શક્તિસિંહ ગોહિલે રશિયામાં ચાર ભારતીય વિદ્યાર્થીઓ પર થયેલા જીવલેણ હુમલાનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે ચિંતા વ્યક્ત કરી કે વિદેશમાં વિદ્યાર્થીઓ પર હુમલા વધી રહ્યા છે. આ સાથે તેમણે મિડલ ઈસ્ટના યુદ્ધમાં ફસાયેલા ગુજરાતીઓનો મુદ્દો ઉઠાવતા કહ્યું કે એરલાઈન્સ કંપનીઓ લૂંટ ચલાવી રહી છે અને ટિકિટના ભાવ અનેકગણા વધી ગયા છે.

## ગેસ સિલિન્ડરને લઈ વિપક્ષનું વિરોધ પ્રદર્શન

સંસદ શરૂ થતા પહેલા પ્રિયંકા ગાંધી સહિતના વિપક્ષી સાંસદોએ સંસદના મુખ્ય દ્વાર પર વિરોધ પ્રદર્શન કર્યું હતું. મિડલ ઈસ્ટ યુદ્ધને કારણે દેશમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરના સપ્લાયમાં જે કાપ મુકાયો છે, તેના વિરોધમાં સાંસદોએ પ્લેકાર્ડ સાથે પ્રદર્શન કરી તાત્કાલિક સપ્લાય શરૂ કરવાની માંગ કરી હતી.

સવારે ગૃહની કાર્યવાહી શરૂ થતાની સાથે જ વિપક્ષે જોરદાર હંગામો મચાવ્યો હતો. વિપક્ષી સાંસદો વેલમાં આવીને નારેબાજી કરવા લાગ્યા હતા, જેના કારણે પીઠાસીન અધિકારી દિલીપ સૈકિયાએ ગૃહની કાર્યવાહી ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરવી પડી હતી.

## ''નેવર... નેવર... નેવર'': રવિશંકર પ્રસાદનો રાહુલ ગાંધીને જવાબ

લોકસભામાં સ્પીકર ઓમ બિરલાને હટાવવાના પ્રસ્તાવ પર ચર્ચા દરમિયાન રાહુલ ગાંધીએ ગંભીર આક્ષેપ કરતા કહ્યું કે, ''મને વારંવાર બોલતા રોકવામાં આવ્યો છે. વડાપ્રધાન કોમ્પ્રોમાઈઝ્ડ (તડજોડ કરનારા) છે.'' રાહુલના આ નિવેદન પર ભાજપના સાંસદ રવિશંકર પ્રસાદ ઉકળી ઉઠ્યા હતા અને જોરદાર અવાજે કહ્યું, ''નેવર... નેવર... નેવર... પીએમ મોદીનું ભારત ક્યારેય કોમ્પ્રોમાઈઝ્ડ નહીં કરે.'' પ્રસાદે ઉમેર્યું કે વિપક્ષને પાયાની સમજણ પણ નથી.

# કોર્ટનાં નિવૃત્ત ક્લાર્કને ડિજિટલ અરેસ્ટ કરી રૂ.૮૮.૫૦ લાખ પડાવવા મામલે વધુ એક શખ્સ દબોચાયો

**અગાઉ પકડાયેલ બીસીએના છાત્ર દેવાંસ અને કેતન જોષી પાસેથી એકાઉન્ટ મેળવી ફ્રોડના રૂ.૮ લાખ મેળવનાર મધ્યપ્રદેશનો રાહુલ પાટીદાર દબોચાયો: સાયબર ક્રાઈમની કામગીરી**

**અબતક, રાજકોટ**

કોર્ટના નિવૃત્ત ક્લાર્કને ડિજિટલ અરેસ્ટ કરી ૮૮.૫૦ લાખ પડાવી લેવાના ગુનામાં વધુ એક આરોપીને સાયબર ક્રાઈમની ટીમે પકડી પાડ્યો હતો. અગાઉ પકડાયેલ બીસીએના છાત્ર દેવાંસ અને કેતન જોષી પાસેથી એકાઉન્ટ મેળવી રૂ.૮ લાખ ફ્રોડના મેળવનાર મધ્યપ્રદેશના રાહુલ પાટીદારને પકડી કાર્યવાહી કરી હતી. ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, સાયબર ક્રાઈમ એસીપી સી.એમ.પટેલ દ્વારા શહેરના નાગરીકો સાથે થયેલ સાયબર ફ્રોડના ગુન્હાના આરોપીઓને પકડી પાડવાની આપેલ સૂચનાથી સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં બનાવ અંગે યુની. રોડ પરના સાધુવાસવાણી રોડ પર સ્વાગત રેસીડેન્સીમાં રહેતાં અને સેસન્સ કોર્ટના નિવૃત્ત ક્લાર્ક તેમજ બોલબાલા ટ્રસ્ટમાં સેવા આપતાં દિનેશભાઈ જીવણભાઈ દેલવાડીયા (ઉવ.૬૯) અને તેમની પત્નીને ૪૫ દિવસ ડિજિટલ એરેસ્ટ કરી સાયબર માફિયાઓએ ૮૮.૫૦ લાખ પડાવી લીધાં હતા.

દિલ્હી ક્રાઈમ બ્રાંચમાંથી સુનીલકુમાર ગૌતમનો ફોન આવેલ અને કહેલ કે, દિલ્હી ક્રાઈમ બ્રાંચમાં ઈઈઈઈઈઈ ના બેંક મેનેજર સંદીપ કુમાર વિરૂધ્ધ મની લોંડરીંગનો ગુનો દાખલ થયેલ છે, તેને જે ફ્રોડ કરેલ



તેમાથી તમને ૧૦ ટકા હીસ્સો આપેલનું સુપ્રીમ કોર્ટમા નીવેદનમા આપેલ છે, કહીં વૃધ્ધ દંપતીને ડિજિટલ એરેસ્ટ કરી લીધાં હતાં. બાદમાં મની લોન્ડરીંગ તથા ડ્રગ્સના કેસમાં ફીટ કરી દેવાની ધમકી આપી પત્નીના મોબાઈલમાં આરોપી પકડાયાના ફોટા મોકલી ભયભીત કરી દીધાં અને રોકડ, સોના પર લોન લેવડાવી લાખો રૂપિયાનું આરટીજીએસ કરાવી લીધું હતું. જે બાદ ૪૫ દિવસના અંતે ફરીયાદીએ પુત્રને જાણ કરી ફરીયાદ નોંધાવતા સાયબર ક્રાઈમની ટીમે ગુનો નોંધો પીઆઈ જે.એમ.કૈલા, એસ.ડી.ગીલવા અને ટીમે તપાસનો ધમધમાટ આદર્યો હતો.

જે અંગેની તપાસમાં સાયબર ક્રાઈમની ટીમે સાયબર સેન્ટીનલ લેબની મદદથી ગુન્હામાં સંડોવાયેલા આરોપી રાહુલ શ્રીકૃષ્ણ પાટીદાર (ઉ.વ.૨૭, રહે. ''ઈન્દ્રપ્રસ્થ કોલોની બદનાવર, મધ્યપ્રદેશ) ને મધ્યપ્રદેશ ખાતેથી પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરવા તજવીજ હાથ ધરેલ છે.

વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, આરોપી રાહુલ શ્રીકૃષ્ણ પાટીદાર અગાઉ પકડાયેલ આરોપીઓ કેતન વીરેન્દ્ર જોષી સાથે મળી આરોપી દેવાંશ રાહુલ જોશીનું એકાઉન્ટ કમિશન પેટે લઈ એકાઉન્ટ હોલ્ડરના ખાતામાં ફરિયાદી સાથે થયેલ ફ્રોડના રૂ.૮ લાખ ટ્રાન્સફર કરાવી સાયબર ફ્રોડનો ગુનો આચરેલ છે.

# થાનગઢના દારૂના ગુનામાં ફરાર રવિ ચૌહાણ ગંજીવાડા પાસેથી ઝબ્બે

**અબતક, રાજકોટ**

થાનગઢ પોલીસ સ્ટેશનના દારૂના ગુનામાં છેલ્લા છ માસથી ફરાર નારાયણનગર, કોઠારીયા સોલ્વન્ટમાં રહેતા શખસને ધોરાળા પોલીસે ભાવનગર રોડ ગંજીવાડા નાકા પાસેથી ઝડપી લીધો હતો. બાદમાં આરોપીને થાનગઢ પોલીસને સોંપ્યો હતો.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર ચૈતન્ય માંડલિક, નાયબ પોલીસ કમિશનર હેતલ પટેલ, મદદનીશ પોલીસ કમિશનર વી.બી.જાડેજાએ દારૂ જુગાર જેવા અલગ અલગ ગુનાઓમાં નાસતા ફરતા, વચગાળાના જામીનમુક્ત બાદ ફરાર આરોપીઓને પકડી પાડવા સૂચના



આપી હોય જે અંતર્ગત પી.આઈ. એન.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. એ.પી.રત્નની રાહબરી હેઠળ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો દરમિયાન ખાનગી રાહે બાતમી મળી હતી કે થાનગઢ પોલીસ સ્ટેશનના દારૂના ગુનામાં ફરાર શખસ ભાવનગર રોડ ગંજીવાડા નાકા પાસે આવેલ છે.પોલીસે બાતમીના આધારે શખસને પકડી નામ પૂછતા રવિ બચુભાઈ ચૌહાણ(ઉંમર ૨૫)(રહે નારાયણનગર કોઠારીયા સોલ્વન્ટ) જણાવ્યું હતું.પોલીસે શખસને પકડી જરૂરી કાર્યવાહી કરી થાનગઢ પોલીસને સોંપ્યો હતો.

આ કામગીરીમાં પી.આઈ. એન.જી.વાઘેલા, પી.એસ.આઈ. એ.પી.રત્ન, પોલીસ હેડ કોન્સ્ટેબલ રાણાભાઈ એ.મોરી, નિલેશભાઈ કે. જાગાણી,ઈલેશભાઈ પરમાર, પોલીસ કોન્સ્ટેબલ શૈલેષભાઈ ગઢવી, જગદીશભાઈ રામ સાથે રહ્યા હતા

(પહેલા પાનાનું ચાલું)

### રિલાયન્સ..

રાષ્ટ્રીય સુરક્ષા મજબૂત થશે અને દેશના અર્થતંત્રને અબજો ડોલરનો સીધો ફાયદો થશે.આ પ્રોજેક્ટની વિશેષતા અંગે વાત કરતા ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે આ રિફાઈનરી પર્યાવરણની દ્રષ્ટિએ અત્યાધુનિક હશે અને તે 'વિશ્વની સૌથી સ્વચ્છ રિફાઈનરી' બનશે. આ સાથે જ આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટથી રોજગારીની નવી તકો પણ ઉભી થશે. દક્ષિણ ટેક્સાસ જેવા વિસ્તારમાં હજારો નવી નોકરીઓનું સર્જન થશે, જેનાથી આ ક્ષેત્રનો આર્થિક વિકાસ ઝડપી બનશે અને સ્થાનિક લોકોને તેનો લાભ મળશે. ડોનાલ્ડ ટ્રમ્પે આ જંગી રોકાણને પોતાના વહીવટીતંત્રની આર્થિક નીતિઓ સાથે જોડીને તેની સફળતા ગણાવી હતી. તેમણે જણાવ્યું હતું કે તેમની 'અમેરિકા ફર્સ્ટ એજન્ડા' નીતિ અંતર્ગત પરવાનગી આપવાની પ્રક્રિયા સરળ બનાવવા અને ટેક્સમાં ઘટાડો કરવા જેવા પગલાંઓને કારણે જ અમેરિકામાં ફરીથી અબજો ડોલરના રોકાણો આવી રહ્યા છે.

(ત્રીજા પાનાનું ચાલું)

### વિશ્વ કિડની દિવસ...

પડવું, પેશાબમાં બળતરા થવી અને પીઠમાં દુખાવો થવો. વધારે માહિતી આપતા ડો.સંજય પંડ્યા એ જણાવ્યું કે ડાયાબિટીસ એ કિડની બગાડવાનું એક નંબરનું કારણ છે. શરૂઆતના તબક્કામાં ડાયાબિટીસને લીધે કિડની પર થતી અસરના કોઈ જ ચિહ્નો જોવા મળતા નથી. તેથી ડાયાબિટીસના દરેક દર્દીએ આ મુજબની સાવચેતી રાખવી જોઈએ. જેમકે દર બે-ત્રણ મહિને બ્લડ સુગર ચેક કરાવવું અને ડાયાબિટીસ કાબુમાં રાખવો. બ્લડ પ્રેશર નિયમિત મપાવવું અને તે ૧૨૦ ની આસપાસ રહેવું જોઈએ. દર વર્ષે, કોઈ જ તકલીફ ન હોય તેમ છતાં, કિડનીનો ટેસ્ટ કરાવવો. જેમાં બ્લડ પ્રેશર મપાવવું, લોહીમાં ક્રિએટીનીનનો ટેસ્ટ અને ખાસ કરીને પેશાબમાં પ્રોટીનની સચોટ તપાસ કરાવવી.

(ચોથા પાનાનું ચાલું)

### મોઢ વણિક...

મંડળ દ્વારા ભક્તિભીનું આમંત્રણ પાઠવવામાં આવે છે.

શ્રી મોઢવણિક મહાજન રાજકોટ આયોજિત યુવીએમસી પાર્ટી લોન્સની તૃતીય વર્ષગાંઠ ઉજવણી સમારોહ ને સફળ બનાવવા પ્રમુખ ભાગ્યેશ વોરાની રાહબરીમાં મેને. ટ્રસ્ટી કિરેન છાપિયા, ઉપપ્રમુખ સુનિલ વોરા, મંત્રી અશ્વિન વડોદરિયા, સહમંત્રી કેતન પારેખ, ખજાનચી નીતિન વોરા, ટ્રસ્ટીઓ જગદીશ વડોદરિયા, સંજય મણિયાર, ઈલેશ પારેખ, ધર્મેશ વોરા તથા શ્રી મોઢવણિક મહાજન ના મેનેજર સુરેશ રાજપુરોહિત સહિતનાઓ જહેમત ઉઠાવી રહ્યા છે.

### ભગવતીપરા...

વ્યવહારનો લાભ મળશે.

આ પ્રસંગે પૂર્વ શહેર ભાજપ મહામંત્રી અશ્વિનભાઈ મોલિયા, રોશની સમિતિના ચેરમેન કાળુભાઈ કુંગશીયા, કાયદા અને ન્યાય સમિતિના ચેરમેન કંકુબેન ઉધરેજા, વોર્ડ પ્રમુખ કાનાભાઈ ડૈયા, મહામંત્રી ભરતભાઈ લીંબાશીયા, દેવદાનભાઈ કુંગશીયા, એન. જી. પરમાર,પ્રવિણભાઈ પટેલ, હિતેશભાઈ ગોહેલ, સહિત અગ્રણીઓ અને સ્થાનિક નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.ઉલ્લેખનીય છે કે આ કામગીરી અંદાજે રૂ. ૩૨ લાખના ખર્ચે હાથ ધરવામાં આવી છે, જેમાં ૬૧ પોલ સાથે આશરે ૧૪૦૦ મીટર લાંબા માર્ગ પર સેન્ટ્રલ એલ.ઈ.ડી. લાઈટીંગ સુવિધા સ્થાપિત કરવામાં આવી છે. આ તકે સ્થાનિક નાગરિકોએ આ વિકાસકારી કામગીરી બદલ ખુશી વ્યક્ત કરી આગેવાનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

### ભાજપ પ્રભારી...

તેની પણ વિસ્તૃત જાણકારી આપી હતી. પ્રભારી ભરતભાઈ આર્ય એ બેઠકમાં ઉપસ્થિત કાર્યકરોને સંબોધતા આગામી કાર્યક્રમો અંગે વિગતવાર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું,તેમણે સંગઠનને વધુ મજબૂત બનાવવા જનસંપર્ક કરવા તેમજ મીડીયા,સોશિયલ મીડિયા તેમજ આઈ.ટી.ના માધ્યમથી લોકો સુધી પહોંચવા પર ભાર મૂક્યો હતો. આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા, જીલ્લા મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માંકડિયાએ પ્રભારી ભરતભાઈ આર્યને સ્વાગતસાથે આવકાર્યા હતા તેમજ નવનિયુક્ત મોરચાના હોદેદારોને શુભકામનાઓ સાથે સંગઠનાત્મક ચર્ચા સાથે માર્ગદર્શન પૂરું પડ્યું હતું.આ બેઠકમાં રાજકોટ જિલ્લા ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા,જીલ્લા ભાજપ મહામંત્રી રવિભાઈ માંકડિયા, હરેશભાઈ હેરભા સહિત તમામ હોદ્દેદારો હાજર રહ્યા હતા.

### ઉમિયા રથ...

પરિવારોને આમંત્રણ આપવાના હેતુસર રાજકોટ શહેરમાં પરિભ્રમણ કરતો મા ઉમિયાનો રથ વોર્ડ નં. ૯ ના વિવિધ વિસ્તારોમાં બપોરે ૩ કલાકે નીલકંઠ મહાદેવ મંદિર થી પ્રસ્થાન કરવામાં આવ્યુ હતુ. પ્રસ્થાન સમયે ઉમિયાધામના ટ્રસ્ટીઓ જયેશભાઈ પટેલ, કૌશીકભાઈ રાબડીયા, ઉપસ્થિત રહયા હતા. વોર્ડ નં. ૯માં રાજકીય આગેવાનો શહેર ભાજપ પ્રમુખ માધવભાઈ દવે, કમલેશભાઈ મિરાણી, કોર્પોરેટર પુષ્કરભાઈ પટેલ, એ રથયાત્રાનું સ્વાગત કર્યુ હતુ. વોર્ડ નં. ૧૧ માં ઉમિયાના ભવ્ય દિવ્ય રથનું ગ્રીનમુનથી ઉમિયા ધામના ટ્રસ્ટીઓ નાથાભાઈ કાલરીયા, કાંતીભાઈ માકડીયા, વિનુભાઈ મણવર, કિરીટભાઈ આદ્રોજા, રાજનભાઈ વડાલીયા, રસિકભાઈ ફળદુ, રમેશભાઈ રાણીપા, ગૌતમભાઈ ધમસાણીયા, અમીતભાઈ ત્રાંબડીયા, વિજયભાઈ ડઢાણીયા સહીતના ઉદ્યોગપતિઓની ઉપસ્થિતીમાં પ્રસ્થાન થયુ હતુ. વોર્ડ નં. ૧૧ માં હાઈરાઈઝ વિસ્તારો એકવા, પારીજાત એન્ડ ઓરા, ધી ટેમ્પલ, કદમ્બ, એટલાન્ટીકા, વિન્સર ગાર્ડન, બ્લુમુન, ફોર્ચ્યુન, સેલેસિફા, કોસમોસપ્રાઈડ, પેન્ટાગોન માં રથનું સ્થાનીક રહેવાસીઓ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતુ. હાઈરાઈઝ બિડીંગોમાં રોશની, રંગોળી પુષ્પોની રંગોળી દ્વારા આકર્ષક સુશોભન કરાયુ હતુ. ડી.જે. ના તાલે બહેનોએ રાસ ની રમઝટ બોલાવી હતી. ઠેર-ઠેર ફલેટની બાળાઓ દ્વારા માથે કળશ લઈ રથનું સામૈયુ કરવામાં આવ્યુ હતુ. શ્રીનાથધામ હવેલી ગ્રાઉન્ડ ખાતે વિરામ કરાયો હતો.

શ્રીનાથ ધામ હવેલી ખાતે થી તાલુકા પી.આઈ. હીરપરાના હસ્તે પ્રસ્થાન કરાયુ હતુ. ન્યુ રાજકોટના અંબીકા ટાઉનશીપના વિસ્તારોમાં રથનું કડવા પાટીદારો દ્વારા ભવ્યાતિભવ્ય સ્વાગત કરાયુ હતુ. ઉમિયાધામના પ્રમુખ મૌલેશભાઈ ઉકાણી એ વિસ્તારમાં રથયાત્રા સાથે જોડાયને પાટીદાર પરિવારોને ઈશ્વરીયા ખાતે ૨૧ થી ૨૫ માર્ચ દરમ્યાન યોજાનારા જ્ઞાતી સમૂહ ભોજનમાં જોડવા આહવાન કર્યુ હતુ. ઉમિયાધામના ઉપપ્રમુખ ચિમનભાઈ શાપરીયા મંત્રી જયેશભાઈ પટેલ, સંગઠન પ્રમુખ કૌશીકભાઈ રાબડીયા સહીતના આગેવાનોએ રથયાત્રામાં જોડાયા હતા. હજારો પાટીદાર ભાઈ-બહેનોએ ઉમિયાના દર્શનનો હાવો લીધો હતો. રથયાત્રાને સફળ બનાવવા માટે ઉમિયા પરિવાર સંગઠન સમિતિ રાજકોટ શહેરના પ્રમુખ દિનેશભાઈ ચાપાણી, ઉપપ્રમુખ અતુલભાઈ ભૂત, મંત્રી મનીષભાઈ કાલરીયા, હરીભાઈ કલોલા, મહિલા સંગઠન પ્રમુખ ડો.મિતાબેન પટેલ, યુવા સંગઠન પ્રમુખ સંદિપ કાલરીયા, સહીતની ટીમ સમગ્ર રથયાત્રાનું સુચારૂ ઢબે વ્યવસ્થા કરવા જહેમત ઉઠાવી રહયા છે. તેમ ઉમિયાધામ સિદસરના પ્રેસ મીડીયા સમિતિના કન્વીનર રજની ગોલની યાદીમાં જણાવાયુ છે.

### ડે. મેયર...

વાતાવરણ વધુ ને વધુ પર્યાવરણમિત્ર બને તે હેતુથી આગામી સમયગાળામાં ખૂબ બહોળી સંખ્યાસમાં વૃક્ષારોપણ કરવાનું આયોજન છે, જેના થકી શહેરની આબોહવા સહિત શુધ્ધવ હવાની ગુણવત્તામાં ઉત્તરોતર સુધારો લાવવાનો સમગ્ર તંત્રનો પ્રયાસ રહેશે.

(૧૧માં પાનાનું ચાલુ)

### વીજ કર્મચારીઓનો વિરોધ...

વિરોધ નોંધાવવો. આ આંદોલનમાં પારદર્શિતા અને સંગઠન શક્તિ બતાવવા માટે દરેક કચેરીના કર્મચારીઓ પોતાના વિરોધ પ્રદર્શનના ફોટા પાડીને સંઘના સોશિયલ મીડિયા ગ્રુપમાં મૂકી રહ્યા છે, જે તેમની સંઘ પ્રત્યેની અતૂટ વફાદારી અને મક્કમતા દર્શાવે છે.

રાજકોટ સિટીની તમામ કચેરીઓના ટેકનિકલ અને નોન-ટેકનિકલ સ્ટાફે આ કાર્યક્રમમાં જોડાઈને મેનેજમેન્ટને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે જો તેમની વાજબી માંગણીઓ પર ત્વરિત અને સકારાત્મક નિર્ણય લેવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં આ આંદોલન વધુ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી શકે છે. સંઘના નેતાઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે જ્યાં સુધી કર્મચારીઓના પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે ત્યાં સુધી આ લડત ચાલુ રહેશે. આજના સફળ વિરોધ પ્રદર્શને સમગ્ર વીજ ક્ષેત્રમાં ચર્ચા જગાવી છે અને મેનેજમેન્ટ પર દબાણ વધાર્યું છે.

### શાંતિ નિકેતન કોલેજ...

રક્તની બોટલો એકત્રિત કરવાનું લક્ષ્ય રાખ્યું છે. આ ત્રિ-દિવસીય કાર્યક્રમમાં વિદ્યાર્થીઓના કૌશલ્ય અને સેવાની સરવાણી વહેતી જોવા મળી હતી. વિદ્યાર્થીઓએ રક્તદાન કરીને જવાબદાર નાગરિક તરીકેનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. યુવા શક્તિના આ રચનાત્મક ઉત્સાહ અને વ્યવસાયિક સૂઝબૂઝને કોલેજ ટ્રસ્ટીઓ, અધ્યાપકો અને મુલાકાતીઓએ મુક્ત કંઠે બિરદાવ્યા હતા.

### નિધિ સ્કુલ...

શક્તિઓને ઉજાગર કરશે, આ વાર્ષિકોત્સવમાં ૨૯ થી પણ વધુ કૃતિઓ વિદ્યાર્થી ભાઈ-બહેનો દ્વારા રજુ કરવામાં આવશે, આકૃતિઓમાં દેશભક્તિ ગીત, રાજસ્થાની ફોક ડાન્સ, નારી શક્તિ થીમ ડાન્સ, મહિસાસુર મર્દની ડાન્સ, કોમેડી ડાન્સ, આધ્યાત્મિક જાગૃતિનું ડ્રામા, એજ્યુકેશન થીમ ડાન્સ, દુહા છંદ, તલવાર રાસ, વૃદ્ધ માતા-પિતાનો ડ્રામા, ભરવાડ રાસ જેવી કૃતિઓ વિદ્યાર્થી ભાઈ બહેનો દ્વારા રજૂ કરવામાં આવશે, તેમજ આ વાર્ષિકોત્સવમાં વર્ષ ૨૦૨૫/૨૬ દરમ્યાન કે.જી થી ધોરણ - ૮ સુધી શ્રેષ્ઠતમ પર્ફોમન્સ આપેલ વિદ્યાર્થીને બેસ્ટ સ્ટુડન્ટ ઓફ ધ યર' એવોડ થી સન્માનિત કરવામાં આવશે. આ વાર્ષિકોત્સવની શરૂઆતમાં દીપ પ્રાગટ્ય સંસ્થાના ચેરમેન સજનબા સિંધુભા ચુડાસમા તેમજ ઉપસ્થિત રાજકીય, સામાજિક, ધાર્મિક ક્ષેત્રના આગેવાનો દ્વારા કરવામાં આવશે, આ વાર્ષિકોત્સવમાં સ્કૂલના તમામ વિદ્યાર્થીના વાલીઓ ને પધારવા સ્કૂલ તરફથી નિમંત્રણ પાઠવવામાં આવે છે. કાર્યક્રમનું સંચાલન પૂર્વા ગોહેલ તેમજ રજીયા રાજપારી દ્વારા કરવામાં આવશે. આ વાર્ષિકોત્સવને સફળ બનાવવા માટે સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી યશપાલસિહ ચુડાસમા, ટ્રસ્ટી હર્ષદબા ચુડાસમા, પ્રિન્સિપાલ બીના ગોહેલ, જાનકી નકુમ, હર્ષદ રાઠોડ તેમજ સ્કૂલનો સમગ્ર શિક્ષક ગણ અને વિદ્યાર્થી ગણ કાર્યરત રહેલ છે. આ મુલાકાતમાં સ્કૂલના વિદ્યાર્થી મૈયડ કૌશલ. પરમાર આયુષ યાદવ સુભમ, માંડવીયા વેદ, બુધ્ધદેવ દિવ્ય જોડાયા હતા.

(છેલ્લા પાનાનું ચાલુ)

### ''પંજા''ના પ્રતીક...

પૂર્ણ તબક્કે પહોંચી ગઈ છે. સમગ્ર ગુજરાતમાં કુલ ૧૫ મહાનગરપાલિકાની ૧૦૪૪ બેઠકો, ૩૪ જિલ્લા પંચાયતની લગભગ ૧૦૮૪ બેઠકો, ૨૬૨ તાલુકા પંચાયતની ૫૨૧૪ બેઠકો અને ૮૩ નગરપાલિકાની લગભગ ૨૫૯૬ બેઠકો માટે ચૂંટણી યોજાવાની છે. આ રીતે રાજ્યના લગભગ ૯૫% વિસ્તારની આશરે ૧૦,૦૦૦ જેટલી બેઠકો પર ચૂંટણી યોજાશે. કોંગ્રેસ પક્ષે ચૂંટણીને ધ્યાનમાં રાખીને સંગઠન સ્તરે તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે. તાલુકા, શહેર, વોર્ડ અને જિલ્લા કક્ષાએ લોકો વચ્ચે જઈ સંવાદ સ્થાપિત કરવામાં આવ્યો છે. મહાનગરોમાં કોંગ્રેસ આપકે દ્વાર કાર્યક્રમ દ્વારા લોકોના પ્રશ્નો સાંભળવામાં આવ્યા અને જનતાના સૂચનોના આધારે મેનિફેસ્ટો તૈયાર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ગુજરાતના ૧૫ મહાનગરોમાં ઉમેદવારી ઈચ્છતા લોકો માટે ઓનલાઈન ક્યુઆર કોડ દ્વારા અરજી કરવાની વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે. ક્યુઆર કોડ સ્કેન કરીને ઉમેદવારો પોતાની વિગતો સાથે ફોર્મ ભરી શકશે. ત્યારબાદ ૧૧ થી ૨૦ માર્ચ દરમિયાન તેમની રૂબરૂ મુલાકાત લઈને પેનલ તૈયાર કરવામાં આવશે.

સ્થાનિક સ્વરાજ સંસ્થાઓમાં ૫૦% બેઠકો મહિલાઓ માટે અનામત છે તેમજ એસસી, એસટી અને ઓબીસી વર્ગો માટે પણ અનામત બેઠકો છે. તેથી મહિલાઓ અને પછાત વર્ગોના સક્ષમ લોકોને પણ આગળ આવી ઉમેદવારી નોંધાવવાની અપીલ કરવામાં આવી છે. કોંગ્રેસના રાષ્ટ્રીય નેતૃત્વ મલ્લિકાર્જુન ખડગે, રાહુલ ગાંધી તથા પ્રભારી મુકુલ વાસનિકના માર્ગદર્શન હેઠળ સ્થાનિક સ્વરાજની આવનારી ચૂંટણીઓમાં ૫૦% બેઠકો પર ૫૦ વર્ષથી ઓછી ઉંમરના યુવાનોને તક આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મતદાર યાદી સુધારણા પ્રક્રિયામાં ગુજરાતમાં ૭૩ લાખ ૭૩ હજાર જેટલા મતોનો ઘટાડો થયો છે. ૨૦૨૨ની ચૂંટણીના સંદર્ભમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચેનો તફાવત લગભગ ૮૦ લાખ મતોનો હતો. હવે આટલા મોટા પ્રમાણમાં મત ઘટતા આ તફાવત નોંધપાત્ર રીતે ઘટી ગયો છે. અમદાવાદ અને સુરત શહેરની લગભગ ૨૩ વિધાનસભા બેઠકોમાં ૪૭ હજારથી લઈને ૧.૯૪ લાખ સુધીના મત ઓછા થયા છે. જેમાં મુખ્યમંત્રીની ઘાટલોડિયા બેઠક પર લગભગ ૯૭ હજાર મત ઓછા થયા છે, જ્યારે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની બેઠક પર પણ આશરે ૮૫ હજાર મત ઓછા થયા છે. તેમના મતે આ ઘટાડો અગાઉના બોગસ મતદારોના કારણે હતો અને તેના પરિણામે આવનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં આશ્ચર્યજનક પરિણામો જોવા મળી શકે છે. આ વખતે કોંગ્રેસ પક્ષ કેટલાક શહેરોમાં મેયર પદના સંભવિત ઉમેદવારોની અગાઉથી જાહેરાત કરવાની પણ તૈયારીમાં છે, જેથી મતદારોને સ્પષ્ટ નેતૃત્વનો વિકલ્પ મળી શકે. હાલ મળતા પ્રતિસાદના આધારે કોંગ્રેસ પક્ષ આ તમામ ચૂંટણીઓમાં મજબૂતાઈથી મેદાનમાં ઉતરશે.

### ૧૦,૦૦૦ બેઠકો પરથી...

થવાથી હવે તેમને પોતાની ડિપોઝીટ જપ્ત થવાનો ડર સતાવી રહ્યો છે. ગુજરાતની જનતા ભાજપના વિકાસના રાજકારણને ઓળખે છે અને પાંચ વર્ષે માત્ર ચૂંટણી ટાણે જ દેખાતા કોંગ્રેસના નેતાઓને આ વખતે પણ જનતા આકરો પાઠ ભણાવશે. આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પ્રજા ફરી એકવાર કોંગ્રેસને સખત જાકારો આપી ભાજપના વિકાસવાદ પર મહોર મારશે.

### ઓરેન્જ એલર્ટ...

વડોદરાનું તાપમાન ૪૧ ડિગ્રી સુરતનું તાપમાન ૪૦.૨ ડિગ્રી, દમણનું તાપમાનનું ૩૭ ડિગ્રી, ભૂજનું તાપમાન ૪૧ ડિગ્રી, નલીયાનું તાપમાન ૩૮.૮ ડિગ્રી, કંડલા પોર્ટનું તાપમાન ૩૯.૫ ડિગ્રી, કંડલા એરપોર્ટ પરનું તાપમાન ૩૯.૬ ડિગ્રી, અમરેલીનું તાપમાન ૪૦.૩ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૪૦.૩ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૩૯.૬ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૩૩.૩ ડિગ્રી, ઓખાનું તાપમાન ૩૦.૨ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૪૦.૯ ડિગ્રી,રાજકોટનું તાપમાન ૪૨ ડિગ્રી, વેરાવળનું તાપમાન ૪૦.૮ ડિગ્રી, દિવનું તાપમાન ૪૧.૩ ડિગ્રી, સુરેન્દ્રનગરનું તાપમાન ૪૧.૭ ડિગ્રી, મહુવાનું તાપમાન ૪૦.૬ ડિગ્રી અને કેશોદનું તાપમાન ૪૧.૪ ડિગ્રી નોંધાયું હતુ. આગામી બેથી ત્રણ દિવસ હજી હિટવેવનો પ્રકોપ યથાવત રહેશે.

### આઠ કલાક વીજળી...

નગરપાલિકાઓને ''વાયર ફ્રી સીટી'' માં રૂપાંતરિત કરવામાં આવશે. મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, કૃષિ પાવર નેટવર્કના વીજ વિતરણ લોસ ઘટાડવા, વારંવાર હવામાન પ્રેરીત વિક્ષેપો ઘટાડવા અને લાંબા કૃષિ ફીડરના વિભાજન દ્વારા ગ્રાહકોને પર્યાપ્ત વીજ પુરવઠો સુનિશ્ચિત કરવા માટે સર્જન યોજનાની જાહેરાત કરાઈ છે જે માટે રૂ. ૨૫ કરોડની નવી બાબત તરીકે જોગવાઈ કરાઈ છે. દરિયાઈ પવનોનો ઉપયોગ કરવા કેન્દ્ર સરકારના પરામર્શમાં ૫૦૦ મેગાવોટ ઓફશોર વિન્ડ એનર્જી કેપેસીટી સ્થાપિત કરાશે. આ ઉપરાંત ઊર્જા સુરક્ષા માટે ૧૧ ગીગાવોટ અને ૫૫ જીડબલ્યુએચ એનર્જી સ્ટોરેજ સ્થાપિત ક્ષમતા ઊભી કરાશે.

### રોડ-બ્રિજનું સતત નિરીક્ષણ...

સરકારની સંવેદનશીલતા, પારદર્શકતા તથા સમયબધ્ધ જવાબદારીનો સશક્ત દાખલો છે. રાજ્ય સરકારે આ પહેલ વડે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે વિકાસની સાથે-સાથે સુરક્ષા, ગુણવત્તા તથા જાહેર વિશ્વાસ; ત્રણેય સમાન રીતે ફરજિયાત છે. રાજ્ય સરકારના આ નિર્ણય અંગે સામાન્ય વહિવટી વિભાગ દ્વારા તાજેતરમાં એક પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. પરિપત્ર મુજબ રાજ્યના રોડ, બ્રિજ, સરકારી ઈમારતો તથા અન્ય નાગરિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિત ૧.૫૦ લાખથી વધુ જાહેર સંપત્તિઓની હવે એક જ સેન્ટ્રલાઈઝ્ડ ડિજિટલ પ્લેટફોર્મ પર નોંધણી થશે. જીઆઈએસ આધારિત લોકેશન, ફોટોગ્રાફ્સ, સંરક્ષક અધિકારીની વિગતો તથા ખાસ ડિજિટલ ઓળખ; આ સંપૂર્ણ વ્યવસ્થા મિલ્કતોની આવરદાની વૈજ્ઞાનિક તેમજ સતત દેખરેખ સુનિશ્ચિત કરશે. તેનાથી માત્ર વર્તમાન સુરક્ષા જ મજબૂત નહિં થાય, પણ ભવિષ્યની બાંધકામ પ્રક્રિયા પણ ડેટા આધારિત બનશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સંવેદનશીલ વહિવટી અભિગમનાં કેન્દ્રમાં નાગરિક સલામતી છે. એસેટ સેફટી મોનિટરિંગ પોર્ટલના માધ્યમથી એ સુનિશ્ચિત કરવામાં આવશે કે કોઈ પણ મિલ્કતની માળાખકીય નબળાઈ, નિરીક્ષણમાં વિલંબ કે રિપેરિંગની જરૂરિયાત પ્રત્યે બેદરકારી ન થાય. સ્વચાલિત નિરીક્ષણ કેલેન્ડર તથા રિયલ-ટાઈમ એલર્ટ સિસ્ટમ વહીવટી તંત્રને સમયસર કાર્યવાહી માટે ફરજ પાડશે.તેના હેઠળ આ એકીકૃત પોર્ટલ પર ફીલ્ડ ઑફિસર્સ ડિજિટલ લોગિન વડે નિરીક્ષણ રિપોર્ટ તથા ફોટોગ્રાફ્સ અપલોડ કરશે. જિલ્લા કલેક્ટરો તથા મહાનગર પાલિકા કમિશ્નરોએ સાપ્તાહિક, માસિક તથા ત્રિમાસિક સમીક્ષા કરવાની રહેશે. પ્રભારી સચિવો જિલ્લા પ્રવાસ દરમિયાન જરૂરી નિર્દેશો આપશે.

## દુઃખદ અવસાન

**સદ્‌ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના**

**રાજકોટ:** અનસુયાબેન પિત્રોડા (ઉ.વ.૮૯) તે સ્વ. વશરામભાઈ આંબાભાઈ પિત્રોડાના પત્ની, ભુપેન્દ્રભાઈ, સુરેશભાઈના માતા, યોગેશભાઈના દાદીબાનું તા. ૯-૩ ને સોમવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૨-૩ ને ગુરુવારે સાંજે ૪ થી ૬ દરમિયાન તેમના નિવાસ સ્થાન નવલનગર ૯/૧૨ હરિકૃપા, વિશ્વેશ્વર મહાદેવ મંદિરની સામે, મવડી મેઈન રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** વિનોદભાઈ વેલજીભાઈ શીંગાળા (ઉ.વ.૮૬) તે કિશોરભાઈના નાનાભાઈ, લલીતભાઈ (ઓસ્ટ્રેલીયા) ના મોટાભાઈ, ગોપાલદાસ દામોદરદાસ રાજાણી (જામજોધપુરવાળા) ના જમાઈનું તા. ૧૦-૩ ના રોજ અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું તથા પીયર પક્ષની સાદડી તા. ૧૨ ને ગુરુવારના રોજ સાંજે ૫ દરમિયાન પંચનાથ મંદિર લીમડા ચોક રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** મધુસુદનભાઈ શિવશંકર ભટ્ટ (ઉ.વ.૮૦) તે ભાવનાબેનના પતિ, ધવલના પિતા, નરેશભાઈ રાવલ, નરેન્દ્રભાઈ રાવલ, જીતેન્દ્રભાઈ રાવલ, ચેતનભાઈ વ્યાસ, જીગ્નેશભાઈ આચાર્ય, હાર્દિકભાઈ વ્યાસ, દીપકભાઈ પંડયાના સસરા, વિઠ્ઠલજી નારાણજી ઠાકરના જમાઈનું તા. ૯ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૨ ને ગુરુવારે સાંજે ૪ થી ૬ ધારેશ્વર મહાદેવ મંદિર, ભકિતનગર સર્કલ રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** ગોવિંદભાઈ હંસરાજભાઈ અંબાસણા (ઉ.વ.૯૬) ગામ કરિયાણાવાળા તે ભરતભાઈ અંબાસણા (આર્કિટેક્ટ એન્જિનિયર) , હરેશભાઈ , ગૌતમભાઈ, જયાબેન બાવલેયા, ઈલાબેન અંબાસણા, , નીરૂબેન વડગામાના પિતા, અમૃતભાઈ, મોહનભાઈ , નંદલાલભાઈ , અરવિંદભાઈ, નવનીતભાઈના મોટાભાઈ, નીલકંઠ અંબાસણા , નિમિત્ત અંબાસણા , જતન અંબાસણા, દર્શના આદ્રેજા , આરતી આમરણીયા, ઋત્વિ ધોરેયાના દાદા, સ્વ. પરસોત્તમભાઈ સુખલાલભાઈ વડગામા ગઢડાના જમાઈનું તા.૧૦ ના રાજકોટ મુકામે અવસાન થયા છે. બન્ને પક્ષનું બેસણું પ્રાર્થનાસભા તા.૧૨-૩ ના રોજ સાંજે ૪.૩૦ થી ૬.૦૦ સુધી પટેલ વાડી જલારામ ચોક પાસે ૪ વાણિયાવાડી રાજકોટ ખાતે રાખેલ છે. તથા ગામ કરિયાણા ખાતે તા.૧૪-૩ ના રોજ સાંજે ૪ .૩૦ થી ૬ .૦૦ સુધી રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# કોર્પોરેશનની વર્તમાન બોડીની મૂદત પૂર્ણઃ કાલથી વહીવટદાર 'રાજ'

## પદાધિકારીઓને અપાતી સરકારી સુવિધા પરત લઈ લેવાયઃ કાલથી કોર્પોરેટરો દ્વારા અપાતા દાખલાઓ પણ નહીં ચાલેઃ પૂર્વ કલેકટર રેમ્યા મોહન વહીવટદાર તેમની પાસે સ્ટેન્ડિંગ કમિટી અને બોર્ડના પાવર


**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની વર્તમાન ચૂંટાયેલી બોડીની મૂદત આજે પૂર્ણ થઈ જવા પામી છે. આવતીકાલથી કોર્પોરેશનમાં વહીવટદાર શાસન લાગુ પડી જશે. પદાધિકારીઓને હોદાના રૂએ અપાતી ચેમ્બર, બંગલો, અને મોટરકાર સહિતની તમામ સુવિધાઓ પરત ખેંચી લેવામાં આવી છે.રાજય સરકાર દ્વારા રાજકોટ મહાપાલિકાના વહિવટદાર તરીકે પૂર્વ કલેકટર રેમ્યા મોહનની નિયુકતી કરવામાં આવી છે. હવે ચૂંટણી યોજાયા બાદ પરિણામો ન આવે અને નવી ચૂંટાયેલી બોર્ડ જયાં સુધી કાર્યરત ન થઈ જાય ત્યાં સુધી તેઓ વહીવટદાર તરીકે શાસન ચલાવશે તેઓની પાસે સ્ટેન્ડિંગ કમિટી અને જનરલ બોર્ડ સહિતની સત્તા હશે. રાજકોટ મહાનગર પાલિકાની વર્તમાન





તસ્વીરઃ શૈલેષ વાડોલીયા



બોર્ડ ગત ૧૨ માર્ચ ૨૦૨૧ના રોજ કાર્યરત થઈ હતી દરમિયાન આજે સાંજે ઓફીસના કામકાજના કલાકો પૂરા થતાની સાથે જતેઓની પાંચ વર્ષની મૂદત પૂર્ણ થઈ જવા પામી છે. પ્રથમ અઢી વર્ષ માટે મેયર તરીકે ડો. પ્રદીપ ડવ, ડે. મેયર તરીકે ડો. દર્શિતાબેન શાહ(તેઓ ધારાસભ્ય તરીકે ચૂંટાતા તેમણે ડે. મેયર પદેથી રાજીનામું આપતા તેઓના સાથે કંચનબેન સિધ્ધપુરાની ડે. મેયર તરીકે વરણી કરવામાં આવી હતી. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે પુષ્કરભાઈ પટેલ શાસક પક્ષના નેતા તરીકે વિનુભાઈ ધવા, અને દંડક તરીકે સુરેન્દ્રસિંહ વાળાની નિયુકતી કરવામાં આવી હતી. જયારે બીજી અઢી વર્ષની ટર્મ માટે મેયર તરીકે નયનાબેન પેઢડિયા, ડે. મેયર તરીકે નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી તરીકે જયમીનભાઈ ઠાકર, શાસક પક્ષના નેતા તરીકે લીલુબેન જાદવ અને પક્ષના દંડક તરીકે મનિષભાઈ રાડીયાની નિમણુંક કરવામાં આવી હતી. ગત ચૂંટણીમાં શહેરના ૧૮ વોર્ડ પૈકી ૧૭ વોર્ડની ૬૮ બેઠકો પર ભાજપના ઉમેદવારો વિજેતા બન્યા હતા જયારે કોંગ્રેસનો એકમાત્ર વોર્ડ નં.૧૫માં વિજય થયો હતો.

આજે વર્તમાન બોર્ડીની પાંચવર્ષની મૂદત પૂર્ણ થઈ જવા પામી છે. આવતીકાલથી વહીવટદાર શાસન આવી જશે. કાલથી તમામ કોર્પોરેટરોની આગળ પૂર્વ શબ્દ લાગી જશે તેઓના આવકના દાખલા કે મરણ નોંધના દાખલા ચાલશે નહી મતદાર સુધારણા યાદીના કારણે ચૂંટણી પાછી ઠેલાઈ છે. સંભવતઃ આગામી ૨૫મી માર્ચ આસપાસ સ્થાનીક સ્વરાજયની ચૂંટણીની તારીખ જાહેર કરવામાં આવશે. એપ્રીલ માસનાં અંતમાં મતદાન યોજાશે અને મે માસમાં નવા પદાધિકારીઓની વરણી કરી દેવામાં આવે તેવી શકયતા હાલ દેખાય રહી છે.

બીજી તરફ સેક્રેટરી શાખા દ્વારા વહીવટદાર રેમ્યા મોહનને આવકારવા માટે તમામ તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. તેઓની નેઈમ પ્લેટ પણ તૈયાર કરી નાખવામાં આવી છે. રેમ્યા મોહન કયારથી ચાર્જ સંભાળશે તે હજી નિશ્ચિત નથી. તેઓ અઠવાડિયામાં બે વખત રાજકોટ આવશે. મેયરની ચેમ્બરમાં બેસી તેઓ કાર્યભાર સંભાળશે. તેઓને સ્ટેન્ડિંગ કમિટી ૧૫ ખાસ સમિતિ ઉપરાંત જનરલ બોર્ડનો પણ પાવર આપવામા આવ્યો છે.


# ગુજરાત ગેસના અધિકારીઓ સાથેની બેઠકમાં ગેસ કપાત ઘટાડવા ઉદ્યોગકારોની માંગ

## મેટોડા જીઆઈડીસી એસોસિએશનની બેઠકમાં નેચરલ ગેસ સપ્લાય અવરોધ મુદ્દે વિસ્તૃત ચર્ચા, કરાર મુજબ ગેસ પુરવઠો જળવાઈ રહે તેવી રજૂઆત

**અબતક બી એમ ગોસાઈ**
**મેટોડા**

મેટોડા જીઆઈડીસી એશોસિયેશન દ્વારા ઉદ્યોગોને જરૂરીયાત મુજબ નેચરલ ગેસ સપ્લાય મળી રહે તે મુદ્દે ગુજરાત ગેસ લિમિટેડના અધિકારીઓ સાથે મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૯ માર્ચ, ૨૦૨૬ના રોજ મેટોડા જીઆઈડીસી ખાતે આવેલી એશોસિયેશન કચેરી 'સેન્ટર ઓફ એક્સેલન્સ' ખાતે યોજાયેલી આ બેઠકમાં ઉદ્યોગકારો, એશોસિયેશનના હોદ્દેદારો તેમજ ગુજરાત ગેસ લિમિટેડના સૌરાષ્ટ્ર-કચ્છ ઝોનલ હેડ સહિત અધિકારીઓ હાજર રહ્યા હતા.

હાલમાં આંતરરાષ્ટ્રીય સ્તરે અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે સર્જાયેલા તણાવના કારણે વૈશ્વિક ઊર્જા સપ્લાય ચેન પર અસર પડી રહી છે. આ પરિસ્થિતિને કારણે નેચરલ ગેસના સપ્લાયમાં અવરોધ ઊભા થતા ગેસ આધારિત ઉદ્યોગોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. મેટોડા જીઆઈડીસીમાં આવેલી અનેક ઈન્ડસ્ટ્રીઓમાં ઉત્પાદન પ્રક્રિયામાં નેચરલ ગેસ મહત્વપૂર્ણ ઈંધણ તરીકે વપરાય છે. ગેસ સપ્લાયમાં ઘટાડો થવાથી ઉત્પાદન પ્રક્રિયા પર



અસર થતી હોવાની સાથે ઉદ્યોગોને આર્થિક નુકસાન પણ સહન કરવું પડી રહ્યું છે. બેઠક દરમિયાન એશોસિયેશનના કારોબારી સભ્યો અને ઉદ્યોગકારોએ ગેસ સપ્લાયમાં ઉભા થયેલા અવરોધને કારણે ઈન્ડસ્ટ્રીની કાર્યક્ષમતા અને વાયબિલિટી પર પડતા નકારાત્મક પ્રભાવ અંગે વિગતવાર ચર્ચા કરી હતી. ઉદ્યોગકારોએ જણાવ્યું હતું કે ગેસ સપ્લાયમાં અચાનક ઘટાડો થવાથી ઉત્પાદન પ્રક્રિયા ખોરવાઈ જાય છે અને ઘણા ઉદ્યોગોને કામગીરીમાં ઘટાડો કરવો પડે છે. જેના કારણે ઉદ્યોગો સાથે જોડાયેલા મજૂરો અને અન્ય કર્મચારીઓ પર પણ તેની અસર પડે છે.

આ સંજોગોમાં ઉદ્યોગકારોએ ગુજરાત ગેસ લિમિટેડના અધિકારીઓને રજૂઆત કરી હતી કે ઈન્ડસ્ટ્રીઓને આપવામાં આવતી ગેસ સપ્લાયમાં કરવામાં આવેલી કપાત શક્ય તેટલી ઘટાડવામાં આવે. સાથે જ જ્યાં શક્ય હોય ત્યાં સુધી ઉદ્યોગો સાથે થયેલા કરાર મુજબ ગેસનો પુરવઠો જાળવવા માટે જરૂરી પગલાં લેવાં જોઈએ. ઉદ્યોગકારોએ વધુમાં જણાવ્યું હતું કે જો ગેસ સપ્લાય નિયમિત અને પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ રહેશે તો ઉદ્યોગોની ઉત્પાદન પ્રક્રિયા યથાવત રાખી શકાશે અને આર્થિક નુકસાનથી બચી શકાશે.

ગુજરાત ગેસ લિમિટેડના સૌરાષ્ટ્ર-કચ્છ ઝોનલ હેડ અને હાજર અધિકારીઓએ ઉદ્યોગકારોની ચિંતા સાંભળી હતી અને જણાવ્યું હતું કે હાલની વૈશ્વિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ગેસ સપ્લાયને સંતુલિત રાખવા માટે કંપની દ્વારા વિવિધ સ્તરે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. તેમણે ખાતરી આપી હતી કે ઉદ્યોગોને ઓછામાં ઓછી તકલીફ થાય તે માટે શક્ય તમામ પગલાં લેવામાં આવશે અને સપ્લાયમાં સુધારો લાવવા માટે સતત પ્રયાસ ચાલુ છે.

બેઠક દરમિયાન ઉદ્યોગકારો અને ગેસ કંપની વચ્ચે સંવાદ દ્વારા સમસ્યાનું ઉકેલ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ઉદ્યોગકારોએ આશા વ્યક્ત કરી હતી કે જેમ કોરોના કાળ દરમિયાન સરકાર, સરકારી વિભાગો અને પ્રજાના સાથ-સહકારથી વિકટ પરિસ્થિતિને કાબૂમાં લેવામાં સફળતા મળી હતી, તેવી જ રીતે આ વખતે પણ સૌના સહકારથી ગેસ સપ્લાયની સમસ્યાનો ઉકેલ મળી શકશે.

# શહેરના બે વકીલ સહિત રાજ્યના ૧૦૩ ઉમેદવારોની સિવિલ જજ તરીકે પસંદગી

## ૨૧૨ જગ્યા માટે ૬,૫૦૦ ફોર્મ ભરાયા'તાઃ મલ્ટીપલ ચોઈસ ક્વેશ્ચન કસોટીમા ૮૨૯ વકીલો પાસ, ૨૧૧એ લેખીત પરીક્ષા ક્લિયર કરી અને ઈન્ટરવ્યૂમા ૧૦૩ની પસંદગી

**અબતક, રાજકોટ**

રાજ્યમાં સિવિલ જજની ભરતીના તાજેતરમાં લેવાયેલા ઈન્ટરવ્યૂ બાદ હાઈકોર્ટ દ્વારા ગઈકાલે જાહેર કરેલા પરિણામમાં કુલ ૧૦૩ ઉમેદવારોની સિવિલ જજ તરીકે પસંદગી કરવામાં આવી છે, જેમાં રાજકોટમાંથી માત્ર બે યુવા વકીલો સિવિલ જજ તરીકે પસંદ થયા હોવાનું જાણવા મળે છે.સૂત્રોમાંથી જાણવા મળ્યા મુજબ, ગુજરાત હાઈકોર્ટ દ્વારા રાજ્યમાં સિવિલ જજની ૨૧૨ જેટલી જગ્યાઓ ભરવા ૨૦૨૫માં જાહેરાત આપવામાં આવી હતી, એ માટે રાજ્યભરમાંથી ૬,૫૦૦ જેટલા વકીલોએ ફોર્મ ભર્યા હતા. તેમાં મલ્ટીપલ ચોઈસ ક્વેશ્ચન કસોટી ૮૨૯ જેટલા વકીલોએ પસાર કરી હતી. તેમાંથી લેવાયેલી લેખીત પરીક્ષા ૨૧૧ વકીલોએ ક્લિયર કરી હતી, આ ઉમેદવારોના ઈન્ટરવ્યૂ લેવાઈ જતા, તેમાંથી માત્ર ૧૦૩ ઉમેદવારોની સિવિલ જજ તરીકે પસંદગી કરવામાં આવી છે. તેમાં રાજકોટમાંથી માત્ર બે યુવા વકીલો અજય તોલાણી અને આદિત્ય પોપટની પસંદગી થઈ હોવાનું જાણવા મળે છે. બંને ઉપર અભિનંદન વર્ષા થઈ રહી છે. કુલ ૨૧૨ સિવિલ જજની ભરતી ની જાહેરાત હતી, પરંતુ મૌખિક ઈન્ટરવ્યૂના અંતે માત્ર ૧૦૩ની પસંદગી થતા ૧૦૯ જગ્યા ભરવા નવેસરથી કાર્યવાહી કરવાની થશે તેમ મનાય છે.

# શહેરોમાં હવા અને તળાવોની ગુણવત્તા સુધારવા 'લેક એન્ડ એરવોચ' સિસ્ટમ

## ૧૭ મહાપાલિકા અને ૧૫૨ નગરપાલિકા વિસ્તારોમાં એર ક્વોલિટી મોનિટરિંગ અને તળાવોના મોનિટરિંગ માટે સિસ્ટમ અમલમાં મૂકાશે

**અબતક, રાજકોટ**


રાજ્ય સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ હેઠળ ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન દ્વારા તળાવો અને હવાની ગુણવત્તાનું રિયલ-ટાઈમ મોનિટરિંગ સુનિશ્ચિત કરવા લેક એન્ડ એર વોચ પહેલ શરૂ કરવામાં આવશે. ઝડપથી વધી રહેલા શહેરીકરણના કારણે તળાવોનું પ્રદૂષણ, પાણીની ગુણવત્તામાં ઘટાડો, ભૂગર્ભ જળના કુદરતી રિચાર્જમાં ઘટાડો અને ગીચ વિસ્તારોમાં હવાની ગુણવત્તા પર અસર થઈ રહી છે. આ પડકારોને ધ્યાનમાં રાખીને 'લેક એન્ડ એર વોચ' પહેલ અંતર્ગત વિવિધ વિભાગોમાં કાર્યરત મોનિટરિંગ વ્યવસ્થાઓને એકીકૃત કરવામાં આવશે જેથી સમયસર કાર્યવાહી સુનિશ્ચિત થાય. આગામી સમયમાં ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન દ્વારા એક સંકલિત, ડિજિટલ અને રિયલ-ટાઈમ માહિતી આપતું પ્લેટફોર્મ વિકસાવવામાં આવશે, જેના માધ્યમથી રાજ્યના શહેરોમાં તળાવો તથા હવાની ગુણવત્તા પર દેખરેખ રાખી શકાશે અને સમયસર ચેતવણી મળ્યા બાદ કાર્યવાહી સુનિશ્ચિત કરી શકાશે.

હાલ શહેરોમાં આવેલા તળાવોમાં પ્રદૂષણ, કાંપ ભરાવ અને પાણીની ગુણવત્તામાં ઘટાડો જેવી સમસ્યાઓ જોવા મળે છે. લેક એન્ડ એર વોચ પહેલ અંતર્ગત સેટેલાઈટ ટેકનોલોજી દ્વારા તળાવોના વિસ્તાર, ગંદકીના સંકેતો અને શેવાળ જેવા પરિબળોનું વિશ્લેષણ કરી સમયસર ચેતવણી આપવામાં આવશે, જેથી તળાવોના સંરક્ષણ માટે સમયસર કાર્યવાહી શક્ય બનશે. આ ઉપરાંત, રાજ્યની ૧૭ મહાનગરપાલિકા અને ૧૫૨ નગરપાલિકા વિસ્તારોમાં એર ક્વોલિટી મોનિટરિંગ પોઈન્ટ્સ સ્થાપિત કરવામાં આવશે. આ ઉપકરણો દ્વારા રિયલ-ટાઈમ હવાની ગુણવત્તા અંગેની માહિતી ઉપલબ્ધ થશે. એક્યુઆઈમાં વધારો થવા પર આપમેળે એલર્ટ જનરેટ થશે, જેના આધારે સંબંધિત વિભાગો તાત્કાલિક પગલાં લઈ શકશે. આ પહેલ શહેરી સ્તરના જીવન માટે મહત્વપૂર્ણ સાબિત થશે. શહેરોના તળાવો અને હવાની ગુણવત્તાનું મૂલ્યાંકન કર્યા બાદ તેની માહિતી રાજ્ય કક્ષાએ એકત્ર કરવામાં આવશે. આ ડેશબોર્ડમાં મેપ્સ, ટ્રેન્ડ્સ, એલર્ટ અને કામગીરીની સ્થિતિ અંગેની માહિતી ઉપલબ્ધ થશે. પરિણામે, વિવિધ વિભાગો વચ્ચે સંકલન વધશે અને સમયસર કામગીરી સુનિશ્ચિત થશે. નાગરિકોને પણ પારદર્શક રીતે માહિતી ઉપલબ્ધ બનશે, જેના કારણે જનજાગૃતિમાં વધારો થશે. લેક એન્ડ એર વોચ પહેલ રાજ્યમાં આબોહવા પરિવર્તન સામે શહેરોના ટકાઉ વિકાસ માટે મહત્વપૂર્ણ સાબિત થશે.

# યુરોપમાં ભારતીયો ઉપર હોળી પછી હુમલા વધ્યા

## ગયા અઠવાડિયે હેરોમાં ૧૦૦૦ જેટલા શાંતિપૂર્ણ શ્રદ્ધાળુઓ હોળી ઉજવી રહ્યા હતા, ત્યારે એક ટોળાએ હુમલો કરવાનો પ્રયાસ કર્યો

લંડનનું વેમ્બલી, જે સામાન્ય રીતે ભારતીય તહેવારો અને ગુજરાતીઓના ખળખળતા ઉત્સાહ માટે જાણીતું છે, ત્યાં અત્યારે ભય અને ફફડાટનો માહોલ છે. છેલ્લા કેટલાક દિવસોથી લંડનના રસ્તાઓ પર ભારતીય મૂળના વેપારીઓ અને રહેવાસીઓને નિશાન બનાવીને કરવામાં આવી રહેલા હિંસક હુમલાઓએ સમગ્ર ભારતીય સમુદાયને હચમચાવી દીધો છે. લંડનનો વેમ્બલી અને હેરો વિસ્તાર અત્યારે તણાવમાં છે. છેલ્લા કેટલાક દિવસોથી અજાણ્યા તોફાની તત્વો દ્વારા ભારતીય મૂળના વેપારીઓને નિશાન બનાવવામાં આવી રહ્યા છે.



વેમ્બલીના પ્રખ્યાત 'માણેક ચોક' રેસ્ટોરન્ટમાં એક અઠવાડિયામાં બે વાર હુમલો થયો. મોઢે રૂમાલ બાંધેલા ૨૦ જેટલા યુવકોએ રેસ્ટોરન્ટમાં ઘૂસી ટેબલ-ખુરશી ઉંધા વાળી દીધા અને તોડફોડ કરી. હાર્વર્ડ રોડ પર આવેલી 'પનેસર ફૂડ એન્ડ વાઈન' નામની દુકાન બહાર રાખેલા ફળ અને શાકભાજીના બોકસ તોફાનીઓએ રસ્તા પર ફેંકીને કચડી નાખ્યા હતા.

વેમ્બલીમાં ત્રણ ભારતીયોને શૌચાલયમાં બેરહેમીથી માર મારવામાં આવ્યો, જ્યારે ઈલિંગ રોડ પર એક ગુજરાતી વ્યક્તિ પર છરીથી હુમલો કરી તેને ઘાયલ કરવામાં આવ્યો છે. ગયા અઠવાડિયે હેરોમાં ૧૦૦૦ જેટલા શાંતિપૂર્ણ શ્રદ્ધાળુઓ હોળી ઉજવી રહ્યા હતા, ત્યારે પણ એક ટોળાએ હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. સ્થાનિક વેપારીઓનું કહેવું છે કે આ હુમલાઓ અચાનક અને વગર કોઈ ઉશ્કેરણીએ કરવામાં આવે છે. પોલીસ પહોંચે તે પહેલાં જ આ ટોળું હજારો પાઉન્ડનું નુકસાન કરીને ભાગી જાય છે.

# કોર્પોરેશનનો જાદુઃ પાણીકાપ વિના જ વોર્ડ નં.૧૦માં વિતરણ બંધ ! લોકો તરસ્યા રહ્યા

## પાંચ વોર્ડમાં પાણીકાપ જેમાં વોર્ડ નં.૧૦નો સમાવેશ નથી છતા ટીપીયું પાણી ન મળ્યું

**અબતક, રાજકોટ**

કોર્પોરેશન દ્વારા આજે પાંચ વોર્ડમાં પાણી કાપ જાહેર કરાયો હતો. પરંતુ જે વોર્ડનો ઉલ્લેખ પાણી કાપના લિસ્ટમાં નહોતો તે વોર્ડ નં.૧૦માં એક ટીપું પાણી વિતરણ થયું નથી. ઉનાળાના આરંભે જ પાણીનો કકળાટ શરૂ થઈ ગયો છે. આજે પાંચ વોર્ડમાં પાણી કાપ મૂકવામાં આવ્યો છે. નવાઈની વાતએ છે જે પાંચ વોર્ડમાં પાણી કાપની જાહેરાત ગઈકાલે થઈ હતી ત્યાં પાણી વિતરણ ન થાય તે સમજી શકાય પરંતુએ પાંચ વોર્ડ સિવાયનો વોર્ડ નં.૧૦ જેમાં આજે એક ટીપું પાણી વિતરણ થયું નથી. આ બાબતની ફરિયાદ ડે.કમિશનર ચેતન નંદાણીને કરાય છે.

# કોર્પોરેશન દ્વારા જાહેર રજાઓમા પણ વેરા વસુલાતની કામગીરી ચાલુ રાખશે

## વેરામાં વ્યાજમાફી યોજના આગામી ૩૧મીએ પૂર્ણ

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની વેરા વસુલાત શાખા દ્વારા ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના આવક લક્ષ્યાંકને સિદ્ધ કરવા માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. તે મુજબ તા. ૧૫ થી તા. ૩૧ દરમિયાન જાહેર રજાના તમામ દિવસોમાં પણ વેરા વસુલાત શાખા, અસેસમેન્ટ સેલ તેમજ રીકવરી સેલની કામગીરી નિયમિત રીતે ચાલુ રાખવામાં આવી છે, જેથી નાગરિકોને વેરા ભરવામાં કોઈ અસુવિધા ન થાય અને તેઓ સરળતાથી પોતાની બાકી રકમ ભરપાઈ કરી શકે.

મહાપાલિકા દ્વારા હાલમાં તા. ૩૧ સુધી મિલકતવેરા અને પાણી વેરા પર વ્યાજ માફી સ્કીમ અમલમાં રાખવામાં આવી છે. આ સ્કીમ અંતર્ગત નાગરિકો પોતાની બાકી રહેલ મિલકતવેરા અને પાણી વેરાની રકમ ભરી વ્યાજમાંથી રાહત મેળવી શકે છે.

નાગરિકોની સુવિધા માટે ખાસ સમય વ્યવસ્થા વેરા ભરવા માટે નાગરિકોના વધતા ધસારાને પહોંચી વળવા તેમજ ઉનાળાની ઋતુને ધ્યાનમાં રાખીને નાગરિકો સવારના સમયગાળામાં સરળતાથી વેરો ભરી શકે તે માટે મહાનગરપાલિકા દ્વારા ખાસ સમય વ્યવસ્થા નક્કી કરવામાં આવી છે.

કાલથી થી તા. ૨૫ માર્ચ સુધી આ સમયગાળા દરમિયાન તમામ દિવસોમાં, જેમાં બીજા અને ચોથા શનિવાર, રવિવાર તેમજ તહેવારોની જાહેર રજાઓનો સમાવેશ થાય છે, શહેરની તમામ વોર્ડ ઓફિસ, તમામ સિવિક સેન્ટર અને તમામ ઝોનલ કચેરીઓ ખાતે મિલકતવેરા અને પાણી વેરાની વસુલાત સવારે ૯:૩૦ કલાકથી સાંજે ૫:૦૦ કલાક સુધી ચાલુ રાખવામાં આવશે.

તા. ૨૬ થી તા. ૩૧ સુધી નાણાકીય વર્ષ પૂર્ણ થવાને કારણે અંતિમ દિવસોમાં વધતા વેરા ભરવાના ધસારાને ધ્યાનમાં રાખીને આ સમયગાળા દરમિયાન પણ તમામ દિવસોમાં (બીજા અને ચોથા શનિવાર, રવિવાર તથા તહેવારોની જાહેર રજાઓ સહિત) શહેરની તમામ વોર્ડ ઓફિસ, સિવિક સેન્ટર અને ઝોનલ કચેરીઓ ખાતે મિલકતવેરા અને પાણી વેરાની વસુલાત સવારે ૯:૩૦ કલાકથી સાંજે ૬:૧૦ કલાક સુધી ચાલુ રાખવામાં આવશે.

# શેરબજાર ભાંગીને ભૂક્કોઃ સેન્સેક્સ ૧૧૩૦ પોઈન્ટ તુટયો

## ખાડી યુધ્ધના કારણે શેરબજારની પથારી ફરી ગઈ સતત મંદીના માહોલથી રોકાણકારો ચિંતીત

**અબતક, રાજકોટ**

ઈરાન-ઈઝરાયેલ-અમેરિકા વચ્ચે છેલ્લા ૧૨ દિવસથી ચાલી રહેલા ભીષણ યુધ્ધની અસર હવે વિશ્વભરમાં વર્તાવા લાગી છે. આજે પણ શેર બજારમાં જોરદાર કડાકા બોલ્યા હતા રોકાણકારોના અબજો રૂપીયાનું ધોવાણ થઈ ગયું છે. તમામ સેકટરલ ઈન્ડેકસમાં તોતીંગ કડાકા જોવા મળ્યા હતા. યુધ્ધ કયારે સમાપ્ત થશે તેના કોઈજ સંકેતો હજી મળતા નથી. હજી પણ બજાર તુટે તેવી દહેશત જણાય રહી છે.

આજે પણ ભારતીય શેર બજારના બંને આગેવાન ઈન્ડેકસ સેન્સેકસ અને નિફટી રેડ ઝોનમાં ખૂલ્યા હતા યુધ્ધ હજી લાંબુ ચાલશે તેવી દહેશત જણાય રહી હોય શેર બજારમાં મંદી વધુ વિકરાળ બની રહી છે. આજે સેન્સેકસ ઈન્ટ્રા ડેમાં ૭૮ હજારની સપાટી તોડી હતી.

૭૭૧૫૫.૨૯ની નીચલી સપાટીએ ઘુસી ગયો હતો. જયારે ઉપલી સપાટી ૭૮૩૨૪.૩૭ રહેવા પામી હતી નિફટીએ પણ આજે ૨૪ હજારની સપાટી તોડી હતી. ઈન્ટ્રાડેમાં નિફટીની નીચલી સપાટી ૨૩૯૬૬.૪૫ રહેવા પામી હતી. જયારે ઉપલી સપાટી ૨૪૨૯૯ રહેવા પામી હતી બેંક નિફટીમાં આજે ૯૦૦થી વધુ પોઈન્ટનો જયારે નિફટી મીડકેપ ૧૦૦માં ૨૭૮ પોઈન્ટથી વધુનો કડાકો જોવા મળ્યો હતો.

આજની મહામંદીમાં બ્લ્યુ સ્ટાર, નાલ્કો, એસ્ટ્રલ લીમીટેડ, ઓઈલ ઈન્ડીયા, ગ્લેન માર્ક, સુઝલોન ઈન્ડસ્ટ્રીઝ અને ટાટા સ્ટીલ સહિતની કંપનીના શેરોના ભાવમાં ઉછાળો જોવા મળ્યોહતો. જયારે કોલગેટ, કેઈઆઈ ઈન્ડસ્ટ્રીઝ, ટીવીએસ મોટર, બજાજ ફાઈનાન્સ, પોલીકેપ, રિલાયન્સ, એચડીએફસી, ભારતી એરટેલ, ડિકસોન, એમએન્ડએમ, વોડાફોન સહિતની કંપનીના શેરોના ભાવ તુટયા હતા.

આજે બુલીયન બજારમાં મંદી રહેવા પામી હતી. સોનાના ભાવ રૂ.૧૦૫૦ તુટયા હતા જયારે ચાંદીના ભાવ રૂ. ૫૮૫૦ તુટયા હતા. અમેરિકી ડોલર સામે રૂપીયો પણ નબળો જણાતો હતો આ લખાય રહ્યું છે. ત્યારે સેન્સેકસ ૧૦૧૦ પોઈન્ટના ઘટાડા સાથે ૭૭૧૯૫ પોઈન્ટ પર નિફટી ૨૯૦ પોઈન્ટના ઘટાડા સાથે ૨૩૯૭૦ પોઈન્ટ પર બેંક નિફટી ૮૯૦ પોઈન્ટના ઘટાડા સાથે ૫૬૦૫૨ પોઈન્ટ પર નિફટી મીડકેપ -૧૦૦માં ૨૭૬ પોઈન્ટ પર કામકાજ કરી રહ્યા છે. ભારતીય રૂપીયો અમેરિકી ડોલર સામે ૧૧ પૈસાની નરમાશ સાથે ૯૧.૯૩ પર ટ્રેડ કરી રહ્યો છે. જો ખાડી યુધ્ધ વધુ ચાલશે તો હજી પણ બજાર તુટે તેવી દહેશત ભારોભાર રહેલી છે.

# લોકસભામાં અધ્યક્ષ ઓમ બિરલાનું વર્તન પક્ષપાતી:કોંગ્રેસના ગૌરવ ગોગોઈનો આક્ષેપ

## એલઓપી પર બોલતા રાહુલ ગાંધીને ૨૦ વખત રોક્યા હોવાનો પણ ઉલ્લેખ કર્યો

અબતક રાજકોટ

લોકસભામાં ગઈકાલે સ્પીકર ઓમ બિરલાને હટાવવાના વિપક્ષના ઠરાવ પર ચર્ચા કરવામાં આવી હતી. કોંગ્રેસના સાંસદ ગૌરવ ગોગોઈએ બિરલા પર પક્ષપાતી વર્તનનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે સ્પીકરે મહિલા વિપક્ષી સાંસદો સામે ''પાયાવિહોણા'' આરોપો લગાવ્યા અને વિપક્ષના નેતા રાહુલ ગાંધીને ગૃહમાં ''ગંભીર મુદ્દાઓ'' ઉઠાવતા વારંવાર રોક્યા હતા.કોંગ્રેસના સભ્ય મોહમ્મદ જાવેદે ઠરાવ રજૂ કરવાની નોટિસ વાંચી સંભળાવતા હતા.અસદુદ્દીન ઓવૈસીએ બિરલાએ ભાજપના જગદંબિકા પાલને અધ્યક્ષપદ સોંપવાના નિર્ણય પર સવાલ



ઉઠાવ્યા, કારણ કે તેમને બિરલા દ્વારા અધ્યક્ષપદની પેનલમાં નિયુક્ત કરવામાં આવ્યા હતા. કોંગ્રેસ અને ટીએમસી સાંસદોએ એમ પણ કહ્યું કે પાલના ગૃહ દ્વારા ચૂંટાયા નથી, અને છેલ્લા ૭ વર્ષથી ડેપ્યુટી સ્પીકરનું પદ ખાલી હોવાનું જણાવ્યું હતું.સાંસદોને ચૂપ કરવા માટે માઈકનો ઉપયોગ થઈ રહ્યો છે.

કોંગ્રેસ અને ટીએમસી સાંસદોએ એમ પણ કહ્યું કે પાલના ગૃહ દ્વારા ચૂંટવામાં આવ્યા નથી. ડેપ્યુટી સ્પીકરનું પદ સાત વર્ષથી ખાલી છે.જ્યારે ટીએમસી સાંસદ સૌગત રોયે કહ્યું કે સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ આ હેતુ માટે ખાસ કરીને પ્રિસાઈડિંગ ઓફિસરની નિમણૂક કરવાનો પ્રસ્તાવ રજૂ કરવો જોઈએ, ત્યારે રિજિજુએ કહ્યું કે ઓવૈસીનો દાવો અપ્રસ્તુત છે કારણ કે જ્યારે ઠરાવ લેવામાં આવ્યો ત્યારે પાલ લોકસભાની કાર્યવાહીનું નેતૃત્વ કરવા સક્ષમ હતા.ત્યારબાદ પાલે ઠરાવ રજૂ કરવા માટે નોટિસ પર મતદાન કર્યું અને ઓછામાં ઓછા ૫૦ સાંસદોને તેના સમર્થનમાં ઉભા રહેવા કહ્યું. ત્યારબાદ નોટિસ સ્વીકારવામાં આવી અને જાવેદે ઠરાવ વાંચ્યો, જેને ચર્ચા માટે સ્વીકારવામાં આવ્યો.રાષ્ટ્રપતિના ભાષણ પર આભાર પ્રસ્તાવ પર રાહુલ ગાંધીએ બોલવાનું હતું ત્યારે બિરલાએ ગૃહની અધ્યક્ષતા કેવી રીતે કરી તે અંગે ગૌરવ ગોગોઈએ પ્રશ્નો ઉઠાવ્યા હતા. ''એવી અપેક્ષા હતી કે અધ્યક્ષ તટસ્થ રહેશે. પરંતુ સુધારેલા સંસ્કરણોના સંશોધનથી ખબર પડશે કે કેટલી વાર વિપક્ષના નેતાને વિક્ષેપિત કરવામાં આવ્યા હતા. જ્યારે વિપક્ષના નેતા પોતાના પગ પર હતા, ત્યારે બીજા સભ્યને બોલાવવામાં આવ્યા હતા.

જ્યારે એલઓપી આભાર પ્રસ્તાવ પર બોલવા માંગતા હતા.પણ બોલવા દેવામાં આવતા ન હતા.

## આટલો 'બેજવાબદાર વિરોધ' ક્યારેય જોયો નથી: અમિત શાહ



સ્પીકર પદ પરથી હટાવવાના ઠરાવ પર ચર્ચા દરમિયાન , કોંગ્રેસના સભ્ય ગૌરવ ગોગોઈએ મંગળવારે કહ્યું કે કિરેન રિજિજુને સંસદીય બાબતોના મંત્રી તરીકે યાદ કરવામાં આવશે જેમણે વિપક્ષને સૌથી વધુ અવરોધિત કર્યો હતો. તેમની ટિપ્પણીનો રિજિજુએ નહીં, પરંતુ ગૃહમંત્રી અમિત શાહે ઝડપી પ્રતિભાવ આપ્યો .શાહે કહ્યું કે એ સાચું છે કે સંસદીય બાબતોના મંત્રીએ સૌથી વધુ વિક્ષેપ પાડ્યો છે, અને ઉમેર્યું કે તેનું કારણ એ છે કે દેશે આટલો ''બેજવાબદાર વિપક્ષ'' પહેલાં ક્યારેય જોયો નથી.ગોગોઈની ટિપ્પણી ત્યારે આવી જ્યારે રિજિજુએ તેમના ભાષણ દરમિયાન દરમિયાનગીરી કરી, અને કહ્યું કે આ સ્પીકર પર ચર્ચા હતી, અને જો વિપક્ષ અન્ય મુદ્દાઓ પર વાત કરી રહ્યો હોય, તો ''અમે જવાબ આપીએ છીએ'' ત્યારે તેમણે વિક્ષેપ ન કરવો જોઈએ. તેવુ કહ્યું હતું.

# ''આપ'' દ્વારા આવતા સપ્તાહે ઉમેદવારો જાહેર કરાશે

## સ્થાનિક સ્વરાજની ચૂંટણી સંદર્ભે આમ આદમી પાર્ટી દ્વારા ઉમેદવારી પસંદગી પ્રક્રિયા શરૂ



અબતક, રાજકોટ

ગુજરાતમાં સ્થાનિક ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે. થોડા સમયમાં સ્થાનિક ચૂંટણીઓ યોજાવાની છે. આ બાબતે આમ આદમી પાર્ટી સતત સંઘર્ષ કરતી કરતી આજે ગુજરાતની અંદર મજબૂતીથી એક મહત્વપૂર્ણ વિકલ્પ તરીકે ઊભરી આવી છે. આજે જ્યારે સ્થાનિક ચૂંટણીઓ આવી રહી છે ત્યારે પાર્ટી તમામ સીટો પર મજબૂતીથી ચૂંટણી લડવા જઈ રહી છે. આ બાબતે આમ આદમી પાર્ટીની ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

૧૫મી તારીખ સુધી અલગ અલગ જિલ્લાઓ અને લોકસભા વિસ્તારોમાં આમ આદમી પાર્ટીની સ્ક્રુટિની કમિટીઓ બેઠકો કરશે. તેમાં તમામ દાવેદારો, જેમણે ચૂંટણી લડવા માટે ઈચ્છા દર્શાવી છે, તેઓને મળવામાં આવશે અને સાથે સંગઠનના સાથીઓ સાથે ચર્ચા કરીને પસંદગી પ્રક્રિયા આગળ વધારવામાં આવશે. ત્યારબાદ પ્રદેશ સ્તરે પ્રદેશ ચૂંટણી કમિટી દ્વારા ૧૬મીથી ૧૮મી તારીખ વચ્ચે તમામ ઉમેદવારના નામો અને ચર્ચાઓ પર વિચાર કરવામાં આવશે. ત્યાર પછી આ તમામ નામો આમ આદમી પાર્ટીની સર્વોચ્ચ સમિતિ પાસે અંતિમ મંજૂરી માટે મોકલવામાં આવશે. અમને પૂરો વિશ્વાસ છે કે આમ આદમી પાર્ટીના તમામ ઉમેદવારો ૨૦મી માર્ચ પછી જાહેર કરવામાં આવશે અને પાર્ટી તમામ સીટો પર મજબૂત ઉમેદવારો સાથે ચૂંટણી મેદાનમાં ઉતરશે.

# યુદ્ધના ૧૨માં દિવસે અમેરિકાએ તહેરાન પર જબરદસ્ત હુમલા કર્યા

## અમેરિકી સંરક્ષણ સચિવનું નિવેદન: યુદ્ધના અત્યાર સુધીના સૌથી વિનાશક હુમલા

**અબતક, વોશિંગ્ટન**

અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલું ભીષણ યુદ્ધ બુધવારે ૧૨માં દિવસમાં પ્રવેશ્યું છે. આ દરમિયાન અમેરિકી અને ઈઝરાયેલી વાયુસેનાએ ઈરાનની રાજધાની તેહરાન સહિત અનેક વ્યૂહાત્મક સ્થળો પર અત્યાર સુધીના સૌથી શક્તિશાળી હવાઈ હુમલા કર્યા છે. અમેરિકી સંરક્ષણ સચિવ પીટ હેગસેથે પુષ્ટિ કરી છે કે મંગળવાર અને બુધવારની રાત્રિ દરમિયાન થયેલા આ હુમલા અત્યાર સુધીના સૌથી મોટા ઓપરેશન સમાન હતા, જેમાં અદ્યતન બોમ્બર્સ અને ઈન્ટેલિજન્સ-ગાઈડેડ મિસાઈલોનો મારો ચલાવવામાં આવ્યો હતો. તેહરાનના



રહેવાસીઓએ જણાવ્યું હતું કે પ્રચંડ વિસ્ફોટોને કારણે આખું શહેર ધ્રૂજી ઉઠ્યું હતું અને અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો.

બીજી તરફ, ઈરાને કોઈપણ પ્રકારના યુદ્ધવિરામની શક્યતાને સ્પષ્ટપણે નકારી કાઢી છે. ઈરાની સંસદના સ્પીકર મોહમ્મદ બઘેર ઘાલીબાફે આક્રમક વલણ અપનાવતા કહ્યું કે તેમનું સૈન્ય આ હુમલાનો જડબાતોડ જવાબ આપશે અને વોશિંગ્ટન તથા તેલ અવીવને સજા કરશે. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ આ યુદ્ધના લક્ષ્ય અંગે ટિપ્પણી કરતા જણાવ્યું કે તેઓ ઈરાનના નેતૃત્વને તોડી પાડવા માંગે છે જેથી ત્યાંની જનતા શાસન સામે અવાજ ઉઠાવી શકે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, ''અમે તેમના હાડકાં તોડી રહ્યા છીએ.''

આ યુદ્ધની જ્વાળાઓ હવે લેબનોન અને ઈરાક સુધી પણ ફેલાઈ ગઈ છે. લેબનોનના કૌના અને ટાયર વિસ્તારોમાં ઈઝરાયેલી હુમલામાં નાગરિકોના મોત થયા હોવાના અહેવાલ છે, જ્યારે બગદાદ એરપોર્ટ પર અમેરિકી સૈન્ય મથકોને નિશાન બનાવી ડ્રોન હુમલા કરવામાં આવ્યા હતા. હોર્મુઝની સામુદ્રધુનીમાં તેલના પુરવઠાને સુરક્ષિત રાખવા માટે અમેરિકી સૈન્યએ ઈરાનના ૧૬ જહાજોને નષ્ટ કર્યા છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને કડક ચેતવણી આપી છે કે જો દરિયાઈ માર્ગમાં સુરંગો બિછાવવામાં આવશે, તો પરિણામો અત્યંત ગંભીર હશે. આ વૈશ્વિક સંકટ વચ્ચે કાચા તેલની કિંમતોમાં અસ્થિરતા જોવા મળી રહી છે અને જી૭ દેશો તેલ બજારને સ્થિર કરવા માટે કટોકટીની બેઠક યોજી શકે છે.

### ઈરાનનો વળતો પ્રહાર: યુદ્ધવિરામનો ઈનકાર અને 'સજા' આપવાની ચીમકી

# લ્યો બોલો... ભાવનગરની બેંકમાંથી જ સાયબર ગઠીયા સાત કરોડ ઉસેડી ગયા

## ડિસ્ટ્રિક્ટ કો.ઓપરેટિવ બેન્કની ચાર શાખાઓને નિશાન બનાવી ડેટા સિક્યુરિટી તોડી સાયબર ફ્રોડ

**અબતક, રાજકોટ**

ભાવનગર ડિસ્ટ્રિક્ટ કો.ઓપરેટિવ બેન્કમાં રવિવારના રોજ સાયબર ગઠિયાઓએ મોટું કૌભાંડ આચર્યું હોવાની વિગતો સામે આવી છે. બેન્કની સિસ્ટમ હેક કરીને અજાણ્યા શખ્સો દ્વારા કરોડો રૂપિયાની રકમ અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરી દેવામાં આવી છે. આ ઘટનાને પગલે બેન્ક તંત્રમાં દોડધામ મચી ગઈ છે.

મળતી માહિતી અનુસાર, ભાવનગર ડિસ્ટ્રિક્ટ કો.ઓપરેટિવ બેન્કની વિવિધ ૮૮ શાખાઓમાં ૧.૨૫ લાખ ખાતેદારોની કરોડોની થાપણો પડેલી છે. ગત રવિવારે



સાયબર ગુનેગારોએ અત્યાધુનિક પદ્ધતિથી બેન્કની સંપૂર્ણ સિસ્ટમ અને ડેટા સિક્યુરિટીને ક્રેક કરી દીધી હતી.

હેકર્સ દ્વારા તળાજા, ભરતનગર, સુભાષનગર અને સિદસર સહિતની શાખાઓમાંથી અંદાજે સાત કરોડ રૂપિયાથી વધુની રકમ ટ્રાન્સફર કરી દેવામાં આવી હતી.

આજે સોમવારે જ્યારે બેન્ક શરૂ થઈ ત્યારે સિસ્ટમ ખોલતાની સાથે જ આ મોટા કૌભાંડનો પર્દાફાશ થયો હતો.

સમગ્ર મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને હેડ ઓફિસ દ્વારા તુરંત જ તમામ ૮૮ શાખાઓમાં લેવડ-દેવડ સહિતની કામગીરી સ્થગિત કરવાના આદેશ આપવામાં આવ્યા હતા. હાલ આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

બેન્કની ડેટા સિક્યુરિટી કેવી રીતે હેક થઈ અને આટલી મોટી રકમ ક્યા ખાતાઓમાં ટ્રાન્સફર થઈ તે દિશામાં તપાસ શરૂ કરવામાં આવી છે.

સમગ્ર ઘટનાની ગંભીરતાને લઈ તાકીદની અસરથી ૨૫ તજજ્ઞાોની ટીમ સાથે સમગ્ર ઘટનાક્રમ અંગે તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

### સમય બદલાય રહ્યો છે દુનિયા બદલાય રહી છે

# સમાજમાં ટ્રાન્સજેન્ડરને માન્યતા મળે તેને લઈને સરકાર હરકતમાં

## સરકાર ૨૦૧૯ના જૂના કાયદામાં ફેરફાર કરી રહી છે જેથી ટ્રાન્સજેન્ડર વ્યાખ્યા સ્પષ્ટ થાય અને રક્ષણ મેળવવામાં સરળતા રહેશે

**અબતક, રાજકોટ**

સમયનું ચક્ર હંમેશા પરિવર્તનશીલ હોય છે. એક સમય એવો હતો જ્યારે આપણા જ સમાજના એક અભિન્ન અંગ એવા ટ્રાન્સજેન્ડર સમુદાયને હાંસિયામાં ધકેલી દેવામાં આવતો હતો. જેમને માત્ર તાળીઓ પાડવા કે આશીર્વાદ આપવા પૂરતા મર્યાદિત ગણવામાં આવતા, તેમને સામાજિક સન્માન કે પાયાના અધિકારોથી વંચિત રાખવામાં આવતા હતા. લોકોની નજરમાં તેમના પ્રત્યે આદરને બદલે ઉપેક્ષા અને અસ્વીકારનો ભાવ વધુ જોવા મળતો હતો.

કેન્દ્ર સરકાર દ્વારા ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓના



અધિકારોના રક્ષણ માટેના કાયદા (૨૦૧૯) માં સુધારો કરવાની તૈયારી કરી લેવામાં આવી છે. કેબિનેટ બેઠકમાં આ અંગેના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી છે. જેનો મુખ્ય હેતુ ટ્રાન્સજેન્ડરની વ્યાખ્યાને વધુ સ્પષ્ટ અને સર્વસમાવેશક બનાવવાનો છે. સરકાર ૨૦૧૯ના જૂના કાયદામાં ફેરફાર કરી રહી છે જેથી ટ્રાન્સજેન્ડર કોણ ગણાય તેની વ્યાખ્યા વધુ મોટી અને સ્પષ્ટ થાય. આનાથી સાચા લાભાર્થીઓને સરકારી યોજનાઓ અને રક્ષણ મેળવવામાં સરળતા રહેશે.

સુપ્રીમ કોર્ટે પણ તેની ધીમી ગતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. વળી, સાચા લોકોને લાભ મળે અને કાયદાનો દુરુપયોગ ન થાય તે માટે આ સ્પષ્ટતા જરૂરી હતી. અત્યારે કાયદા મુજબ જે વ્યક્તિનો જેન્ડર જન્મ સમયની જાતિ સાથે મેળ ખાતો નથી, તેમને ટ્રાન્સજેન્ડર માનવામાં આવે છે. જેમાં કિન્નર, ઈન્ટરસેક્સ વ્યક્તિઓનો સમાવેશ થાય છે (પછી ભલે તેમણે સર્જરી કરાવી હોય કે નહીં). હવે આ વ્યાખ્યાને વધુ વિગતવાર સમજાવવામાં આવશે.

### કોણ કહે છે કાયદાને સંવેદના હોતી નથી

# વિધર્મી સાથે લગ્ન કરવા ઈચ્છતી યુવતીને આર્થિક - સામાજિક રક્ષણ પૂરૂ પાડતી હાઈકોર્ટ

## ભવિષ્યમાં તેઓ અલગ થાય તો તેવા કિસ્સામાં મહિલા માટે આર્થિક સુરક્ષા તરીકે પુરૂષને રૂ. ૩ લાખ જમા કરાવવા આદેશ આપ્યો

**અબતક, અમદાવાદ**

ન્યાયની દેવીની આંખે પાટા જરૂર હોય છે, પણ તેનું હૃદય અત્યંત સંવેદનશીલ હોય છે. કાયદો હંમેશા પથ્થરની લકીર જેવો જડ નથી હોતો, પણ ક્યારેક તે પિતા જેવી સંવેદનશીલતા પણ ધરાવે છે. ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં એક આંતરધર્મી યુગલના કેસમાં માત્ર કાયદાકીય મંજૂરી જ નથી આપી, પરંતુ એક વાલી તરીકે યુવતીના ભવિષ્યની આર્થિક સુરક્ષાની પણ ચિંતા કરી છે. આ ચુકાદો સાબિત કરે છે કે ન્યાયતંત્ર સંવેદના અને સુરક્ષાનું મિશ્રણ છે.

ગુજરાત હાઈકોર્ટે મહેસાણા જિલ્લાના એક આંતરધર્મી લિવ-ઈન કપલને સ્પેશિયલ મેરેજ એક્ટ હેઠળ લગ્ન નોંધણી કરાવવા નિર્દેશ આપ્યો છે અને ભવિષ્યમાં જો તેઓ અલગ થાય તો તેવા કિસ્સામાં મહિલા માટે આર્થિક સુરક્ષા તરીકે પુરુષને રૂ. ૩ લાખ જમા કરાવવા આદેશ આપ્યો છે. આ કેસમાં અલગ-અલગ ધર્મના ૨૨ વર્ષીય યુવક અને ૨૧ વર્ષીય યુવતી સામેલ હતા જેઓ સાથે રહેતા હતા. તેઓ અલગ થયા બાદ યુવતીને પાલનપુરના મહિલા સંરક્ષણ ગૃહમાં રાખવામાં આવી હતી. યુવકે હાઈકોર્ટમાં અરજી કરી, અલગ થવાને પડકાર્યું અને પોતાની પાર્ટનરની કસ્ટડી માંગી હતી.

આ કપલે 'સ્પેશિયલ મેરેજ એક્ટ' હેઠળ કાયદેસર રીતે લગ્ન કરવા પડશે. ૩ લાખ રકમ પર જે વ્યાજ આવશે તે યુવતીના બેંક ખાતામાં જમા થતું રહેશે. કોર્ટે ૬ અઠવાડિયામાં લગ્નની તમામ કાયદેસરની પ્રક્રિયા પૂરી કરવા આદેશ આપ્યો છે. લગ્ન વિધિ પૂરી ન થાય ત્યાં સુધી યુવતી અમદાવાદના નારી સંરક્ષણ ગૃહમાં રહેશે, પણ લગ્નના ફોર્મ ભરવા જેવી કામગીરી માટે યુવક સાથે જઈ શકશે.

# સત્તાધીશોની એક સહીના વાંકે તાતાનો મુંદ્રા પ્લાન્ટ મહિને રૂ.૧૦૦ કરોડની નુકસાની કરી રહ્યો છે

## પ્લાન્ટ આયાતી કોલસા પર નિર્ભર હોવાથી આંતરરાષ્ટ્રીય બજારમાં કોલસાના ભાવ વધતા જૂના ભાવે વીજળી વેચવી ટાટા માટે નુકસાનનો સોદો

**અબતક, મુંદ્રા**

દેશના સૌથી મોટા પાવર પ્લાન્ટ્સમાં જેની ગણના થાય છે, તે ટાટા પાવરનો ૪,૦૦૦ મેગાવોટનો મુંદ્રા પ્લાન્ટ આજે સરકારી લાલ ફીતાશાહીનો ભોગ બન્યો છે. ગુજરાત સરકાર સાથેના એક છેલ્લા કરાર પર સહી ન થવાને કારણે આ વિશાળ પ્રોજેક્ટ શોભાના ગાંઠિયા જેવો બની ગયો છે અને કંપની પર દર મહિને ૧૦૦ કરોડ રૂપિયાની નુકશાનીનો પહાડ તૂટી રહ્યો છે.

ટાટા પાવરના મેનેજમેન્ટ દ્વારા વારંવાર રોકાણકારોને ખાતરી આપવામાં આવી રહી છે કે ગુજરાત સરકાર સાથેની વાતચીત અંતિમ તબક્કામાં છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે છેલ્લા ચાર મહિનાથી આ ''અંતિમ તબક્કો'' પૂરો જ નથી થઈ રહ્યો.



કંપનીના ઈશ્ક્ષ્ધ સંજીવ ચુરીવાલાના જણાવ્યા મુજબ, પ્લાન્ટ બંધ રહેવાને કારણે છેલ્લા ૯ મહિનામાં અંદાજે ₹૮૦૦ કરોડનું નુકસાન ચોપડે નોંધાઈ ચૂક્યું છે.

આ પ્લાન્ટ આયાતી કોલસા પર નિર્ભર છે. આંતરરાષ્ટ્રીય બજારમાં કોલસાના ભાવ વધતા જૂના ભાવે વીજળી વેચવી ટાટા માટે નુકસાનનો સોદો છે.જ્યાં સુધી ગુજરાત સરકાર 'સપ્લીમેન્ટરી પાવર પરચેઝ એગ્રીમેન્ટ' પર હસ્તાક્ષર ન કરે, ત્યાં સુધી અન્ય ચાર રાજ્યો (મહારાષ્ટ્ર, રાજસ્થાન, હરિયાણા અને પંજાબ) પણ આગળ વધી શકે તેમ નથી.

ટાટા પાવરના સીઈઓ પ્રવીર સિંહાના મતે, માત્ર એક જ મુદ્દો અટક્યો છે, પરંતુ સરકાર તરફથી તે અંગે સ્પષ્ટતા આવવામાં વિલંબ થઈ રહ્યો છે. પાવર અત્યારે સોલર અને ગ્રીન એનર્જીમાં કરોડોનો નફો કરી રહી છે, પણ મુંદ્રાનો આ કોલસા પ્લાન્ટ સત્તાધીશોની ઉદાસીનતાને કારણે કંપનીની બેલેન્સશીટમાં મોટું ગાબડું પાડી રહ્યો છે. હવે જોવાનું એ છે કે ક્યારે સરકારની કલમ ચાલે છે અને ક્યારે મુંદ્રાનો આ પ્લાન્ટ ફરી વીજળી પેદા કરતો થાય છે.

### અદાણીનો પ્લાન્ટ ધમધમે, ટાટાનો કેમ થંભે?

મુંદ્રામાં જ આવેલો અદાણી પાવરનો પ્લાન્ટ અત્યારે કાર્યરત છે. અદાણીના પ્રોજેક્ટમાં કોલસાના પૂરવઠા અને કરારોનું આયોજન અલગ હોવાથી તેઓ ટકી ગયા છે, જ્યારે ટાટાનો પ્લાન્ટ સરકારી મંજૂરીના અભાવે શાંત પડ્યો છે.

### ઉનાળા પૂર્વે જ આર્થિક 'શોર્ટ સર્કિટ'

ભારતમાં આગામી ઉનાળામાં વીજળીની માંગ રેકોર્ડબ્રેક ૨૮૦ ગીગાવોટ સુધી પહોંચવાની ધારણા છે. જો સત્તાધીશો હજુ પણ પોતાની ફાઈલો દબાવીને બેસી રહેશે, તો માત્ર ટાટા પાવરને આર્થિક નુકસાન જ નહીં, પણ સામાન્ય જનતાને પણ અંધારપટ કે વીજ કાપનો સામનો કરવો પડી શકે છે.

# વીજ કર્મચારીઓનો વિરોધઃ પડતર પ્રશ્ને ‘કાળી પટ્ટી’ ધારણ કરી સૂત્રોચ્ચાર પોકાર્યા

## અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘના આહવાન હેઠળ ‘વર્ક ટુ રૂલ’ આંદોલનનો પ્રારંભ, ૧૪ માર્ચ સુધી કચેરીઓ ગુંજશે સૂત્રોચ્ચારથી






**અબતક, રાજકોટ**

ગુજરાતની ઉર્જા ક્ષેત્રની કરોડરજ્જુ સમાન વીજ કર્મચારીઓએ આજે પોતાની પડતર માંગણીઓ અને ન્યાયિક હકો માટે મેનેજમેન્ટ સામે આક્રમક મિજાજ ધારણ કર્યો છે. અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘના કેન્દ્રીય આહવાનને પગલે આજે બુધવાર, ૧૧ માર્ચ ૨૦૨૬ના રાજકોટ શહેરની તમામ વીજ કચેરીઓ ખાતે કર્મચારીઓએ કાળી પટ્ટી ધારણ કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું. બળદેવભાઈ પટેલ અને ચેતનસિંહ રાઠોડની મજબૂત અધ્યક્ષતામાં આપવામાં આવેલી આંદોલન નોટીસના અનુસંધાને આજે રાજકોટ સિટીના તમામ ડિવિઝન અને સબ-ડિવિઝન કચેરીઓમાં કર્મચારીઓનો રોષ જોવા મળ્યો હતો.

સવારના પ્રારંભથી જ રાજકોટની તમામ મુખ્ય કચેરીઓ ખાતે કર્મચારીઓ મોટી સંખ્યામાં એકઠા થયા હતા. સંઘના નેતૃત્વ હેઠળ કર્મચારીઓએ હાથ પર કાળી પટ્ટી બાંધીને પોતાની ફરજ બજાવવાની સાથે-સાથે ‘વર્ક ટુ રૂલ’ (નિયમ મુજબ કામ) ની નીતિ અપનાવી છે. કચેરીના પ્રાંગણમાં કર્મચારીઓએ એકસૂત્રતા સાથે મેનેજમેન્ટની વિરુદ્ધમાં અને પોતાની માંગણીઓના સમર્થનમાં જોરદાર સૂત્રોચ્ચાર કર્યા હતા, જેના કારણે વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. આ આંદોલન માત્ર પ્રતીકાત્મક નથી, પરંતુ કર્મચારીઓના આત્મસન્માન અને હકની લડાઈ હોવાનું સંઘના સ્થાનિક નેતાઓએ જણાવ્યું હતું.

નોંધનીય છે કે આ વિરોધ કાર્યક્રમ માત્ર આજ પૂરતો સીમિત નથી, પરંતુ તારીખ ૧૧ થી ૧૪ માર્ચ ૨૦૨૬ સુધી સતત ચાર દિવસ ચાલવાનો છે. સંઘ દ્વારા તમામ કર્મચારીઓને કડક સૂચના આપવામાં આવી છે કે દરેક કર્મચારીએ ફરજ દરમિયાન કાળી પટ્ટી ધારણ કરવી અને એક સાથે મળીને

(અનુ. આઠમા પાને)

# શાંતિ નિકેતન કોલેજના બિઝનેસ ફેરમાં વિદ્યાર્થીઓએ સ્ટોલ્સ લગાવી માર્કેટિંગ - સેલ્સના પાઠ ભણ્યા

## વિદ્યાર્થીઓ પુસ્તકિયા જ્ઞાનની સાથે પ્રેક્ટિકલ દુનિયા સમજે તેવા હેતુથી આયોજન, રક્તદાન કેમ્પમાં ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓએ કર્યું રક્તદાન



**અબતક, રાજકોટ**

રાજકોટની શાંતિનિકેતન કોલેજના કેમ્પસમાં તાજેતરમાં શિક્ષણ અને માનવતાનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. વિદ્યાર્થીઓમાં વ્યવસાયિક કૌશલ્ય વિકસે અને તેઓ પુસ્તકિયા જ્ઞાનની સાથે પ્રેક્ટિકલ દુનિયાને સમજે તેવા ઉમદા હેતુથી સતત ત્રીજા વર્ષે ત્રણ દિવસીય બિઝનેસ ફેરનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓને માત્ર શૈક્ષણિક જ્ઞાન જ નહીં, પરંતુ વાસ્તવિક બજારના અનુભવો પૂરા પાડવાનો પ્રયાસ કોલેજ પરિવાર દ્વારા કરવામાં આવ્યો છે.

આ ફેરમાં બીબીએ, બી.કોમ અને બીએસડબલ્યુ જેવા વિવિધ પ્રવાહના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈને કુલ ૨૨ જેટલા વિવિધ સ્ટોલ્સ ઉભા કર્યા હતા. આ સ્ટોલ્સમાં ખાણી-પીણીથી લઈને અનેક નવીનતમ પ્રોડક્ટ્સનું પ્રદર્શન અને વેચાણ કરવામાં આવ્યું હતું. આ જીવંત અનુભવ દ્વારા વિદ્યાર્થીઓએ માર્કેટિંગ, સેલ્સ, એકાઉન્ટિંગ અને બિઝનેસ મેનેજમેન્ટના પાયાના પાઠ પ્રેક્ટિકલ રીતે શીખ્યા હતા, જે તેમને ભવિષ્યમાં આત્મનિર્ભર બનવામાં ખૂબ જ મદદરૂપ સાબિત થશે.

માત્ર વ્યવસાયિક અભિગમ જ નહીં, પરંતુ સામાજિક જવાબદારીના ભાગરૂપે કેમ્પસમાં ભવ્ય રક્તદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ખાસ કરીને ઉનાળાની ઋતુમાં જ્યારે રક્તની અછત વર્તાતી હોય છે, ત્યારે થેલેસેમિયાના બાળકો અને અન્ય જરૂરિયાતમંદ દર્દીઓને મદદ મળી રહે તે હેતુથી આ સેવાકાર્ય હાથ ધરાયું હતું. વિદ્યાર્થીઓએ સમાજ પ્રત્યેની પોતાની નિષ્ઠા વ્યક્ત કરતા ૧૦૦થી વધુ

(અનુ. આઠમા પાને)

### વિવિધ પ્રવાહના વિદ્યાર્થીઓ દ્વારા કુલ ૨૨ જેટલા સ્ટોલ્સનું સંચાલનઃ પ્રિન્સિપાલઃ ડો. મહેશ ગોગરા



રાજકોટની શાંતિનિકેતન કોલેજમાં સતત ત્રીજા વર્ષે ’બિઝનેસ ફેર’ અને ’બ્લડ ડોનેશન કેમ્પ’નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. પ્રિન્સિપાલ ડો. મહેશ ગોગરાએ માહિતી આપતા જણાવ્યું હતું કે, બીબીએ, બી.કોમ અને બીએસડબલ્યુ જેવા વિવિધ પ્રવાહના વિદ્યાર્થીઓ દ્વારા કુલ ૨૨ જેટલા સ્ટોલ્સનું સંચાલન કરવામાં આવી રહ્યું છે, જેથી તેઓ અભ્યાસની સાથે પ્રેક્ટિકલ બિઝનેસ સ્કીલ્સ શીખી શકે. વ્યાપારની સાથે સામાજિક જવાબદારી નિભાવતા વિદ્યાર્થીઓએ રક્તદાન કેમ્પ પણ યોજ્યો છે. ઉનાળાની ઋતુમાં લોહીની અછત સમયે આ રક્ત થેલેસેમિયાના દર્દીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

### વિદ્યાર્થીઓ જાતે જ ફાઈનાન્સિયલ પ્લાનિંગ શીખે તેવો અમારો ઉદ્દેશ્યઃ મેનેજિંગ ટ્રસ્ટી ચંદ્રેશ સાકરિયા



શાંતિનિકેતન કોલેજના મેનેજિંગ ટ્રસ્ટી ચંદ્રેશ સાકરિયાએ અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, આ ’બિઝનેસ ફેર’માં ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ જાતે જ સ્ટોલ મેનેજમેન્ટ, ફાઈનાન્સિયલ પ્લાનિંગ અને માર્કેટિંગ સ્કીલ્સ જેવી વ્યવહારુ આવડત કેળવે તેવો છે. કોલેજ છેલ્લા ત્રણ વર્ષથી બિઝનેસ ફેર, ફૂડ ફેસ્ટ અને જોબ ફેર જેવા પ્રકલ્પો દ્વારા પ્રેક્ટિકલ નોલેજ પૂરું પાડી રહી છે. વ્યાપારની સાથે સામાજિક સેવામાં પણ અગ્રેસર રહેતા આ ફેબ દરમિયાન બ્લડ ડોનેશન કેમ્પનું સુંદર આયોજન કરીને કોલેજે માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

### અભ્યાસની થીયરીને અમે બિઝનેસ ફેરમાં પ્રેક્ટિકલી અમલમાં મૂકી રહ્યા છીએઃ વિદ્યાર્થીની ધ્રુવી મારકણા



વિદ્યાર્થીની ધ્રુવી મારકણાએ અબતક સાથેના સંવાદમાં જણાવ્યું હતું કે, તેઓ છેલ્લા ત્રણ વર્ષથી આ બિઝનેસ ફેરમાં સ્ટોલ લગાવી રહ્યા છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય ભવિષ્યમાં પોતાના સ્ટાર્ટઅપ માટે ગ્રાહકોની પસંદ અને માર્કેટિંગનો પ્રેક્ટિકલ અનુભવ મેળવવાનો છે. બીબીએના અભ્યાસક્રમની થીયરીને વાસ્તવિક બજારમાં અમલમાં મૂકી રહેલા આ યુવા ઉદ્યોગસાહસિકોએ ફ્રેન્કી, ટેકોઝ, ચીઝ બોલ્સ અને ગરમાગરમ પકોડા જેવી વિવિધ વાનગીઓના સ્ટોલ્સ દ્વારા પોતાની મેનેજમેન્ટ સ્કીલ્સનું પ્રદર્શન કર્યું હતું.

# નિધિ સ્કુલના વાર્ષિકોત્સવમાં કાલે ૩૮૦ વિદ્યાર્થીઓ વિવિધ કૃતિઓ દ્વારા મચાવશે ધુમ

## ‘‘અબતક’’ મીડિયાની શુભેચ્છા મુલાકાતે આવેલા આયોજકોએ આપી માહિતી



તસવીરઃ શૈલેષ વાડોલિયા

નિધિ સ્કુલના વાર્ષિકોત્સવની ઉજવણી અબતક પર લાઈવ નિહાળો
અબ તક CHANNEL
ઈન કેબલ ૫૬૧ | ડેન નેટવર્ક ૫૭૩ | રિયલ જીટીપીએલ-સુરત ૩૫૦ | સહયોગ નેટવર્ક ૧૦૫
YouTube Live
f LIVE
@abtakmedia
નિધિ સ્કુલના વાર્ષિકોત્સવની ઉજવણી અબતક પર લાઈવ નિહાળો ગુરૂવારે બપોરે ૨.૦૦ કલાકે

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં આવેલ નિધિ સ્કૂલ દ્વારા આગામી તા. ૧૨/૦૩/૨૦૨૬ (ગુરુવાર)ના રોજ બપોરે ૦૨:૦૦ થી ૦૭:૦૦ના સમય દરમિયાન રાજકોટના સુપ્રસિદ્ધ હેમુ ગઢવી હોલ, ટાગોર રોડ, રાજકોટ ખાતે વાર્ષિક મહોત્સવ ‘‘આશાએ ખીલે દિલ કી‘‘નું આયોજન કરવામાં આવેલ છે.

અબતક મીડીયા હાઉસની શુભેચ્છા મુલાકાતે આવેલા મેનેજીંગ ટ્રસ્ટી યશપાલસિંહ સહિતના વિદ્યાર્થીઓએ માહિતી આપતા જણાવ્યું હતુ કે, સ્કૂલનો વાર્ષિકોત્સવ પ્રસંગ એટલે વિદ્યાર્થીઓના ભણતર અને ઘડતરની પ્રક્રિયાઓનું પ્રતિબિંબ, વાર્ષિકોત્સવમાં કે.જી થી ધો.૮ સુધીના અંગ્રેજી અને ગુજરાતી માધ્યમના ૩૮૦ વિદ્યાર્થી ભાઈ - બહેનો દ્વારા રંગમંચ પર સ્કૂલના ઉત્સાહી વિદ્યાર્થીઓ અને નાદાન ભૂલકાઓ પોતાની સુસુકત

(અનુ. આઠમા પાને)

# સરસ્વતિ શિશુ મંદિરના વિદ્યાર્થીઓએ એનસીસીમાં મેદાન મારી ગૌરવ વધાર્યુ

## એ ગ્રેડ પ્રાપ્ત વિદ્યાર્થીઓને અભિનંદનથી નવાજાયા



**અબતક, રાજકોટ**

રાજકોટનું વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન તેમજ સૌરાષ્ટ્ર શિક્ષણ અને સેવા સમાજ ટ્રસ્ટ સંચાલિત પ્રવીણકાકા મણીઆર કેમ્પસ મારૂતીનગર સ્થિત સરસ્વતી શિશુમંદિરના વિદ્યાર્થીઓએ એનસીસી (નેશનલ કેડેટ કોપ્ર્સ)ના બીજા વર્ષની એ સર્ટિફિકેટ પરીક્ષામાં એ ગ્રેડ પ્રાપ્ત કરી ઝળહળતી સફળતા હાંસલ કરી છે. શાળાના વિદ્યાર્થીઓ રાણા અભયરાજસિંહએ સીપીએલ તથા જાની વિશ્વમ અને નિમ્બાર્ક તનૂજએ એસજીટી રેન્ક મેળવ્યો છે. વિદ્યાર્થીઓની આ વિશેષ સિદ્ધિ બદલ સંસ્થાના ચેરમેન અપૂર્વભાઈ મણીઆર, મેનેજિંગ ટ્રસ્ટી ડો.બળવંતભાઈ જાની તેમજ ટ્રસ્ટી અને શાળા પરિવારે અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

# ત્રિવેણી સંગમ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ૧૩ યુગલોએ પ્રભુતામાં પગલાં પાડ્યા

## ૧૫૦થી વધુ વસ્તુઓના કરિયાવર સાથે દીકરીઓ અપાય વિદાયઃ સંતો-મહંતોની પ્રેરક ઉપસ્થિતિમાં ૧૨મો સમૂહ લગ્નોત્સવ સંપન્ન





**અબતક, રાજકોટ**

રાજકોટની જાણીતી સામાજિક સંસ્થા ત્રિવેણી સંગમ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત ૧૨મો સર્વ જ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ અત્યંત ભવ્ય અને લાગણીસભર માહોલમાં સંપન્ન થયો છે. આ પ્રસંગે અબતક સાથેની ખાસ વાતચીતમાં ટ્રસ્ટના અગ્રણી વર્ષાબેન રૈયાણીએ ખૂબ જ હરખ સાથે સંસ્થાની ૨૦૦૯થી શરૂ થયેલી સેવાની સફરનો ચિતાર રજૂ કર્યો હતો.

વર્ષાબેનો જણાવ્યું હતું કે, જ્યારે તેઓ અને ટ્રસ્ટના પ્રમુખ શ્રી નયનભાઈ મકવાણા અત્યંત નાની વયના હતા ત્યારે હૈયામાં રહેલી સેવા કરવાની હોંશ સાથે માત્ર પાંચ દીકરીઓથી આ સમૂહ લગ્નની શરૂઆત કરવામાં આવી હતી. કોરોનાકાળના ત્રણ વર્ષના વિરામ બાદ આ વર્ષે યોજાયેલા ૧૨માં સમૂહ લગ્ન માટે ૧૪૪ ફોર્મ ભરાયા હતા, અત્યંત જરૂરિયાતમંદ અને યોગ્ય એવા ૧૩ નવદંપતીઓની પસંદગી કરવામાં આવી હતી.

આ સમૂહ લગ્નોત્સવની વિશેષતા એ રહી કે નવવધૂઓને કરિયાવરમાં ૧૫૦થી વધુ વસ્તુઓ ભેટ આપવામાં આવી છે. સંસ્થા દ્વારા તૈયાર કરાયેલી ૧૨૯ વસ્તુઓની યાદી ઉપરાંત અન્ય ૨૦થી ૨૫ વસ્તુઓ દાતાઓ તરફથી ઉમેરાતા સોનું, ચાંદી અને કિચનવેરની તમામ આધુનિક સુવિધાઓ સાથેનો ભવ્ય કરિયાવર દીકરીઓને અર્પણ કરાયો હતો. લગ્ન પ્રસંગની સાથે સાથે નાથાણી બ્લડ બેન્કના સહયોગથી રક્તદાન કેમ્પનું પણ સફળ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં રક્ત એકત્ર કરી માનવતા મહેકાવવામાં આવી હતી.

વર્ષાબેને સંસ્થાની બહુવિધ પ્રવૃત્તિઓ વિશે માહિતી આપતા ઉમેર્યું કે, ત્રિવેણી સંગમ ટ્રસ્ટ માત્ર લગ્ન પૂરતું સીમિત નથી પરંતુ આખું વર્ષ જીવદયા અને પર્યાવરણના કાર્યો કરે છે.

જેમાં બીમાર ગાયો અને શ્વાનો માટે લાડવા બનાવવા, નવરાત્રી બાદ વેસ્ટ ગરબામાંથી ચકલીના માળા બનાવી વિતરણ કરવા તેમજ અમાસ અને બીજના દિવસે સ્લમ વિસ્તારોમાં બટુક ભોજન કરાવવા જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

આ માંગલિક પ્રસંગે ખોડલધામના નરેશભાઈ પટેલ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

થઆ ઉપરાંત રાજકીય ક્ષેત્રે પ્રદીપભાઈ ડવ, જાણીતા આઈ સર્જન ડૉ. અનુરથ સાવલિયા, વર્ષાબેનના ગુરુ શર્મિલાબેન બામણીયા તેમજ ખોડલધામ મહિલા સમિતિની બહેનો અને વિવિધ સામાજિક-શૈક્ષણિક સંસ્થાઓના અગ્રણીઓએ હાજરી આપી નવદંપતીઓને આશીર્વાદ આપ્યા હતા. અલગ-અલગ ધાર્મિક સ્થળોએથી પધારેલા સાત થી આઠ જેટલા સંતો-મહંતોની દિવ્ય ઉપસ્થિતિમાં આ સમૂહ લગ્ન સંપન્ન થયો હતો.

## સ્પોર્ટ્સ અબતક

# ટી-૨૦ ટાઈટલ પછી હવે ઓલિમ્પિક ગોલ્ડ: કેપ્ટન સૂર્યાનું ટીમ ઈન્ડિયા માટે આગામી મિશન

## વર્લ્ડકપ ટ્રોફી સાથે કેપ્ટ્ન સૂર્યાએ અડાલજ વાવ ખાતે કરાવ્યું ફોટોશૂટ



**અબતક, રાજકોટ**

આઈસીસી મેન્સ ટીર૦ વર્લ્ડ કપ ૨૦૨૬ જીત્યા બાદ ભારતીય ટીમના કેપ્ટન સૂર્યાકુમાર યાદવે પોતાના આગામી મુખ્ય લક્ષ્ય વિશે સ્પષ્ટતા કરી છે. ફાઈનલમાં ન્યુઝીલેન્ડ સામે પ્રભાવશાળી વિજય બાદ તેમણે કહ્યું કે હવે તેમનું લક્ષ્ય ૨૦૨૮ સમર ઓલિમ્પિકમાં સુવર્ણ ચંદ્રક જીતવાનું છે.અમદાવાદમાં રમાયેલી ફાઈનલમાં ભારતે ન્યુઝીલેન્ડને ૯૬ રનથી હરાવીને ઈતિહાસ રચ્યો છે. પહેલા બેટિંગ કરતા ભારતીય ટીમે ૨૫૫ રનનો વિશાળ સ્કોર બનાવ્યો અને પછી, શાનદાર બોલિંગ પ્રદર્શન કરીને ન્યુઝીલેન્ડને ૧૫૯ રનમાં ઓલઆઉટ કરી દીધું હતું.મેચ પછીની પ્રેસ કોન્ફરન્સમાં, કેપ્ટન સૂર્યાકુમાર યાદવે જણાવ્યું કે તેમનું આગામી લક્ષ્ય ઓલિમ્પિકમાં દેશ માટે સુવર્ણ ચંદ્રક જીતવાનું છે. તેમણે એ પણ નોંધ્યું કે ટીર૦ વર્લ્ડ કપની આગામી આવૃત્તિ પણ તે વર્ષે રમાશે, તેથી ટીમ બંને મોટી સિદ્ધિઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે.ભારતનો વિજય ઘણી રીતે ઐતિહાસિક છે. ભારતીય ટીમ ટીર૦ વર્લ્ડ કપનો સફળતાપૂર્વક બચાવ કરનારી પ્રથમ ટીમ બની છે. યજમાન તરીકે ટ્રોફી જીતનાર તે પ્રથમ દેશ પણ બન્યો છે. આ ભારતનો ત્રીજો ટીર૦ વર્લ્ડ કપ ખિતાબ છે, જે તેમને ટુર્નામેન્ટના ઈતિહાસમાં સૌથી સફળ ટીમ બનાવે છે. આ પહેલા, ભારતે ૨૦૦૭ અને ૨૦૨૪માં આ ખિતાબ જીત્યો હતો.

વર્લ્ડ કપની ટ્રોફી સાથે ફોટોશૂટ માટે કેપ્ટન સૂર્યાકુમાર યાદવ અડાલજ વાવ પહોંચ્યો હતો. સીડી પર ઉભા રહીને તેણે પોઝ આપ્યા હતા. આ દરમિયાન તેણે ફેન્સ સાથે સેલ્ફી અને ફોટા પણ પડાવ્યા હતા. રવિવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાયેલી ઐતિહાસિક મેચમાં ભારતે ન્યૂઝીલેન્ડને ૯૬ રનથી હરાવીને સતત બીજી વખત ટીર૦ વર્લ્ડ કપની ટ્રોફી પોતાને નામ કરી છે.

# અર્શદીપ વિરૂદ્ધ આઈસીસીની કાર્યવાહી, દંડ અને ડિમેરિટ પોઈન્ટ અપાયો



**અબતક, રાજકોટ**

અમદાવાદમાં ન્યૂઝીલેન્ડ સામે ૨૦૨૬ના ટીર૦ વર્લ્ડ કપની ફાઈનલ દરમિયાન આઈસીસી આચારસંહિતાના લેવલ ૧નો ભંગ કરવા બદલ ભારતના ઝડપી બોલર અર્શદીપ સિંહને તેની મેચ ફીના ૧૫% દંડ ફટકારવામાં આવ્યો છે અને એક ડિમેરિટ પોઈન્ટ આપવામાં આવ્યો છે. તેમણે આચારસંહિતાની કલમ ૨.૯ નો ભંગ કર્યો હોવાનું જાણવા મળ્યું છે જે આંતરરાષ્ટ્રીય મેચ દરમિયાન કોઈ ખેલાડી પર અથવા તેની નજીક અયોગ્ય અને/અથવા ખતરનાક રીતે બોલ (અથવા ક્રિકેટ સાધનોની કોઈપણ અન્ય વસ્તુ) ફેંકવા સંબંધિત છે.

ઘટના ન્યુઝીલેન્ડના ૨૫૬ રનના પીછો દરમિયાન ૧૧મી ઓવરમાં બની હતી, જ્યારે અર્શદીપે તેના ફોલો-થ્રુ પર બોલ ફિલ્ડ કર્યો અને તેને સ્ટમ્પ તરફ ફેંક્યો, જેનાથી ડેરિલ મિશેલના પેડ્સ પર વાગ્યો. અર્શદીપ તરત જ માફી માંગ્યા વિના તેના માર્ક પર પાછો ફર્યો, જેના કારણે મિશેલ તેનો સામનો કરવા માટે તેની પાસે ગયો. ભારતના કેપ્ટન સૂર્યકુમાર યાદવ મિશેલ સાથે વાત કરવા માટે આગળ આવ્યો, જ્યારે અમ્પાયર રિચાર્ડ ઈલિંગવર્થ પણ અર્શદીપ સાથે વાતચીત કરતા જોવા મળ્યા.અર્શદીપે આખરે ઓવર પછી મિશેલની માફી માંગી હતી.

અર્શદીપે ઘટના અંગે કહ્યું કે, માત્ર મિશેલની માફી માંગવા ગયો હતો, તેણે કહ્યું. મારો થ્રો રિવર્સ-સ્વિંગ થયો અને તેને વાગ્યો તેથી હું તેના માટે માફી માંગવા માંગતો હતો.

તે ઈરાદાપૂર્વક નહોતું. બ્લેકકેપ્સ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર શેર કરાયેલા એક વીડિયોમાં, અર્શદીપ ફરીથી મિશેલની માફી માંગતો જોવા મળ્યો, જેના પછી જોડીએ હાથ મિલાવ્યા હતા.

**અર્શદીપનો છેલ્લા ૨૪ મહિનામાં આ પહેલો જ ગુનો હતો અને તેનો અગાઉનો રેકોર્ડ એકદમ સ્વચ્છ હોવાથી તેને માત્ર મેચ ફીનો ૧૫ ટકા જ દંડ ફટકારાયો**

## ક્રિકેટને રાજકીય બાબતથી દૂર રાખો: હરભજનનો કીર્તિ આઝાદને જવાબ

જીતના આનંદમાં કેપ્ટન સૂર્યકુમાર યાદવ, હેડ કોચ ગૌતમ ગંભીર અને આઈસીસી ચેરમેન જય શાહે ટ્રોફીને સ્ટેડિયમ પાસેના હનુમાન મંદિરમાં લઈ જઈને આશીર્વાદ લીધા. આ કાર્યને ઘણા લોકોએ ખુબ પસંદ કર્યું, પરંતુ તેના પર વિવાદ પણ થયો.૧૯૮૩ વર્લ્ડ કપ વિજેતા અને તૃણમૂલ કોંગ્રેસના સાંસદ કિર્તિ આઝાદે આ વિષય પર સવાલ ઉઠાવ્યા.જો કે ભારતના પૂર્વ દિગ્ગજ સ્પિનર હરભજને આઝાદની ટીકા કરી અને જણાવ્યું હતું કે, મંદિર, મસ્જિદ, ચર્ચ અને ગુરુદ્વારા બધા એક જ છે, બધા એક જ ભગવાન તરફ લઈ જાય છે. વ્યક્તિગત શ્રદ્ધા પર સવાલ ઉઠાવવો શરમજનક છે. ખેલાડીઓને તેમની ઈચ્છા મુજબ કોઈ પણ પૂજા સ્થળે ટ્રોફી લઈ જવાનો અધિકાર છે, અને તેને રાજકીય બનાવવું યોગ્ય નથી.

આ વિવાદથી એક તરફ ટીમની જીતનો આનંદ માણવામાં આવી રહ્યો છે, તો બીજી તરફ ધર્મ અને રાજકારણના મુદ્દા પર ચર્ચા ચાલી રહી છે. હરભજન સિંહની આ પ્રતિક્રિયાએ ઘણા ક્રિકેટ પ્રેમીઓમાં સમર્થન મેળવ્યું છે, જેઓ માને છે કે રમતને રાજકારણથી દૂર રાખવી જોઈએ.

# બૂમ બૂમ બુમરાહ હવે ૨૦૨૭ના વન-ડે વર્લ્ડકપ પર ફોક્સ કરશે

## આઈપીએલ પછી સિલેકશન કમિટી, સેન્ટર ઑફ એક્સલન્સ અને ટીમ મેનેજમેન્ટ મળીને આગળની રણનીતિ નક્કી કરશે



**અબતક, રાજકોટ**

ભારતીય ઝડપી બોલર જસપ્રીત બુમરાહ હવે ટી-૨૦ સિરીઝ ઓછી રમશે. તેઓ ૨૦૨૭ વર્લ્ડ કપ સુધી વધુ વનડે મેચ રમશે. ટીમ મેનેજમેન્ટ અને સિલેક્ટર્સ તેમના વર્કલોડને ધ્યાનમાં રાખીને આ રણનીતિ બનાવી રહ્યા છે. જેથી ૨૦૨૭ વર્લ્ડ કપ માટે તેમની તૈયારી વધુ સારી થઈ શકે.આગામી સમયમાં દ્વિપક્ષીય ટીર૦ સિરીઝમાં બુમરાહને ઓછી તકો આપવામાં આવી શકે છે.

બુમરાહે ૧૯ નવેમ્બર ૨૦૨૩ પછી કોઈ વનડે મેચ રમી નથી. છેલ્લી વાર તેઓ વનડે વર્લ્ડ કપની ફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં વનડે ક્રિકેટ રમવા ઉતર્યા હતા.

ઓક્ટોબર-નવેમ્બર ૨૦૨૭ સુધી ટીર૦ ઈન્ટરનેશનલ ટીમને ઓછી પ્રાથમિકતાવાળો ફોર્મેટ માનવામાં આવી રહ્યો છે. આ જ સમયગાળા દરમિયાન જાપાનના આઈચી-નાગોયામાં યોજાનારી એશિયન ગેમ્સમાં ભારતીય ટીમની કપ્તાની સૂર્યકુમાર યાદવ કરી શકે છે.હવે આઈસીસીની આગામી ટુર્નામેન્ટ ૨૦૨૭નો વનડે વર્લ્ડકપ હશે. તે જ વર્ષે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ પણ રમાશે. ૨૦૨૮માં આગામી ટી-૨૦ વર્લ્ડ કપ, ઓલિમ્પિક ગેમ્સ અને ચેમ્પિયન્સ ટ્રોફી શેડ્યૂલ છે.

આઈપીએલ પછી સિલેક્શન કમિટી, સેન્ટર ઑફ એક્સલન્સ અને ટીમ મેનેજમેન્ટ મળીને આગળની રણનીતિ નક્કી કરશે. આઈપીએલમાં બુમરાહ મુંબઈ ઈન્ડિયન્સના પેસ અટેકની આગેવાની કરશે.૧૯ નવેમ્બર ૨૦૨૩ના રોજ ઑસ્ટ્રેલિયા સામે રમાયેલી વનડે વર્લ્ડ કપ ફાઈનલ પછી બુમરાહે ૪૨ ઈન્ટરનેશનલ મેચ રમી છે. જેમાં ૨૧ ટેસ્ટ અને ૨૧ ટીર૦ ઈન્ટરનેશનલ સામેલ છે.ભારતની મોટી ટુર્નામેન્ટની ઝુંબેશમાં બુમરાહની ફિટનેસ ખૂબ જ મહત્ત્વની રહે છે. આવી સ્થિતિમાં, તેની મેચો અને ફોર્મેટને લઈને ઘણી સાવચેતી રાખવામાં આવશે.બુમરાહ પાછલા ટી-૨૦ વર્લ્ડ કપના ટોપ વિકેટ ટેકર રહ્યા છે.

તેમણે ૧૪ વિકેટ ઝડપી. તેઓ અમદાવાદમાં ન્યુઝીલેન્ડ સામે પ્લેયર ઑફ ધ ફાઈનલ પણ પસંદ કરાયા હતા.

# એક અઠવાડિયાથી અટવાયેલી વેસ્ટ ઈન્ડિઝની ટીમ આખરે ઘરે પરત ફરી



**અબતક, રાજકોટ**

આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં આઈસીસી પુરુષોના ટીર૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં વેસ્ટ ઈન્ડિઝ ટીમ સુપર એઈટ સ્ટેજમાં ભારત સામે હાર્યા બાદ ૧ માર્ચથી જ કોલકાતામાં અટવાઈ ગઈ હતી. મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ઈઝરાયેલ-ઈરાન-અમેરિકા વચ્ચેના તણાવ અને યુદ્ધ જેવી પરિસ્થિતિને કારણે ગલ્ફ વિસ્તારના એરસ્પેસ પર પ્રતિબંધો લાગુ થયા હતા. આને લીધે આંતરરાષ્ટ્રીય ઉડાનોમાં વ્યાપક વિક્ષેપો સર્જાયા અને આઈસીસી દ્વારા ગોઠવવામાં આવેલી ચાર્ટર્ડ ફ્લાઈટ વારંવાર મુલતવી રહી.

આ સમગ્ર સમયગાળા દરમિયાન વેસ્ટ ઈન્ડિઝના હેડ કોચ ડેરેન સેમી સહિત ઘણા ખેલાડીઓએ સોશિયલ મીડિયા પર પોતાની હતાશા વ્યક્ત કરી હતી.

લગભગ ૯ દિવસ (એટલે કે એક કરતાં વધુ અઠવાડિયા) સુધી કોલકાતામાં રોકાયા બાદ,વિન્ડિઝની ટિમ આઈસીસીના ચાર્ટર્ડ ફ્લાઈટની અનિશ્ચિતતાને કારણે વિમાન વ્યવસ્થા બદલીને કોમર્શિયલ ફ્લાઈટ્સ દ્વારા ખેલાડીઓ અને સ્ટાફને ઘરે મોકલવાનો નિર્ણય લીધો. કેટલાક ખેલાડીઓ અને સ્ટાફ ૧૦ માર્ચથી જ રવાના થઈ ગયા છે,

જ્યારે બાકીના આજે વિવિધ ફ્લાઈટ્સ દ્વારા પ્રસ્થાન કરશે.આ ઘટનાએ ક્રિકેટ જગતમાં ચર્ચા જગાવી છે અને ભૂતપૂર્વ ક્રિકેટર માઈકલ વોન જેવા લોકોએ પણ આ અસમાનતા પર સવાલ ઉઠાવ્યા છે કે અન્ય ટીમો (જેમ કે ઈંગ્લેન્ડ) ઝડપથી ઘરે પાછી ફરી ગઈ, પરંતુ વેસ્ટ ઈન્ડિઝ અને સાઉથ આફ્રિકાને આટલા લાંબા સમય સુધી રોકવું પડ્યું.

આખરે, ખેલાડીઓના પરિવારો અને ચાહકો માટે રાહતનો સમાચાર છે કે વેસ્ટ ઈન્ડિઝના ખેલાડીઓ હવે ઘરે પાછા ફરી રહ્યા છે. તેમની સુરક્ષા અને કલ્યાણ સૌથી મોટી પ્રાથમિકતા રહી છે. આશા છે કે તેઓ ટૂંક સમયમાં પોતાના ઘરે પહોંચીને આરામ કરી શકશે

# ચાઈનીઝ તાઈપે સામે હાર થતાં ભારતીય ટીમ એએફસી મહિલા એશિયા કપમાંથી બહાર

**અબતક, રાજકોટ**

ખરાબ ફોર્મમાં ચાલી રહેલી ભારતીય મહિલા ફૂટબોલ ટીમને એએફસી મહિલા એશિયન કપ ફૂટબોલ ટુર્નામેન્ટના ગ્રૂપ સ્ટેજની પોતાની અંતિમ મેચમાં ચાઈનીઝ તાઈપે સામે ૧-૩થી પરાજય મળતાં બહાર થઈ ગઈ છે. મળેલી તકનો ફાયદો ઉઠાવવામાં નિષ્ફળ રહેતાં ભારતીય ટીમને ભારે કિંમત ચૂકવવી પડી હતી. મેચમાં મોટા ભાગે વિરોધી ટીમ પર હાવી રહેવા છતાં ભારતીય ટીમ પ્રથમ વાર મેરિટના આધારે આ મોટી ટુર્નામેન્ટ માટે ક્વોલિફાઈ કરવા બાદ જલદી બહાર થઈ ગઈ. મેચના પ્રથમ હાફમાં ચાઈનીઝ તાઈપે તરફતી ૧૨મી મિનિટે વાઈએચ સુએ ગોલ કરી ટીમને લીડ અપાવી હતી. જોકે, ૩૯મી મિનિટે ભારત તરફથી ભારત તરફથી મનીષા કલ્યાણે ગોલ કરી ટીમને ૧-૧ની બરાબરી અપાવી હતી.મનીષાએ લગભગ ૩૦ યાર્ડની દૂરીથી ગોલ કર્યો હતો. મેચના પ્રથમ હાફ પહેલાં (૪૫+૯મી મિનિટે) પ્યારી ખાખાએ બોક્સની અંદર બોલને હાથ લગાવી દેતાં રેફરીએ હેન્ડલ્ડ ધ બોલ માટે પેનલ્ટી કિક આપી હતી. ચાઈનીઝ તાઈપેની વાઈવાઈ સૂનો શોટ પોસ્ટના કોર્નરે ટકરાયો ત્યારે ભારતીય ખેલાડી પેન્થોઈનો હાથ લાગતાં આત્મઘાતી ગોલ થતાં ચાઈનીઝ તાઈપેઈની ટીમે ૨-૧ની લીડ મેળવી હતી. ત્યારબાદ ૭૭મી મિનિટે યૂ ચિન ચેને ત્રીજો ગોલ કરી ચાઈનીઝ તાઈપેને ૩-૧થી જીત અપાવી હતી. ભારતીય ટીમ આ પહેલાં વિયેતનામ અને જાપાન સામે હારી ચૂકી હતી. ટીમને ટુર્નામેન્ટના આગામી રાઉન્ડમાં પહોંચવા માટે ચાઈનીઝ તાઈપેને ઓછામાં ઓછા બે ગોલના અંતરથી હરાવવું જરૂી હતું અને વિયેતનામ સામે જાપાન જીતી જાય તે પણ જરૂરી હતું. જોકે, તે મેચમાં પણ જાપાને વિયેતનામને ૪-૦થી પરાજય આપ્યો હતો.



# ગુજરાત ટાઈટન્સે બેટિંગ કોચ તરીકે મેથ્યુ હેડનની નિમણૂંક કરી





**અબતક, રાજકોટ**

ઓસ્ટ્રેલિયાના પૂર્વ ઓપનર મેથ્યુ હેડનને ગુજરાત ટાઈટન્સે આજે ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) ૨૦૨૬ સિઝનમાં બેટિંગ કોચ તરીકે નિમણૂંકની જાહેરાત કરી છે. વર્લ્ડ કપ વિજેતા અને તેમના યુગના સૌથી પ્રભાવશાળી ઓપનિંગ બેટ્સમેનોમાંના એક હેડન ભવ્ય આંતરરાષ્ટ્રીય કારકિર્દી અને આધુનિક સમયના ટીર૦ બેટિંગ ડાયનેમિક્સમાં કુશળતા સાથે ગુજરાત ટાઈટન્સની ટીમમાં જોડાયા છે. તેઓ ૨૦૨૬ની સિઝન માટે નવા જોશ સાથે તૈયારી કરી રહેલી ફ્રેન્ચાઈઝના સપોર્ટ સ્ટાફને મજબૂત બનાવશે. નિમણૂંક અંગે ગુજરાત ટાઈટન્સના ક્રિકેટ ડિરેક્ટર વિક્રમ સોલંકીએ જણાવ્યું હતું કે, મેથ્યુની નિમણૂંક અમારી સફરના એક મહત્વપૂર્ણ તબક્કામાં કરવામાં આવી છે. શ્રેષ્ઠતા અને લાંબા ગાળાની સફળતા માટે પ્રતિબદ્ધ ફ્રેન્ચાઈઝી તરીકે, અમે સતત અમારી ક્રિકેટ ઈકોસિસ્ટમને મજબૂત બનાવવા પર ધ્યાન આપી રહ્યા છીએ. ઉચ્ચ સ્તરે તેમનો અનુભવ અને ઉભરતી પ્રતિભાને માર્ગદર્શન આપવાની તેમની ક્ષમતા, આગામી સિઝન માટે અમારી બેટિંગ ઓળખને આકાર આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. પોતાની

## હેડન ૨૦૨૬ની સિઝન માટે નવા જોશ સાથે તૈયારી કરી રહેલી ગુજરાત ફ્રેન્ચાઈઝના સપોર્ટ સ્ટાફને મજબૂત બનાવશે

નિમણૂંક અંગે હેડને જણાવ્યું હતું કે, સારી બેટિંગ દબાણ ઊભું કરે છે. સારી બેટિંગ રમત પર પોતાનો દબદબો જમાવે છે. ગુજરાત ટાઈટન્સ માટે અમે આ જ માપદંડો સ્થાપવા માંગીએ છીએ.હેડને ઓસ્ટ્રેલિયા તરફથી વિવિધ ફોર્મેટ્સમાં ૨૭૩ આંતરરાષ્ટ્રીય મેચો રમી છે. તેમણે ૧૫,૦૦૦થી વધુ આંતરરાષ્ટ્રીય રન બનાવ્યા છે અને અનેક આઈસીસી ટુર્નામેન્ટ જીતવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. બેટિંગ પ્રત્યેના તેમના આક્રમક છતાં ટેક્નિકલી મજબૂત અભિગમે વ્હાઈટ બોલ ક્રિકેટમાં પાવરપ્લેનું પ્રભુત્વ જમાવવા માટે શરૂઆતનો પાયો નાંખ્યો હતો. તેમણે ૩૨ આઈપીએલ મેચો પણ રમી હતી અને લીગની ઉચ્ચ-તીવ્રતાની માંગને અનુરૂપ રમતની શૈલી દર્શાવી હતી.

# મેટોડા જીઆઈડીસી નજીકમાં રિક્ષામાંથી રૂ.૪૩ હજારના ગાંજા સાથે હાબિલ બ્લોચ ઝડપાયો

## સપ્તાહ પૂર્વે જ સુરતના રેલપટરી ખાતેથી ગાંજો લાવી અહીં રિક્ષામાં આંટાફેરા કરી છૂટકમાં વેંપલો કરતો'તો

**અબતક, રાજકોટ**

રાજકોટની ભાગોળે આવેલ મેટોડા જીઆઈડીસી નજીક રીક્ષામાંથી રૂરલ એસઓજી ટીમે રૂ ૪૩ હજારના ગાંજા સાથે હાબિલ બ્લોચ નામના શખ્સની ધરપકડ કરી હતી. સુરતથી ગાંજો લાવી છૂટકમાં વેંપલો કરે તે પૂર્વે જ રૂરલ એસઓજી ટીમે દરોડો પાડી પેડલરની ધરપકડ કરી રૂ. ૨.૬૩ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

રાજકોટ રેન્જ ડીઆઈજી નિર્લિપ્ત રાય અને જિલ્લા પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર દ્વારા ગ્રામ્ય જિલ્લા વિસ્તારમાં ગેરકાયદે માદક પદાર્થ ગાંજાનું વેચાણ અને હેરાફેરી કરતા શખ્સો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને રાજકોટ રૂરલ એસઓજી પીઆઈ એફ એ પારગીના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ પી.બી. મિશ્રાની ટીમ લોધિકા તાલુકાના મેટોડા જીઆઈડીસી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન પીએસઆઈ પી બી મિશ્રા અને હેડ કોન્સ્ટેબલ મયુરભાઈ વિરડાને મળેલી સંયુક્ત બાતમીના આધારે કાલાવડથી મેટોડા જીઆઈડીસી તરફ જતા જાહેર રોડ પરથી હાબીલ હનીફભાઈ બ્લોચ (ઉવ ૨૪ ધંધો રીક્ષા ડ્રાઈવિંગ, રહે. મેટોડા જીઆઈડીસી ગેટ નં.- ૨ ની પાછળ, ઓમ હોસ્પિટલની બાજુમાં, લોધીકા, રાજકોટ. મૂળ ગામ. ખાંભા ગીર, વિસાવદર, જુનાગઢ) ની હવાલા વાળી રીક્ષા નં.જીજે-૧૧-યુયુ-૩૫૦૫ માંથી રૂ.૪૩,૦૫૦ ની કિંમતનો ૮૬૧ ગ્રામ ગાંજો ઝડપી હાબીલ હનીફભાઈ બ્લોચ વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. રૂરલ એસઓજીની ટીમે ગાંજો, રીક્ષા, મોબાઈલ મળી કુલ રૂ.૨,૬૩,૦૫૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

વધુમાં પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર ઝડપાયેલ શખ્સ સપ્તાહ પહેલા જ અહીંથી ખાનગી ટ્રાવેલ્સની બસના સુરત ગયો હતો અને ત્યાંથી રેલપટરી પાસેથી ગાંજાનો જથ્થો લઈ બસમાં જ પરત આવી ગયો હતો. અહીં તેંણે ગાંજાની પડીકીઓ બનાવી છૂટકમાં વેંપલો શરૂ કરતા જ પોલિસેં તેને દબોચી લીધો હતો. ઉલ્લેખનીય છે કે, ઝડપાયેલો શખ્સ રિક્ષામાં મેટોડા જીઆઈડીસીથી ખીરસરા અને કાલાવડ સુધી આંટાફેરા છૂટક પડીકીઓનું વેચાણ કરતો હતો. જેથી હાબિલની ધરપકડ કરી ગાંજાના સપ્લાયર સહીતના નામ ખોલાવવા સ્થાનિક પોલિસેં હવે વિગતે તપાસ હાથ ધરી છે.

આ કામગીરી રૂરલ એસઓજી પીઆઈ એફ એ પારગી, પીએસઆઇ પી બી મિશ્રા, એસઆઈ વિપુલભાઈ ગુજરાતી, રૂપકબહાદુર હસ્તબહાદુર, હેડ કોન્સ્ટેબલ મયુરભાઈ વિરડા, કૃપાલસિંહ જાડેજા, નૈમિશભાઈ મહેતા, કોન્સ્ટેબલ રણજીતભાઈ ધાંધલ, વિજયગીરી ગોસ્વામી, પૃથ્વીરાજસિંહ જાડેજા, વિપુલભાઈ ગોહેલ અને ડ્રાઈવર કોન્સ્ટેબલ નરસીભાઈ બાવળીયા દ્વારા કરવામાં આવી હતી.

**રૂરલ એસઓજી ટીમે દરોડો પાડી ગાંજો, રીક્ષા મળી રૂ.૨.૬૩ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો**

# આર્થિક મદદ માટે લીધેલી રકમ ચૂકવવા આપેલો ૧૦ લાખના ચેક રિટર્ન કેસમાં વેપારીને બે વર્ષની જેલ: ડબલ દંડ

## એક મહિનામાં આરોપી ૫૦% રકમ ચૂકવવામાં નિષ્ફળ જાય તો વધુ છ માસની સજાનો હુકમ

**અબતક, રાજકોટ**

શહેરમાં રહેતા યુવાને સગા અને મિત્રતાના દાવે સંબંધીને આર્થિક મદદ માટે આપેલા રૂપિયા ૧૦ લાખ પરત કરવા આપેલો ચેક વગર વસૂલાતે બેંકમાંથી પરત ફરવાના ગુનાનો કેસ ચાલી જતા અદાલતે વેપારીને બે વર્ષની સજા અને ચેકની રકમનું ડબલ વળતર ચૂકવવા તેમજ એક મહિનામાં ૫૦% રકમ ચૂકવવામાં આરોપી નિષ્ફળ જાય તો વધુ છ માસની સજાનો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરમાં રહેતા દિનેશભાઈ ને ધંધામાં જરૂરિયાત ઉપસ્થિત થતા સગા અને મિત્રતાના દાવે વિવેકભાઈ દિલીપભાઈ ડોડીયાએ પોતાના સગા સંબંધીઓ પાસેથી મળી રૂપિયા દસ લાખની આર્થિક મદદ વર્ષ ૨૦૧૬માં કરી હતી. બાદ નોટબંધી અને કોરોના કાળના હિસાબે વિવેકભાઈ ડોડીયા એ માનવતાની રૂએ રકમ ની માગણી ન કરી હતી. બાદ દિનેશભાઈની ધંધાકીય અને પરિસ્થિતિની અનુકૂળતા થતા રકમની માંગણી કરતા દિનેશભાઈ પાંચ પાંચ લાખના બે ચેક આપ્યા હતા જે બંને ચેકો બેંકમાંથી વગર વસૂલાતે પરત ફરતા કાયદાકીય જોગવાઈ મુજબ દિનેશભાઈને નોટિસ પાઠવવા છતાં સમય મર્યાદામાં રકમ ન ચૂકવતા અંતે અદાલતમાં ફરિયાદ દાખલ કરી હતી. બાદ કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ ફરિયાદી વિવેકભાઈ ડોડીયા ના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ તેમજ દસ્તાવેજી પુરાવા અને હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ટાંકેલા ચુકાદા ને ધ્યાને લઈ અદાલતે આરોપી દિનેશભાઈ ને બે વર્ષની સાદી કેદની સજા અને દસ લાખના ચેકની સામે ૨૦ લાખ રૂપિયાનું વળતર ચૂકવવા હુકમ કર્યો છે તેમજ એક મહિનામાં ૫૦% રકમ ચૂકવવાનો આરોપી નિષ્ફળ જાય તો વધુ છ માસની સજાનો આદેશ કર્યો છે. આ કામમાં ફરિયાદી વધતી એડવોકેટ તરીકે વિશાલ સિંધવ રોકાયા છે.

# હપ્તો ચૂકવવા આપેલો ચેક રિટર્ન કેસમાં લોન ધારકનો નિર્દોષ છૂટકારો

## કોરા ચેકનો ગેરકાયદે કેમ ભરી તેને વટાવી ફરિયાદ કરવાથી આરોપીની રકમ ચૂકવવાની કાયદેસરની જવાબદારી રહેતી નથી: બચાવ પક્ષના એડવોકેટની દલીલ

**અબતક,રાજકોટ**

શહેરના કેશવ સ્મૃતિ ક્રેડિટ કો-ઓપરેટીવ સોસાયટી માંથી રૂપિયા એક લાખની લીધેલી લોનનો હપ્તો ચૂકવવા આપેલો ચેક રિટર્ન નો કેસ ચાલી જતા અદાલતે લોન ધારક યસ ભટ્ટને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરમાં રહેતા યશ વિનયચંદ્ર ભટ્ટ નામના યુવાને સભાસદ દરજ્જે કેશવ સ્મૃતિ ક્રેડિટ કો ઓપરેટિવ સોસાયટી લિમિટેડ માંથી રૂપિયા એક લાખની લોન લીધી હતી જે લોનની રકમ ચૂકવવા રૂપિયા ૧.૧૨૫૦૦ નો ચેક આપ્યો હતો જે ચેક બેંકમાંથી વગર વસુલાતે પરત ફરતા કાયદાકીય જોગવાઈ મુજબ નોટિસ પાઠવવા છતાં સમય મર્યાદામાં રકમ તે અદાલતમાં ફોજદારી ફરિયાદ કરી હતી જેમા પ્રોસેસ ઈસ્યુ થતાં આરોપી હાજર રહી ગુન્હાની કબુલાત ન આપતાં અને કેસ ચલાવવાની માંગ કરી હતી.સદરહું કેસમાં ફરિયાદી પેઢીના ચેરમેન દ્વારા વિવિધ દસ્તાવેજો રજુ કરવામાં આવેલ હતાં. જ્યારે આરોપીના વકીલ અજય આર. તોલાણી દ્વારા ફરિયાદીની ઉંડાણપૂર્વક ઉલટતપાસ અને ધારદાર દલીલો કરી તેની સાથે રજૂ રાખેલ વિવિધ ચુકાદાઓને ધ્યાને લેતા, અદાલત દ્વારા આ કામના આરોપીને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ ફરમાવવામાં આવેલ હતો.આ કેસમાં આરોપી યશ વિનયચંદ્ર ભટ્ટ વતી લીગલ એઈડ ડિફેન્સ કાઉન્સિલના યુવા વકિલ અજ્ય આર. તોલાણી રોકાયેલ હતા. રકમ ભરી તેને વટાવી

# દુષ્કર્મના ગુનામાં અરમાન ગોદાણીના જામીન હાઈકોર્ટે દ્વારા મંજૂર

## ઈન્સ્ટાગ્રામ મારફત સંપર્ક કેળવી સગીરાને પ્રેમજાળમાં ફસાવી ગોવા લઈ જઈ હોટલમાં દુષ્કર્મ આચર્યું

**અબતક, રાજકોટ**

શહેરની ૧૬ વર્ષની સગીરાનું અપહરણ કરી ગોવા હોટલોમાં એક મહિના સુધી શરીર સંબંધ બાંધવાના ગુનામાં જેલ હવાલે રહેલા ગોંડલના અરમાન ગોદાણીના જામીન અરજી હાઈકોર્ટે મંજૂર કરી છે. શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતા સગીરાના વાલીએ આરોપી અરમાન ગોદાણી વિરુધ્ધ ગાંધીગ્રામ પોલીસમા દુષ્કર્મ અને પોકસોની કલમ હેઠળ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનાના કામે અરમાન ગોદાણીની ધરપકડ કરી પ્રાથમિક પુછપરછ દરમિયાન આરોપીએ સગીરાનો ઈન્સ્ટાગ્રામ મારફત સંપર્ક કેળવી પ્રેમજાળમાં ફસાવી ગોવા લઈ જઈ હોટલમાં સગીરા સાથે દુષ્કર્મ આચર્યું હતું. આરોપીએ મોબાઈલ વેંચી રૂપિયા મેળવી બાદમાં સગીરાને તેના ઘરેથી રૂપિયા લાવવાનું કહી તેના ઘરેથી ભગાડી ગોવા લઈ ગયો હતો અને લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચરી બાદમાં એક મહિના પછી સગીરાને પરત તેના ઘરે મૂકી ગયો હતો. બાદ સગીરા પોતાના ઘરે આવતા વાલીએ તે ક્યાં ગઈ હતી તે બાબતે પૂછતા સગીરા ભાંગી પડી હતી અને તેની સાથે થયેલ કૃત્ય અંગે પરિવારને જણાવતા પરિવાર પણ ચોકી ઉઠ્યો હતો બનાવની જાણ થતા તુરંત જ પરિવાર ગાંધીગ્રામ પોલીસ મથકે દોડી ગયા હતા.અને ફરિયાદ નોંધાવી હતી પોલીસે અરમાન ગોદાણીની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા જેલ હવાલે કર્યો હતો.બાદ આરોપીએ જામીન પર છુટવા સ્પે. પોકસો કોર્ટમાં કરેલી જામીન અરજી નામંજુર કરી હતી. બાદ હાઈકોર્ટમાં આરોપીએ જામીન અરજી કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બન્ને પક્ષકારો વચ્ચે થયેલ દલીલો અને રજુઆત અને મૌખીક તેમજ લેખીત પુરાવા અને અરજદારના એડવોકેટ ધ્વારા કરવામાં આવેલી રજુઆતો તેમજ આરોપીના બચાવમાં રજુ કરવામાં આવેલા ગુજરાત હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટના ચુકાદાઓને ધ્યાન લઈ હાઈકોર્ટ ધ્વારા અરમાન સલીમભાઈ ગોદાણીને રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ ફરમાવેલો છે. આરોપી વતી એડવોકેટ જીજ્ઞેશ એમ. સભાડ, રણજીત બી. મકવાણા, યોગેશ એ.જાદવ તથા મદદનીશમાં અભય ચાવડા, વિક્રમ કિહલા, સંજય મકવાણા, વિશાલ ડેડાણીયા, ગૌરવ જરીયા અને હાઈકોર્ટમાં એડવોકેટ અનીલ એચ. રાઠોડ રોકાયા હતા.

# મોરબી રોડ પર માતા-પિતાના કંકાશથી કંટાળી સગીરે એસિડ પીધું

## છેલ્લા કેટલાક સમયથી ઘરમાં ચાલી રહેલા ગૃહ કલેશથી આપઘાતનો કર્યો પ્રયાસ

**અબતક, રાજકોટ**

શહેરના મોરબી રોડ વિસ્તારમાં ઘરકંકાસથી કંટાળી ૧૭ વર્ષીય સગીરે એસિડ પી લેતા ચકચાર મચી જવા પામી છે. જેને બેભાન હાલતમાં સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.પ્રાપ્ત વિગતો મુજબ, મોરબી રોડ પર ન્યૂ જકાતનાકા નજીક આવેલા ગિરિરાજ પાર્ટી પ્લોટ પાછળ રહેતા નીલ દીપકભાઈ રામાનંદી (ઉં.વ. ૧૭) એ ગઈકાલે સાંજે આશરે પાંચ વાગ્યાના સુમારે પોતાના ઘરે કોઈ કારણોસર ચાલી રહેલા ઘરકંકાસથી કંટાળી જઈ એસિડ ગટગટાવી લીધું હતું. સગીરે ઝેરી પ્રવાહી પી લેતા તેની તબિયત લથડી હતી. જેને લઈ નીલને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, નીલ તેના બે ભાઈ અને બે બહેનોમાં સૌથી મોટો છે. તેના પિતા દીપકભાઈ રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે, જ્યારે નીલ પોતે ચાંદીકામ કરીને પિતાને આર્થિક રીતે મદદરૂપ થતો હતો. હાલમાં સિવિલ હોસ્પિટલ ચોકીના સ્ટાફ દ્વારા આ અંગેની જાણ કરવામાં આવતા પોલીસે નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# પિસ્તોલની અણીએ મહિલાનું અપહરણ કરી દુષ્કર્મ આચરવામાં બુટલેગરના જામીન ફગાવાયા

## ઈંદોર ખાતે કેફી પીણુ પીવડાવી પરાણે શરીર સબંધ બાંધી બગોદરા પાસે કારમાંથી ઉતારી ફરિયાદ કરીશ તો ખાનદાનને પતાવી દેવાની ધમકી આપી તી

**અબતક, રાજકોટ**

શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતી મહિલાને પિસ્તોલ બતાવી અપહરણ કરી દુષ્કર્મ આચરવાના ગુનામાં જેલ હવાલે રહેલા બુટલેગરની જામીન અરજી અદાલતે ફગાવી દીધી છે.વધુ વિગત મુજબ ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતી ૩૮ વર્ષીય મહિલાએ વાછકપર બેડીગામે રહેતો હરેશ મોતી જાદવ સામે દુષ્કર્મ, આર્મ્સ એક્ટ સહિતની કલમ હેઠળ ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી. ફરીયાદમા જણાવ્યું પ્રમાણે હરેશ જાદવે પાંચેક વર્ષ પહેલા તેને રિક્ષામા ઘરે મુકવા આવ્યો ત્યારે ઓળખાણ કરી મોબાઈલ નંબરની આપ-લે કરી હતી. જે બાદ બંને વચ્ચે વાતચીત થતી હતી. ત્રણેક વર્ષ પહેલા આરોપીનો બર્થડે હોય જેથી તેના ઘરે વાછકપર બેડી ગામે બોલાવી મહિલાને પરાણે કેફી પીણુ પીવડાવી તેણી સાથે પરાણે શરીર સબંધ બાંધેલ હતો. જેથી મહિલાએ આરોપી સાથે સબંધ તોડી નાખેલ હતો.બાદ આરોપી કારમાં આવી પિસ્તોલ બતાવી માર મારી અપહરણ કરી ઈંદોર તેના ઓળખીતાના ઘરે લઈ જઈ ત્યાં કેફી પીણુ પીવડાવી અર્ધ બેભાન કરી પરાણે શરીર સબંધ બાંધ્યો હતો. બગોદરા પાસે કારમાંથી ઉતારી જો આ વાત કોઈને કહીશ કે મારી સામે ફરિયાદ કરીશ તો તારા આખા ખાનદાનને પતાવી દઈશ તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી તરછોડી આરોપી નાસી છૂટ્યો હતો. બાદ રાજકોટ પહોંચી ફરીયાદ નોંધાવી હતી. એસઓજીને મળેલ બાતમી આધારે બેડી (વાછકપર) ગામેથી પીસ્ટલ, જીવતા કાર્ટીસ નંગ ૩ સાથે હરેશ ઉર્ફે ભુરો મોતી જાદવ સાથે ધરપકડ કરી હતી. તપાસ પૂર્ણ થતા જેલ હવાલે કર્યો હતો. હાલ જેલમાં રહેલો હરેશ જાદવ જામીન ઉપર છૂટવા સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. જામીન અરજીની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ સરકારી વકીલ મુકેશ પીપળીયા હાજર રહેલ અને જામીન અરજીનો વિરોધ કરતા રજૂઆત કરેલી કે આરોપી સામે સમાજ વિરોધી ગુનો છે. દુષ્કર્મના ગુનામાં આરોપીને જામીન આપવા જોઈએ નહીં જો તેને જામીન આપવામાં આવશે તો તેને કાયદાનો કોઈ ડર રહેશે નહીં તેથી જામીન અરજી રદ કરવા રજૂઆત કરેલ તે રજૂઆતને ધ્યાને લઈ સેશન્સ જજ ટી. એસ બ્રહ્મભટ્ટ આરોપી હરેશ મોતીભાઈ જાદવની રેગ્યુલર જામીન અરજી રદ કરી છે આ કામમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયેલ હતા.

**બાર કાઉન્સિલની ચૂંટણીનો વિવાદ હજુ સમ્યો નથી ત્યાં...**

# ગુજરાત બારની મત ગણતરીમાં વેલીડ અને અનવેલીડ મતોના પારદર્શિતાના નહીં જળવાતા હોવાનો દિલીપભાઈ પટેલનો આક્ષેપ

## કારણ બતાવ્યા વગર અનવેલીડ મત કાઢી નાખવા અને અનવેલીડ મત કોને ગણવા તેની સ્પષ્ટતા કરવાની માંગ સાથે દિલીપભાઈ પટેલે મુખ્ય ચૂંટણી અધિકારીને પત્ર પાઠવતા ચકચાર

**અબતક, રાજકોટ**

ગુજરાત બાર કાઉન્સિલની તાજેતરમાં યોજાયેલી ચૂંટણીની મતગણતરી શરૂ થાય તે પૂર્વે જ બાર વકીલો દ્વારા ચૂંટણી રીટર્નિંગ ઓફિસરોને ધમકી આપવાનો વિવાદ હજુ સમ્યો નથી ત્યાં ગઈકાલથી શરૂ થયેલી મતગણતરી દરમિયાન વેલીડ અને અનવેલીડ મતોની ગણતરીમાં પારદર્શિતા નહીં જળવાતા હોવાના આક્ષેપ સાથે બાર કાઉન્સિલના ઉમેદવાર દિલીપભાઈ પટેલ દ્વારા મુખ્ય ચૂંટણી અધિકારીને પત્ર પાઠવીને કેટલાક પ્રશ્નો ઉજાગર કરતા બાર કાઉન્સિલની ચૂંટણીની મતગણતરીના પ્રશ્નએ ફરી ચકચાર જગાવી છે. ગુજરાત બાર કાઉન્સિલના રાજકોટ સ્થિત ઉમેદવાર દિલીપભાઈ પટેલે બાર કાઉન્સિલના મુખ્ય ચૂંટણી અધિકારી પરીખ ને પત્ર પાઠવીને જણાવેલું છે કે મતગણતરી દરમિયાન અનવેલીડ મતોને કોઈપણ જાતનું કારણ બતાવ્યા વગર કાઢી નાખવામાં આવે છે. તેમજ અનવેલીડ મતો કોને ગણવામાં આવે છે તેની સ્પષ્ટતા



કરવાની દિલીપભાઈ પટેલે માગણી કરી છે. બાર કાઉન્સિલની ચૂંટણીમાં પથમ વાર વેલીડ અને અનવેલીડ મત નો પ્રશ્ન ઉભો થયેલ છે ચૂંટણીની મતગણતરીમાં અનવેલીડ મતો કોને ગણવામાં આવે છે તે હજુ સુધી સ્પષ્ટ થતું ન હોય કેમેરા સામે કે ઉમેદવારોને આવા અનવેલીડ મતો બતાવવામાં આવેલ ન હોય તેથી શંકા ઉભી થાય છે આવા સંજોગોમાં ચૂંટણી હંમેશા પારદર્શક હોવી જોઈએ અને તમામ મતદારો ક્યા કારણસર તેમના મતને અનવેલીડ ગણવામાં આવ્યા છે તે જાણવાનો દરેક મતદારોને અધિકાર છે. આવા સંજોગોમાં ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણીમાં પારદર્શિતા જળવાઈ રહે તે જરૂરી છે ગુજરાત ભરના તમામ મતદારોની માંગણી છે કે અનવેલીડ મતો કોને ગણવામાં આવ્યા છે. તેની સ્પષ્ટતા થવી જરૂરી હોય મત ગણતરી દરમિયાનના અનવેલીડ મતના પ્રશ્નએ યોગ્ય નિર્ણય કરવા અંતમાં દિલીપભાઈ પટેલે ચૂંટણી અધિકારીને ખુલાસો કરવા જણાવ્યું છે.

# શહેરમાં ૨૪ કલાકમાં હાર્ટ એટેકથી ત્રણના મોત

## કારખાનામાં શ્રમિકના,ઘંટેશ્વર નજીક અને એરપોર્ટ રોડ પાસે રાજકૃતિ એપાર્ટમેન્ટમાં પ્રૌઢના હૃદયના ધબકારા અટકી પડ્યા, પરિવારમાં શોક છવાયો

**અબતક, રાજકોટ**

શહેરના અલગ-અલગ વિસ્તારોમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૭ વર્ષીય પરપ્રાંતિય પ્રૌઢ સહિત કુલ ત્રણ વ્યક્તિઓના હાર્ટ એટેકથી મોત નીપજતા ચકચાર મચી જવા પામી છે. બનાવને લઈ પરિવારોમાં અરેટાટી વ્યાપી ગઈ છે. ત્રણેય મૃતકોને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

પ્રથમ બનાવમાં, હાઉસિંગ બોર્ડ ક્વાર્ટરમાં રહેતા ૫૭ વર્ષીય નરશીભાઈ કાનાભાઈ પઢીયાર ગઈકાલે સાંજે ૬ વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતા, ત્યારે અચાનક બેભાન થઈ ગયા હતા. તેમને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. નરશીભાઈ નિવૃત્ત જીવન જીવતા હતા અને તેઓ ૪ પુત્રો તથા ૨ પુત્રીઓના પિતા હતા. બીજા બનાવમાં, એરપોર્ટ રોડ પર આવેલા રાજકૃતિ એપાર્ટમેન્ટમાં રહેતા ૪૭ વર્ષીય શંકરભાઈ ગગનભાઈ ઓડ રાત્રે ૨:૩૦ વાગ્યાની આસપાસ પોતાના ઘરે એકાએક બેભાન થઈ ઢળી પડ્યા હતા. મૂળ મધ્યપ્રદેશના ઈન્દોરના વતની એવા શંકરભાઈનું હોસ્પિટલ પહોંચતા પહેલા જ મોત નીપજ્યું હતું. ત્રીજા બનાવમાં આજી જીઆઈડીસી વિસ્તારમાં આવેલ ભગવતીપરામાં રહેતા ૫૦ વર્ષીય લક્ષ્મણભાઈ હિંમતભાઈ પાટીલ રાત્રે એક વાગ્યાની આસપાસ મેટાલિક ઓટો લાઈનર કંપનીમાં કામ કરી રહ્યા હતા, ત્યારે અચાનક બેભાન થઈ ગયા હતા. બે પુત્રોના પિતા એવા લક્ષ્મણભાઈના મોતથી શ્રમિક પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પોલીસે ત્રણેય મામલે નોંધ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# શહેરમાં નજીવી બાબતે ત્રણ યુવકોએ ઝેરના પારખા કર્યા

## એસ્ટ્રોન ચોક પાસે પત્ની રિસામણે જતા પતિએ ફિનાઈલ પીધું, ૧૫૦ ફૂટ રિંગ રોડ અને ઠક્કરબાપા નગરમા બે યુવાનનો આપઘાતનો પ્રયાસ

**અબતક, રાજકોટ**

શહેરમાં છેલ્લા કેટલાક સમયથી આપઘાતના કિસ્સાઓમાં ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે. શહેરના ૧૫૦ ફૂટ રિંગ રોડ, ઠક્કરબાપા હરિજનવાસ અને એસ્ટ્રોન ચોક જેવા ત્રણ અલગ-અલગ વિસ્તારોમાં બે યુવકો અને એક મહિલાએ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતા ચકચાર મચી ગઈ છે.શહેરના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર બાલાજી હોલ પાસે આવેલ આયુષ યોજનાના ક્વાર્ટરમાં રહેતા જયેશભાઈ લાખાભાઈ પરમાર (ઉં.વ. ૨૫)એ પોતાના ઘરે અગમ્ય કારણોસર ફિનાઈલ પી લીધું હતું. પરિવારજનોને જાણ થતા તેને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. પોલીસે કારણ જાણવા તપાસ હાથ ધરી છે. બીજા બનાવમાં, ઠક્કરબાપા હરિજનવાસમાં રહેતા ગૌરવભાઈ દામજીભાઈ ડંડીયા (ઉં.વ. ૨૨) એ ગઈકાલે રાત્રે ૯:૦૦ વાગ્યાના અરસામાં પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા દોડધામ મચી ગઈ હતી. યુવકની હાલત લથડતા તેને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. ત્રીજા બનાવમાં, પરસાણા વિસ્તારમાં રહેતા કિંજલબેન સનીભાઈ ગડિયલ (ઉં.વ. ૨૨) પતિ સાથેના અણબનાવને કારણે તેઓ પિયર રિસામણે આવ્યા હતા. આજે સવારે ૧૧:૦૦ વાગ્યે એસ્ટ્રોન ચોક પાસે પુજારા મોબાઈલ નજીક તેમણે ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. પતિ સાથે ઝઘડો થતા મનમાં લાગી આવતા આ પગલું ભર્યાનું જાણવા મળ્યું છે. ઉલ્લેખનીય છે કે કિંજલબેનના પતિ કોટક મહિન્દ્રા બેંકમાં પટ્ટાવાળા તરીકે ફરજ બજાવે છે.

# લાલપરી નવાગામમાં દંપતી વચ્ચે ઝઘડા બાદ યુવકનો આપઘાત

## પત્ની રિસામણે જતાં પતિને માઠું લાગી આવતા જીવન ટૂંકાવ્યુ, પરિવારમાં શોક છવાયો

**અબતક, રાજકોટ**

શહેરના લાલપરી નવાગામ વિસ્તારમાં પત્ની રિસામણે ચાલી જતાં માઠું લાગી આવવાથી ૩૬ વર્ષીય યુવકે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. બનાવને લઈ પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.પ્રાપ્ત વિગતો મુજબ મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ રાજકોટના નવાગામના ઢાળિયા પાસે લાલપરી વિસ્તારમાં રહેતા રામબાબુ લાલુરામ કુશવાહ (ઉં.વ. ૩૬) ઘુઘરા બનાવીને વેચવાનું કામ કરતા હતા. સોમવારે રાત્રે જ્યારે રામબાબુ સૂવાની તૈયારી કરી રહ્યા હતા, ત્યારે તેમના પત્ની ઘરે ઈમિટેશનના મશીન પર કામ કરી રહ્યા હતા.

મશીનના અવાજને કારણે ઊંઘ ન આવતી હોવાથી રામબાબુએ પત્નીને અત્યારે કામ બંધ કરી દેવા જણાવ્યું હતું. આ બાબતે દંપતી વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. રાત્રે થયેલો ઝઘડો મંગળવારે સવારે પણ ચાલુ રહ્યો હતો. બોલાચાલી વધતા પત્ની પોતાના બે સંતાનોને લઈને લાલપરીમાં જ આવેલા તેના પિયર (માવતરે) જતી રહી હતી. રામબાબુના ભાઈ મંગલભાઈ (જેમના લગ્ન પણ પત્નીની સગી બહેન સાથે જ થયા છે) એ રામબાબુને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પત્ની પરત ન આવતા રામબાબુએ બપોરના એક વાગ્યાની આસપાસ ઘરે ગળાફાંસો ખાઈ લીધો હતો. બનાવની જાણ થતા જ બી-ડિવિઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ સોલંકી અને તેમની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ૧૦૮ના ઈએમટીએ યુવાનને મૃત જાહેર કરતા પોલીસે જરૂરી પંચનામું કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક રામબાબુ ઘૂઘરા બનાવવાનું કામ કરતો હતો અને તેની રેકડી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. તેને સંતાનમાં એક દીકરી અને બે દીકરા છે. પિતાના આ આકસ્મિક પગલાને કારણે ત્રણેય બાળકોએ પિતાની છત્રછાયા ગુમાવી છે અને પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

### સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં

# “પંજા”ના પ્રતીક પરથી કોર્પોરેશનની ચૂંટણી લડવી છે? ક્યું આર કોડ સ્કેન કરો

## મહાપાલિકાની ચૂંટણી લડવા ઈચ્છુકો ક્યુઆર કોડ સ્કેન કરી અરજી કરી શકશે

### જુનાગઢ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ તરીકે અમિત પટેલની વરણી

### ખેડાના પ્રમુખપદે મહેન્દ્રસિંહ રાણાની નિયુકિત

સ્થાનીક સ્વરાજયની ચુંટણીના આડે હવે ગણતરીના મહિનાઓ બાકી રહ્યા છે. ત્યારે કોંગ્રેસ હાઈ કમાન્ડ દ્વારા જુનાગઢ અને ખેડા જીલ્લા કોંગ્રેસ પ્રમુખના નામની જાહેરાત કરવામાં આવી છે. જુનાગઢ જીલ્લા કોંગ્રેસ પ્રમુખ તરીકે અમિતભાઈ પ્રવિણભાઈ પટેલની નિયુકિત કરવામાં આવી છે. જયારે ખેડા જિલ્લાના પ્રમુખ તરીકે મહેન્દ્રસિંહ બનેસિંહ રાણાની વરણી કરવામાં આવી છે.



**અબતક, રાજકોટ**

સ્થાનિક સ્વરાજ્યની આગામી ચૂંટણી માટે ઉમેદવારોની પસંદગી માટે કોંગ્રેસ દ્વારા આજથી આગામી ૨૦મી માર્ચ સુધી કવાયત હાથ ધરવામાં આવશે. નિરીક્ષકો રૂબરૂ થઈ ઈચ્છુકોને સાંભળીને પેનલ તૈયાર કરવામાં આવશે. દરમિયાન મહાપાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસના પ્રતીક પરથી ચૂંટણી લડવા ઈચ્છુકો માટે એક ક્યુઆર કોડ લોન્ચ કરવામાં આવ્યો છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે ગુજરાતમાં ટૂંક સમયમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીઓ યોજાવાની છે. સીમાંકનની પ્રક્રિયાને કારણે આ ચૂંટણીઓમાં વિલંબ થયો હતો, પરંતુ હવે રાજ્યભરમાં ચૂંટણી માટેની તૈયારીઓ (અનુ. આઠમા પાને)

### કોંગ્રેસ ૧૦,૦૦૦ બેઠકો પરથી ચૂંટણી લડવાની વાત કરે છે, તેટલા કાર્યકરો છે ખરા? ભાજપનો સવાલ

#### પાંચ વર્ષે માત્ર ચૂંટણી ટાણે જ દેખાતા કોંગ્રેસના નેતાઓને આ વખતે પણ જનતા આકરો પાઠ ભણાવશેઃ ડો.અનિલ પટેલ

સ્થાનિક સ્વરાજ્યની ૧૦ હજાર બેઠકો પર ચૂંટણી લડવાની વાતો કરતી કોંગ્રેસ પાસે વાસ્તવમાં ૧૦ હજાર સક્રિય કાર્યકરો પણ નથી બચ્યા. ૧૫ મહાનગરોમાં ઉમેદવારો શોધવા માટે કોંગ્રેસે ક્યુઆર કોડનો સહારો લેવો પડે છે, તે જ સાબિત કરે છે કે કોંગ્રેસ પાસે જમીની સ્તર પર કોઈ સક્ષમ ઉમેદવાર બચ્યા નથી.

યુવા પ્રતિનિધિત્વ અંગે કોંગ્રેસ પર કટાક્ષ કરતા તેઓએ જણાવ્યું કે, કોંગ્રેસ ૫૦ ટકા યુવાનોને ટિકિટ આપવાની વાતો કરે છે, પરંતુ તેમની ચૂંટણી સમિતિમાં બેઠેલા નેતાઓની ઉંમર જોતા જ તેમની કથની અને કરણી વચ્ચેનો તફાવત સ્પષ્ટ થઈ જાય છે.

મતદાર યાદી સુધારણા મુદ્દે કોંગ્રેસની બેવડી નીતિને ખુલ્લી પાડતા ડો. પટેલે પ્રશ્ન કર્યો હતો કે, જો કોંગ્રેસ આ પ્રક્રિયા માટે ગંભીર હતી, તો ૨૦૦૪ થી ૨૦૧૪ દરમિયાન યુપીએ સરકારમાં શા માટે આ પ્રક્રિયા ન કરી? વાસ્તવમાં કોંગ્રેસે જે ડુપ્લીકેટ અને ડબલ મતદારો ઊભા કર્યા હતા, તેમના નામ કમી (અનુ. આઠમા પાને)

# રાજકોટ સહિત ૬ જિલ્લામાં આજે ઓરેન્જ એલર્ટઃ ૧૨ જિલ્લામાં યલો એલર્ટ જાહેર

## રાજયના અનેક વિસ્તારોમાં આજે મહતમ તાપમાનનો પારો ૪૨ ડિગ્રીની પાર પહોચશે

### રાજકોટ ૪૨ ડિગ્રી સાથે રાજયનું સૌથી ગરમ શહેરઃ રાજયના આઠ શહેરોમાં મહતમ તાપમાન ૪૧ ડિગ્રીને પાર

| કયાં શહેરનું કેટલુ તાપમાન | |
|---|---|
| રાજકોટ | ૪૨ ડિગ્રી |
| સુરેન્દ્રનગર | ૪૧.૭ ડિગ્રી |
| અમદાવાદ | ૪૧.૪ ડિગ્રી |
| વલ્લભ વિદ્યાનગર | ૪૧.૩ ડિગ્રી |
| દિવ | ૪૧.૩ ડિગ્રી |
| વડોદરા | ૪૧ ડિગ્રી |
| ડિસા | ૪૧ ડિગ્રી |
| ભૂજ | ૪૧ડિગ્રી |
| ગાંધીનગર | ૪૦.૮ ડિગ્રી |
| સુરત | ૪૦.૨ ડિગ્રી |
| અમરેલી | ૪૦.૩ ડિગ્રી |
| પોરબંદર | ૪૦.૯ ડિગ્રી |
| વેરાવળ | ૪૦.૮ ડિગ્રી |
| મહુવા | ૪૦.૬ ડિગ્રી |

**અબતક, રાજકોટ**

ઉનાળાના આરંભે સૂર્ય નારાયણ લાલચોળ બની આકાશમાંથી આગ ઓકી રહ્યા છે. માર્ચના બીજા સપ્તાહમાં જ તાપમાનનો પારો ૪૨ ડિગ્રીએ આંબી ગયો છે. દરમિયાન આજે હવામાન વિભાગ દ્વારા રાજયના છ શહેરોમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જયારે ૧૨ જિલ્લાઓમાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે. આજે અનેક શહેરોમાં તાપમાન ૪૨ ડિગ્રીને પાર થઈ જશે.

મંગળવારે ૪૨ ડિગ્રી સાથે રાજકોટ રાજયનું સૌથી ગરમ શહેર રહ્યું હતુ. આઠ શહેરોમાં મહતમ તાપમાન ૪૧ ડિગ્રીથી વધુ નોંધાયું હતુ. દરમિયાન આજે રાજયના છ જિલ્લાઓમાં ગરમી માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. રાજકોટ ઉપરાંત સુરેન્દ્રનગર, કચ્છ, પાટણ અને બનાસકાંઠા સહિતના વિસ્તારોમાં આજે મહતમ તાપમાનનો પારો ૪૨ ડિગ્રીને પાર પહોચશે. તેવી સંભાવના વ્યકત કરવામાં આવી છે.

આ ઉપરાંત ભાવનગર, બોટાદ, અમરેલી, વડોદરા, સુરત, અમદાવાદ, ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે. મંગળવારે સૂર્યનારાયણ જાણે આગ ઓકતા હોય તેવી અંગ દઝાડતી ગરમીનો અહેસાસ ગુજરાતની જનતાએ કર્યો હતો. અમદાવાદનું મહતમ તાપમાન ૪૧.૪ ડિગ્રી ડિસાનું મહતમ તાપમાન ૪૧ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૪૦.૮ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરનું તાપમાન ૪૧.૩ ડિગ્રી, (અનુ. આઠમા પાને)

### રાત ઉજાગરા પણ બંધ થશે

# ખેડૂતોને એક જ શિફટમાં સળંગ આઠ કલાક વીજળી આપશે સરકાર

## સવારે ૭ થી સાંજના ૫ વાગ્યા સુધી સિંચાઈ માટે વીજળી આપવા માટેનું આયોજન

**અબતક, રાજકોટ**

રાજય સરકાર દ્વારા હાલ ખેડુતોને અલગ અલગ બે શિફ્ટમાં આઠ કલાક વીજળી આપવામાં આવે છે. રાત્રિના સમયે પણ વીજળી આપવામાં આપવતી હોવાના કારણે જગતાતે નાછુટકે રાત ઉજાગરા વેઠવા પડે છે. હવે ખેડૂતોને સવારે ૭ વાગ્યાથી લઈ સાંજના ૫ વાગ્યા સુધી એક જ શિફ્ટમાં સળંગ આઠ કલાક વીજળી આપવામાં આવશે.

ઊર્જા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ધાર્મિક, પર્યટક સ્થળો અને ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં વીજ સુરક્ષા વધારવા માટે અંડરગ્રાઉન્ડ કેબલિંગ કરવા વર્ષ ૨૦૨૫-૨૬ માં રૂ. ૭૪.૬૦ કરોડનો ખર્ચ કરાયો છે અને ૨૦૨૬-૨૭ માટે રૂ. ૧૦૦ કરોડની જોગવાઈ કરાઈ છે.

રાજ્ય સરકારના ભવિષ્યલક્ષી અભિગમ અંતર્ગત જેમ જેમ સૂર્ય ઊર્જાની ઉપલબ્ધતા વધતી જાય તેમ બે શિફ્ટના બદલે સવારે ૭.૦૦ થી સાંજે ૫.૦૦ દરમ્યાન એક જ શિફ્ટમાં ખેડૂતોને આઠ કલાક સંપૂર્ણપણે દિવસે વીજળી આપવાનું આયોજન છે.

યાત્રાધામ વિકાસ માટે રાજ્યના યાત્રાધામોમાં સતત અને ગુણવત્તાયુકત વીજ પુરવઠો જળવાઈ રહે અને વીજ સુરક્ષાનું સ્તર વધે તથા સ્વચ્છ ઊર્જાને પ્રોત્સાહન મળે તે હેતુસર યાત્રાધામોને ગ્રીન એન્ડ સેફ ઝોનમાં વિકસિત કરવા માટે વર્ષ ૨૦૨૬-૨૭માં નવી બાબત તરીકે રૂ. ૧૦૦ કરોડ ની જોગવાઈ કરવામાં આવી છે.

ગુજરાત વાયર ફ્રી સીટી મિશન અંતર્ગત રાજ્યના શહેરી વિસ્તારોમાં હયાત ઓવરહેડ લાઈન જેવી કે ૬૬ કેવી, ૧૧કેવી તથા એલ.ટી. લાઈનોને અંડરગ્રાઉન્ડ કેબલમાં રૂપાંતરિત કરવા, શહેરી વિસ્તારોમાં વીજ પુરવઠાની વિશ્વસનીયતા અને ગુણવત્તામાં સુધારો કરવા તેમજ જાહેર સલામતી અને શહેરોની સુંદરતામાં વધારો કરવા તથા રાજયને કોમનવેલ્થ અને ઓલમ્પિક રેડી બનાવવા માટે એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. જે અંતર્ગત, તબક્કાવાર તમામ મહાનગરપાલિકાઓ અને (અનુ. આઠમા પાને)

# ગુજરાતમાં હવે ‘એસેટ સૅફટી મોનિટરિંગ પોર્ટલ’: રોડ-બ્રિજનું સતત નિરીક્ષણ થશે

## રાજ્યની ૧.૫ લાખથી વધુ સરકારી સંપત્તિઓનું થશે ડિજિટલ મોનિટરિંગ

### જીએડીનું મોનિટરિંગ સેલઃ ઉચ્ચ કક્ષાએથી સીધી નજર

જીએડીમાં રચાયેલ ડેડિકેટેડ એસેટ સેફ્ટી મોનિટરિંગ સેલ રાજ્ય કક્ષાએ ડેલી મોનિટરિંગ કરશે તથા મુખ્ય સચિવને નિયમિત રિપોર્ટ સોંપશે. આ વ્યવસ્થા મુખ્યમંત્રીની નેમ તથા ગ્રાઉન્ડ ઈમ્પ્લિમેન્ટેશન વચ્ચે કોઈ અંતર ન રહે; એ સુનિશ્ચિત કરશે. આમ; મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો એસેટ સેફ્ટી મોનિટરિંગ પોર્ટલ લાગુ કરવાનો નિર્ણય ગુજરાતના વહીવટી ઈતિહાસમાં એક માઈલ સ્ટોન સાબિત થશે. આ માત્ર એક પોર્ટલ નથી; પણ સલામત, પારદર્શક અને વિશ્વાસનીય ગુજરાતના મજબૂત પાયા સમાન છે.

**અબતક, રાજકોટ**

નાગરિકોની સલામતી તથા જાહેર મિલ્કતોના સંરક્ષણને ટોચની પ્રાથમિકતા આપતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે ‘એસેટ સેફ્ટી મોનિટરિંગ પોર્ટલ’ અમલી બનાવવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝન હેઠળ કરવામાં આવેલા આ નિર્ણય સાથે જ; હવે રાજ્યમાં હયાત રોડ, બ્રિજ, બિલ્ડિંગ સહિત તમામ સરકારી તેમજ જાહેર ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું રાજ્ય કક્ષાએથી ઈન્ટીગ્રેટેડ મોનિટરિંગ થશે કે જેથી કોઈ પણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સામાન્ય પ્રજાની સલામતી માટે જોખમકારક ન બને.

આ નિર્ણય માત્ર એક ટેક્નિકલ ઈનોવેશન નથી; પણ (અનુ. આઠમા પાને)

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે બજેટમાં
₹24,022 કરોડની જોગવાઈ



ખેડૂતની હંમેશાં રાખે દરકાર,
કૃષિસમૃદ્ધિ માટે કટિબદ્ધ ગુજરાત સરકાર

કૃષિ વ્યવસ્થાને પ્રાધાન્ય
• ખેડૂતોને વીજ સહાય આપવા ₹9324 કરોડની જોગવાઈ
• કૃષિ યાંત્રિકીકરણ અંતર્ગત ટ્રેક્ટર ખરીદી સહાય માટે ₹800 કરોડની જોગવાઈ
• નાના ગોડાઉન બનાવવા "મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજના" હેઠળ ₹154 કરોડની જોગવાઈ

ખેતી ક્ષેત્રે અદ્યતન ટેક્નૉલૉજી માટે જોગવાઈ
અદ્યતન ડ્રોન ટેક્નૉલૉજીના ઉપયોગને પ્રોત્સાહન આપવા અને સીડ રિપ્લેસમેન્ટ રેટમાં વધારો કરવા ₹77 કરોડની જોગવાઈ

કૃષિ યુનિવર્સિટીઓ માટે ખાસ જોગવાઈ
કામધેનુ યુનિવર્સિટીના પશુ વિજ્ઞાન, ડેરી વિજ્ઞાન અને મત્સ્ય વિજ્ઞાનની વિવિધ યોજનાઓ માટે ₹424 કરોડની જોગવાઈ

પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન
પ્રાકૃતિક કૃષિની વિવિધ પ્રવૃત્તિઓ માટે ₹392 કરોડની જોગવાઈ

મત્સ્યોદ્યોગમાં માળખાકીય સુવિધા
મત્સ્યોદ્યોગ સાથે સંકળાયેલ શ્રમિકોને માટે ડીઝલ ખરીદી પર વેટ (VAT) વેરા રાહત સહાય માટે ₹300 કરોડની જોગવાઈ




"ખેડૂતોના આર્થિક ઉત્કર્ષ અને આધુનિક કૃષિને કેન્દ્રમાં રાખીને તૈયાર કરાયેલું આ બજેટ, આપણા અન્નદાતાઓને વધુ સદ્ધર બનાવશે. નવી ટેક્નોલૉજી અને પ્રાકૃતિક ખેતીના સમન્વયથી આપણે ગુજરાતના કૃષિ ક્ષેત્રને નવી ઊંચાઈઓ પર લઈ જઈશું."
- શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત